દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 9 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 January 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૧૦ જાન્યુઆરી ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯ LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# રાજકોટમાં ૬ કલાકમાં ભૂકંપના ૧૧ આંચકાથી ફફડાટ

## ▶ ગભરાટમાં લોકો ઘરની બહાર દોડી આવ્યા ▶ ધોરાજી-જેતપુરમાં સ્કૂલમાં રજા આપી દેવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: રાજકોટમાં બપોરે ૧૨ સુધીમાં ભૂકંપના ૧૧ આંચકા અનુભવાયા, લુણાગરી ગામ નજીક કેન્દ્ર બિંદુ નોંધાયું હતું. રાજકોટ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં રાત્રિના સમયે ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં લોકો ધ્રુજારીના કારણે ઘરની બહાર દોડી આવ્યા હતા. આ કુદરતી ઘટનાએ ફરી એકવાર ભૂકંપ પ્રત્યેની સાવચેતી અને સજ્જતાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. સદનસીબે, આ આંચકાને કારણે કોઈ જાનમાલના નુકસાનના સમાચાર હજુ સુધી પ્રાપ્ત થયા નથી. રાજકોટ જિલ્લાના જેતપુરમાં ગઇકાલ સાંજથી આજે બપોરે ૧૨ સુધીમાં ૧૨ જેટલા ભૂકંપના આંચકા અનુભવાયા હતાં.

તંત્ર દ્વારા સલામતીને ધ્યાને રાખતા ધોરાજી-જેતપુરની તમામ શાળાઓમાં રજાઓ જાહેર કરવામાં આવી છે. બીજી તરફ સિસ્મોલોજી વિભાગે જેતપુર, ઉપલેટા અને ધોરાજીના મામલતદાર પાસે રિપોર્ટ માંગ્યો છે. રાજકોટમાં ૭ તારીખે સાંજે ૮ વાગ્યા ને ૪૩ મિનિટે પહેલો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્રબિંદુ ઉપલેટાથી ૩૦ કિલોમીટર દૂર નોંધાયું હતું. જ્યારે ગઈકાલે વહેલી સવારે છ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં ૧૧ આંચકા અનુભવાયા હતાં. તેની તીવ્રતા ૨.૬ થી ૩.૮ની નોંધાઈ હતી. આ તમામ આંચકાનું કેન્દ્રબિંદુ જેતપુરના લુણાગરી ગામ આજુબાજુ જ નોંધાયું હતું. વહેલી સવારથી ઉપરા ઉપરી ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. ખાસ કરીને જેતલસર, પેઢલા અને સરધારપુર સહિતના આસપાસના ગામોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. સતત ભૂકંપના આંચકાથી સલામતીને લઇને રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ દ્વારા ધોરાજી અને જેતપુરની તમામ શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. ■

## લાલુ ઍન્ડ ફૅમિલીના દિવસો ભરાઈ રહ્યા છે

### નોકરી માટે જમીન કૌભાંડમાં લાલુ, પરિવારજનો સામે આરોપો ઘડવાનો કોર્ટનો આદેશ

નવી દિલ્હી: 'નોકરી માટે જમીન' કૌભાંડને મામલે રાષ્ટ્રીય જનતા દળ (રાજદ)ના વડા અને ભૂતપૂર્વ રેલવે પ્રધાન લાલુ યાદવ, તેમના પરિવારજનો અને અન્યો વિરુદ્ધ આરોપો ઘડી કાઢવાનો દિલ્હી કોર્ટે શુક્રવારે આદેશ આપ્યો હતો.

વિશેષ ન્યાયાધીશ વિશાલ ગોગનેએ કહ્યું હતું કે ગુનો કરવા લાલુ યાદવે રેલવે તંત્રનો ખાનગી જાગીર તરીકે ઉપયોગ કર્યો હતો. લાલુ યાદવ, તેમનાં પરિવારના સભ્યો અને નિકટના સાથીદારોએ રેલવેના અધિકારીઓ સાથે મળીને રેલવેમાં નોકરી અપાવવાનો જમીન હસ્તગત કરવા માટે ઉપયોગ કર્યો હતો.

જમીન હડપ કરવા લાલુ યાદવ અને તેમના પરિવારજનો સહિત અન્યો ગુનાઈત કાવતરું કર્યું હોવાનું જણાવી તેમણે આરોપીઓની તેમને મુક્ત કરવાની અરજી નકારી કાઢી હતી.

કેસને મામલે કોર્ટે ૪૧ વ્યક્તિ વિરુદ્ધ આરોપો ઘડી કાઢ્યા હતા અને રેલવે અધિકારીઓ સહિત બાવન જણને (જુઓ પાનું ૨) ▶▶

## હવે ફાઈનલ, રવિવાર પહેલી ફેબ્રુઆરીએ બજેટ

નવી દિલ્હી: પહેલી ફેબ્રુઆરી ૨૦૨૬ રવિવારના રોજ કેન્દ્રીય બજેટ સંસદમાં રજૂ કરવામાં આવશે, એમ કૅબિનેટ કમિટી ઑન પાર્લામેન્ટરી અફેર્સ (સીસીપીએ) દ્વારા શુક્રવારે બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીએ શરૂ થશે અને બે એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલશે. પ્રથમ તબક્કો ૧૩ ફેબ્રુઆરીએ પૂરો થશે. બજેટ સત્રનો બીજો તબક્કો ૯ માર્ચ ૨૦૨૬ના રોજ શરૂ થશે. ૨૯ જાન્યુઆરીએ ઈકોનોમિક સર્વે ૨૦૨૫-૨૬ રજૂ કરવામાં આવશે. કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ પહેલી ફેબ્રુઆરી ૨૦૨૬ના રજૂ કરવામાં આવશે. (એજન્સી) ■




**લોહરી:** પંજાબના અમૃતસરમાં શુક્રવારે 'લોહરી' તહેવાર અગાઉ પતંગની દુકાનોમાં ગ્રાહકો. (એજન્સી)

### ટ્રમ્પ સરકારનો વડા પ્રધાન મોદીને ફરી ઘોંચપરોણો

## 'મોદીએ ટ્રમ્પને ફોન ન કર્યો એટલે ટ્રેડ ડીલ ઘોંચમાં પડી'

વોશિંગ્ટન: અમેરિકાના વાણિજ્ય પ્રધાન હાવર્ડ લુટનિકે ભારત સાથેના વેપાર કરાર અંગે એક મહત્ત્વપૂર્ણ ખુલાસો કર્યો છે. તેમનો દાવો છે કે અમેરિકા-ભારત વેપાર કરાર અટકવાનું કારણ નરેન્દ્ર મોદી અને ડોનલ્ડ ટ્રમ્પ વચ્ચે વાતચીતનો અભાવ છે. લુટનિકે એક ઈન્ટરવ્યૂમાં દાવો કર્યો હતો કે ભારત સાથેની અમેરિકાની ટ્રેડ ડીલ પૂર્ણ થઈ શકી નહીં કારણ કે ભારતીય વડા પ્રધાન મોદીએ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ફોન કર્યો ન હતો.

ભારત-અમેરિકા વેપાર કરાર અંગે લુટનિકે કહ્યું હતું (જુઓ પાનું ૨) ▶▶

### આઠ ફોન થયા હતા: દિલ્હી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પને ફોન ન કર્યો હોવાને કારણે બંને દેશ વચ્ચેના વેપારી કરાર ન થઈ શક્યા હોવાનાં અમેરિકાના વાણિજ્ય પ્રધાન હાવર્ડ લુટનિકે કરેલાં નિવેદનને ભારતે ભૂલભરેલું લેખાવ્યું હતું. વિદેશ (જુઓ પાનું ૨) ▶▶

### 'અમારી જનતા માટે સસ્તું તેલ અમારું ફોકસ'

#### ટૅરિફ વિશે ભારતનો જવાબ

નવી દિલ્હી: અમેરિકા ભારત પર પાંચસો ટકા ટૅરિફ લાદવાની તૈયારી કરી રહ્યું હોવા વચ્ચે ભારતના રણનીતિકારોએ અમેરિકાને વળતો જવાબ આપતાં કહ્યું છે કે ભારતનું લક્ષ્ય દેશના ૧૪૦ કરોડ નાગરિકોને (જુઓ પાનું ૨) ▶▶



**વિરોધપ્રદર્શન:** રાજકીય સલાહકાર કંપની આઈપૅક પર ઈડી દ્વારા પાડવામાં આવેલા દરોડાના વિરોધમાં પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન અને ટીએમસીનાં વડાં મમતા બેનરજીએ શુક્રવારે કોલકાતામાં પક્ષના નેતાઓ સાથે વિરોધપ્રદર્શનની આગેવાની લીધી હતી. (એજન્સી)

## હિમાચલમાં ખાનગી બસ ૫૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડતાં ૧૩નાં મોત

નાહન : હિમાચલ પ્રદેશના સિરમૌર જિલ્લામાં શુક્રવારે બપોરે એક ખાનગી બસ ૫૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડતાં ૧૩ લોકોના મોત થયા હતા જ્યારે લગભગ ૩૫ અન્ય ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

શિમલાથી રાજગઢ થઈને કુપવી જઈ રહેલી બસ રસ્તા પરથી ઉતરી ગઈ હતી અને રસ્તાની બાજુની ખીણમાં પડી ત્યારે આ અકસ્માત થયો હતો.

અકસ્માત પછી સ્થાનિક લોકો બચાવ માટે દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ અને અન્ય અધિકારીઓ પણ કામે લાગી ગયા છે.

બચાવ કામગીરીનું નિરીક્ષણ કરી રહેલા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (એસડીએમ), સુનિલ કાયથએ જણાવ્યું હતું કે નવ મુસાફરના મોત થયા છે જ્યારે લગભગ ૩૫ ઘાયલ થયા છે.

તેમણે જણાવ્યું હતું કે બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે અને તમામ ઘાયલો અને મૃતકોને નજીકના સંગ્રાહ અને દદાહુ હોસ્પિટલોમાં લઈ જવામાં આવી રહ્યા છે. અકસ્માતમાં થયેલ જાનહાનિ પર દુ:ખ વ્યક્ત કરતા, મુખ્ય પ્રધાન સુખવિંદર સિંહ સુખુએ અહીં જારી કરેલા એક નિવેદનમાં જિલ્લા અધિકારીઓને અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના નજીકના સંબંધીઓને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવા અને ઘાયલોને શ્રેષ્ઠ તબીબી સારવાર પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો છે.

ઉદ્યોગ પ્રધાન અને શલ્લાઈ વિધાનસભા ક્ષેત્રના સ્થાનિક ધારાસભ્ય હર્ષવર્ધન ચૌહાણે જણાવ્યું હતું કે જિલ્લા વહીવટીતંત્રને અલર્ટ પર રાખવામાં આવ્યું છે, અને દાદાહુ, સંગ્રાહ અને નાહન હોસ્પિટલના તબીબી ટીમો અને ડોકટરો કટોકટી માટે તૈયાર છે.

તેમણે કહ્યું કે અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી અને ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો.

સ્થળ પર હાજર સ્થાનિક લોકોને શંકા છે કે બસ ડ્રાઇવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હશે, જેના કારણે બરફ જમા થવાને કારણે તે રસ્તા પરથી લપસી ગઈ હશે. સોશ્યલ મીડિયા પર ફરતા વીડિયોમાં, મોટી ભીડ બચાવ કામગીરીમાં મદદ કરતી જોવા મળે છે, ઘાયલોને બસના કાટમાળમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરી રહી છે. ■

## ભારત સાથે સહયોગ વધારવા ફ્રાન્સ તત્પર છે: મેક્રોનનો સંકેત

નવી દિલ્હી: અમેરિકાની આક્રમક આંતરરાષ્ટ્રીય નીતિઓ અને બદલાતા વૈશ્વિક સમીકરણો વચ્ચે ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને ભારતની સ્વાયત્તતાનું સમર્થન કર્યું છે. પેરિસમાં ભારતીય વિદેશ પ્રધાન એસ. જયશંકર સાથેની મુલાકાત દરમિયાન તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ભારત હવે કોઈની જાગીર કે ગુલામ બની શકે તેમ નથી. તેમણે એમ પણ કહેલું કે ભારત પોતાની વ્યૂહાત્મક સ્વતંત્રતા સાથે કોઈ પણ સંજોગોમાં સમજૂતી કરવા તૈયાર નથી.

મેક્રોન આવતા મહિને જ ભારતની મુલાકાતે પણ આવી આવવાના છે.

વૈશ્વિક સ્તરે વધી રહેલા તણાવ અને ટ્રમ્પની કડક ટેરિફ નીતિઓ વચ્ચે ભારતે જે મક્કમ વલણ અપનાવ્યું છે, તેની ફ્રાન્સે ખુલ્લા મને પ્રશંસા કરી છે.

મેક્રોને સંકેત આપ્યો કે ભારતની વૈશ્વિક સ્વીકાર્યતા સતત વધી રહી છે. અત્રે નોંધવું રહ્યું કે, જ્યારે અમેરિકાએ પોતાને ૬૬ જેટલા આંતરરાષ્ટ્રીય સંગઠનોથી અલગ કરી લીધું છે, ત્યારે ભારતે 'ગ્લોબલ સાઉથ'ના નેતૃત્વમાં પોતાની ભૂમિકા મજબૂત કરી છે. આવતા મહિને દિલ્હીમાં યોજાનારી 'એઆઈ ઈમ્પેક્ટ સમિટ'માં મેક્રોન ઉપરાંત બ્રાઝિલના રાષ્ટ્રપતિ અને કેનેડાના વડાપ્રધાન પણ હાજરી આપવાના છે.

વિદેશ પ્રધાન એસ. જયશંકરે પેરિસમાં ફ્રાન્સના વિદેશ પ્રધાન અને અન્ય યુરોપિયન નેતાઓ સાથે મુલાકાત કરી હતી. તેમણે પોલેન્ડ અને જર્મનીના નેતાઓ સાથે પ્રથમ 'ભારત-વેઈમર ફોર્મેટ' બેઠકમાં પણ ભાગ લીધો હતો, જેમાં ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર અને યુક્રેન સંઘર્ષ જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. જયશંકરે સ્પષ્ટ કર્યું કે ભારત અને યુરોપના સંબંધો હવે આગલા સ્તર પર પહોંચવા માટે તૈયાર છે. આ મુલાકાત દરમિયાન મેક્રોને પ્રોટોકોલ તોડીને જયશંકરનું સ્વાગત કર્યું હતું. ■

## છત્તીસગઢમાં ૧૮ મહિલા સહિત ૬૩ નક્સલવાદીઓનું આત્મસમર્પણ

દંતેવાડા: છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં નક્સલવાદીઓ વિરુદ્ધના અભિયાનમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. જેમાં ૧૮ મહિલાઓ સહિત ૬૩ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. જેમાંથી ૩૬ નક્સલીઓ પર એક કરોડથી વધારેના ઇનામ જાહેર કરવામાં આવ્યા હતા. આ નક્સલવાદીઓએ વરિષ્ઠ પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું. આત્મસમર્પણ કરનારા નક્સલીઓમાં પશ્ચિમ બસ્તર ડિવિઝન કમિટીના સેક્રેટરી મોહન કડ્ટીનો પણ સમાવેશ થાય છે. જેમણે તેમની પત્ની સાથે આત્મસમર્પણ કર્યું હતું. આ આત્મસમર્પણ માત્ર છત્તીસગઢના નક્સલવાદીઓ પૂરતું મર્યાદિત નથી પરંતુ રાજ્યની બહારના નક્સલવાદીઓ પણ તેમાં સામેલ છે. આ સૂચવે છે કે રાજ્ય પોલીસ અને સુરક્ષા દળો નક્સલવાદ સામે અસરકારક કાર્યવાહી કરી રહ્યા છે. કેન્દ્ર સરકારના ઘર વાપસી અભિયાન હેઠળ નક્સલવાદીઓને મુખ્ય પ્રવાહમાં પાછા લાવવાના પ્રયાસો સફળ સાબિત થઈ રહ્યા છે. તેમજ સરકારની પુનર્વસન નીતિઓ હેઠળ આત્મસમર્પણ કરાયેલા નક્સલવાદીઓને મુખ્ય પ્રવાહમાં સમાવવામાં મદદ કરશે. તેમને વધુ સારા જીવન માટે તકો પૂરી પાડવામાં આવશે. આ સફળતાથી પ્રદેશમાં સુરક્ષા સ્થિતિમાં સુધારો થવાની અને વિકાસ કાર્યને વેગ મળવાની અપેક્ષા છે. ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે ૩ જાન્યુઆરીના રોજ છત્તીસગઢના બસ્તર ડિવિઝનમાં નક્સલવાદને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે સુરક્ષા દળોએ રચેલી વ્યુહરચનામાં વધુ એક મોટી જીત મળી હતી.

સુકમા જિલ્લાના ગાઢ જંગલોમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં જવાનોએ ૧૨ નક્સલીઓ માર્યા ગયા હતા. આ ઓપરેશનથી નક્સલી સંગઠનોને મોટો ફટકો પડ્યો છે અને સુરક્ષા દળોનું મનોબળ વધ્યું છે. રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર લાંબા સમયથી આ વિસ્તારમાં સક્રિય નક્સલી કેડરને ખતમ કરવા માટે આક્રમક અભિયાન ચલાવી રહ્યા છે. ■

**રિહર્સલ:** જયપુરમાં શુક્રવારે મહલ રોડ પર ૭૮મા આર્મી ડે પરેડના ફૂલ ડ્રેસ રિહર્સલ દરમિયાન બાઈક પર કરતબ દાખવી રહેલા ભારતીય સેનાના જવાનો. (એજન્સી)



## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# લાલુના મહાભ્રષ્ટ પરિવારને કેમ કશું થતું નથી?

**ભારતમાં** સૌથી ભ્રષ્ટ રાજકારણી પરિવારોમાંથી એક લાલુપ્રસાદ યાદવના પરિવારનો પગ પાછો કુંડાળામાં પડ્યો છે અને કોર્ટે આખા પરિવાર સામે 'લેન્ડ ફોર જોબ કેસ'માં આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે. 'લેન્ડ ફોર જોબ કેસ' વરસોથી ગાજે છે પણ આ દેશમાં ન્યાયતંત્ર રગશિયાં ગાડાની જેમ ચાલે છે એટલે અત્યાર લગી આરોપો જ નહોતા ઘડાયા. સીબીઆઈએ કૌભાંડમાં સંડોવાયેલા ૧૦૩ આરોપીઓ સામે તપાસ કરેલી પણ તેમાંથી પાંચનાં મોત થઈ જતાં બાકીના ૯૮ લોકોની ભૂમિકાનો રિપોર્ટ પણ આપી દીધેલો પણ લાલુના પરિવારે કૌભાંડ સાથે પોતાને કંઈ લેવાદેવા નથી એવો દાવો કરીને અરજી કરી નાંખેલી તેમાં મુદતો પડ્યા કરતી હતી.

શુક્રવારે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે અચાનક જ લાલુના પરિવારની અરજી ફગાવીને ૪૬ લોકો સામે આરોપો ઘડવાનું ફરમાન કરી નાંખ્યું જ્યારે ૫૨ લોકોને નિર્દોષ છોડી મૂક્યા. કોર્ટે એવી ટીકા પણ કરી કે, લાલુ યાદવ અને તેમનો પરિવાર કોઈ ક્રિમિનલ ગેંગની જેમ કામ કરી રહ્યા હતા અને લોકોને ખંખેરીને ભ્રષ્ટાચાર કરવા વ્યાપક ષડયંત્ર રચવામાં આવ્યું હતું. લાલુ પ્રસાદ યાદવે પોતાના પરિવાર ( એટલે કે દીકરીઓ, પત્ની અને દીકરાઓ માટે જમીનો સહિતની સ્થાવર મિલકતો હડપ માટે સરકારી નોકરીને સોદાબાજીના હથિયાર તરીકે ઉપયોગ કર્યો હતો તેથી પ્રાથમિક દૃષ્ટિએ જ લાલુ અને તેમના પરિવાર સામે ભ્રષ્ટાચારના પૂરતા પુરાવા છે.

કોર્ટે સીબીઆઈ દ્વારા લાલુ યાદવ અને તેમના પરિવાર સામે મુકાયેલા પુરાવા સાચા હોવાનું પણ સ્વીકાર્યું છે તેથી લાલુ યાદવ અને તેમના પરિવારનાં લોકો સહિત કુલ ૪૬ આરોપીઓ વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૧૩(૨) અને ૧૩(૧)(મ) હેઠળ આરોપો ઘડાયા છે. હવે બધાં સામે ટ્રાયલ ચાલશે અને તેનો નિવેડો ક્યારે આવશે એ ખબર નથી પણ લાલુ પ્રસાદ અને તેમના પરિવારની ભ્રષ્ટ ગાથામાં વધુ એક પ્રકરણ ઉમેરાઈ ગયું છે.

લાલુના પક્ષ રાષ્ટ્રીય જનતા દળે લાલુ પરિવાર સામે આરોપો ઘડાયા તેને કાવતરું ગણાવ્યું છે. આરજેડીનું કહેવું છે કે, મોદી સરકાર સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરીને યાદવ પરિવારને પરેશાન કરી રહી છે, બાકી અમારા મુખિયા તો દૂધે ધોયેલા છે. આ કેસ કોર્ટમાં છે એટલે ઝાઝું કહેવામાં માલ નથી પણ અમે કાનૂની રીતે લડીને કેન્દ્ર સરકારના કારસાનો જવાબ આપીશું.

આરજેડીનું રીએક્શન ધાર્યા પ્રમાણેનું છે ને તેમની પાસેથી બીજી અપેક્ષા પણ શું રખાય ? લાલુની પાર્ટી થોડી એવું સ્વીકારશે કે લાલુના ખાનદાને ભ્રષ્ટાચાર કર્યો છે અને સીબીઆઈની તપાસ એકદમ સાચી છે ? પોતાના મુખિયા ચોર છે એવું કઈ પાર્ટી સ્વીકારે ? ના જ સ્વીકારે પણ તેના કારણે લાલુ કે તેમનો પરિવાર દૂધે ધોયેલો સાબિત થતો નથી. આ કેસમાં લાલુના પરિવારે ભ્રષ્ટાચાર કર્યો છે કે નહીં એ કોર્ટ નક્કી કરશે તેથી તેના વિશે અત્યારથી કશું કહેવું કે જજ બની જવું યોગ્ય નથી પણ અત્યાર લગી બહાર આવેલી વિગતો અને લાલુની મેલી મથરાવટી જોતાં લાલુએ ખેલ કર્યો જ હશે એ માનવાને પૂરતાં કારણો છે.

લેન્ડ ફોર જોબ સ્કેમ ૨૦૦૪ થી ૨૦૦૯ની વચ્ચે થયેલું કે જ્યારે લાલુ પ્રસાદ યાદવ દેશના રેલવે મંત્રી હતા ને ડો. મનમોહનસિંહની સરકાર હતી. લાલુએ એ વખતે રેલવેની નોકરીઓમાં મોટા પાયે બિહારીઓની ભરતી કરી નાંખેલી. ગામડાંમાં રહેતા ખેડૂતોના દીકરાઓ પાસે લાંચ આપવાના માટે રોકડ નાણાં ના હોય તેથી ખેપાની લાલુએ તેનો જબરો તોડ શોધી કાઢેલો. સુભાષચંદ્ર બોઝે આઝાદીના જંગ વખતે એલાન કરેલું કે, તુમ મુઝે ખૂન દો, મેં તુમ્હેં આઝાદી દૂંગા. લાલુએ નારો આપેલો કે, તુમ મુઝે જમીન દો, મૈં તુમ્હેં નૌકરી દૂંગા.

લાલુના દલાલો ગામડાંમાં જઈને લોકોને કહેતા કે, તમારા પરિવારનાં છોકરાંને રેલવેમાં નોકરી જોઈતી હોય તો પોતાની જમીનો લાલુ પરિવારના નામે કરી દો. આ રીતે સંખ્યાબંધ પરિવારો પાસેથી જમીનો લખાવી લેવાઈ અને તેના બદલામાં પરિવારમાંથી કોઈ ને કોઈને નોકરી આપી દેવાઈ. લાલુ એટલા પાકા કે, તમામ કેસોમાં નોકરી આપતાં પહેલાં જ જમીનો ટ્રાન્સફર કરવામાં આવી હતી કે જેથી કોઈ ફરી ના જાય. મોટા ભાગના કિસ્સાઓમાં ગિફ્ટ ડીડ તૈયાર કરીને જમીન લાલુના પરિવારને ભેટમાં અપાઈ હતી. જેમણે વેચાણના દસ્તાવેજો કર્યા એ લોકોનું કહેવું હતું કે, લાલુ પરિવાર તરફથી રોકડમાં ચુકવણી કરવામાં આવી હતી. હવે રોકડમાં ચુકવણીના કોઈ દસ્તાવેજી પુરાવા ના હોય તેથી ખેડૂત પરિવારોની વાત સાચી માનીને જમીનો લાલુના પરિવારને આપી દેવાઈ.

લાલુની દીકરીઓ મીસા ભારતી અને હેમા યાદવના નામે ટ્રાન્સફર કરાયેલી જમીનો સાવ નજીવી કિંમતના ચેક આપીને ટ્રાન્સફર કરવામાં આવી હતી. આ રીતે નોકરી આપવા માટે કોઈ સરકારી પ્રક્રિયાનું પાલન નહોતું કરાયું અને નોકરી મેળવનારામાંથી ઘણાંને તો પોતાના નામ લખતાં પણ નહોતાં આવડતાં પણ જબ સૈયાં ભયે કોટવાલ ફિર ડર કાહે કા ? લાલુ પોતે મંત્રી હતા ને મંત્રાલયના અધિકારીઓ તેમના પાલતુ હતા એટલે આખો ખેલ પાર પડી ગયો. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર આવી પછી વિપક્ષી નેતાઓના ભ્રષ્ટાચારની તપાસ શરૂ થઈ તેમાં આખો ભાંડો ફૂટ્યો પછી સીબીઆઈને તપાસ સોંપાઈ. આ તપાસ લગભગ ૧૦ વર્ષથી ચાલતી હતી ને છેક હવે તેમાં આરોપો ઘડાયા છે.

લાલુના પરિવાર સામે આરોપો તો ઘડાઈ ગયા પણ તેમને સજા થવાના ચાન્સ કેટલા છે એ પણ વિચારવા જેવું છે. બિહારના રાજકારણ પર છેલ્લા સાડા ત્રણ દાયકાથી છવાયેલા લાલુપ્રસાદ યાદવ અને તેમનો પરિવાર બેફામ ભ્રષ્ટાચાર માટે વગોવાયેલો છે. લાલુ પ્રસાદ ૧૯૯૦માં બિહારના મુખ્યમંત્રી બન્યા પછી સળંગ ૧૫ વર્ષ લગી બિહારમાં એકહથ્થુ સત્તા ભોગવી હતી. આ એકહથ્થુ સત્તાનો દુરુપયોગ કરીને યાદવ પરિવારે બેફામ ભ્રષ્ટાચાર કરીને અબજો રૂપિયા ઘરભેગા કર્યા છે.

લાલુએ મુખ્યમંત્રી બનતાં જ ૧૯૯૦ના દાયકામાં ઘાસચારા કૌભાંડ કરેલું ને અબજો રૂપિયા ઘરભેગા કરી દીધેલા. લાલુ ૧૯૯૦માં પહેલી વાર બિહારના મુખ્યમંત્રી બન્યા કે તરત શરૂ થયેલા ઘાસચારા કૌભાંડની વરસો લગી તો કોઈને ગંધ પણ નહોતી આવી. ૧૯૯૬માં તેમનાં પાપ છાપરે ચડીને પોકાર્યાં પછી તેમણે બિહારની ગાદી છોડવી પડેલી પણ મહાખેલાડી લાલુએ પોતાની સાવ અભણ બૈરી રાબડી દેવીને ગાદી પર બેસાડીને બિહાર પર વર્ચસ્વ જમાવી રાખ્યું. એ પછીનાં વરસોમાં રાજકીય તડજોડ કરીને લાલુ ટકી રહ્યા છે. આ દરમિયાન તેમની સામે કેસો થયા, તેમાં સજા પણ થઈ પણ અબજોના ભ્રષ્ટાચાર બદલ બે-ચાર વર્ષની સજા કંઈ ના કહેવાય.

લાલુ લેન્ડ ફોર જોબ સ્કેમ ઘાસચારા કૌભાંડ પછી કરેલું. એક મહાકૌભાંડમાં વગોવાયા પછી પણ લાલુ એવી હિંમત કરી કેમ કે લાલુને ખબર છે કે, આ દેશમાં ભ્રષ્ટાચાર કરનારને કંઈ થતું નથી. ન્યાયતંત્રમાં રૂપિયા ખવડાવીને કેસોને લંબાવી શકાય છે, જામીન મેળવી શકાય છે ને પોતાની રાજકીય દુકાન પણ ચલાવી શકાય છે. લેન્ડ ફોર જોબ સ્કેમમાં પણ એવું જ થવાનું. વરસોના વરસો કેસ ચાલશે ને તેજસ્વી તથા લાલુનાં સંતાનો ઘરડાં થઈ જશે ને એ પછી સજા થાય તો પણ તેનો શો અર્થ?

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ-સૌર શિશિરઋતુ, શનિવાર, તા. ૧૦-૧-૨૦૨૬, કાલાષ્ટમી

- ભારતીય દિનાંક ૨૦, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૨મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર હસ્ત બપોરે ક. ૧૫-૩૯ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૫૨ સુધી (તા. ૧૧), પછી તુલામાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૦, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સાંજે ક. ૧૭-૧૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૦ (તા. ૧૨)
- ઓટઃ સવારે ક. ૧૧-૧૩, રાત્રે ક. ૨૨-૫૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - સપ્તમી. શ્રી રામાનંદાચાર્ય જયંતી, કાલાષ્ટમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શનિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, સૂર્ય-ચંદ્ર પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, શિવ-પાર્વતી પૂજા.
- આચમનઃ સૂર્ય-ગુરુ પ્રતિયુતિ ધાર્મિક બાબતોમાં શ્રદ્ધાનો અભાવ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ લોહીવિકાર, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ તાવના ભોગ બનવું પડે, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ આંખની કાળજી લેવી, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ બદનામીનો ભય રહે.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ-ધનુ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત), માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# - તો ભાજપ સંબંધી ગુપ્ત માહિતીની પેન ડ્રાઈવ જાહેર કરી દઈશઃ મમતા

### ઈડી V/S મમતા બેનરજીના બીજા દિવસે કોર્ટે સુનાવણી મોકૂફ રાખીઃ મમતાની ઈડી સામે અનેક એફઆઈઆર

કોલકાતાઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ શુક્રવારે કહ્યું કે આ વર્ષના અંતમાં યોજાનારી બંગાળ વિધાનસભા ચૂંટણીમાં જીત મેળવ્યા પછી વિપક્ષે કેન્દ્રમાં સરકાર બનાવવાની જરૂર છે. કોલકાતામાં આઈ-પૅકના વડા પ્રતીક જૈનના ઘર અને રાજકીય સલાહકાર કંપનીના સોલ્ટ લેક કાર્યાલય પર એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઈડી) ના દરોડાના વિરોધમાં એક વિરોધ રેલીમાં બોલતા બેનરજીએ કહ્યું કે ભારત પર ભાજપ પર શાસન કરી શકે નહીં.


મુખ્યપ્રધાને ચૂંટણી પંચ પર પણ નિશાન સાધતા આરોપ લગાવ્યો કે ભાજપે ચૂંટણી પેનલની મદદથી મહારાષ્ટ્રમાં જનાદેશ ચોરી લીધો છે અને હવે તે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) દ્વારા બંગાળમાં સાચા મતદારોના નામ કાઢી નાખીને તે ફરીથી આમ કરવાનો પ્રયાસ કરી રહી છે. ભાજપ પર નિશાન સાધતા બેનરજીએ કહ્યું હતું કે જો તમે બંગાળીમાં બોલો છો તો તેઓ તમને બાંગ્લાદેશી જાહેર કરે છે. તેઓ કહે છે કે બંગાળમાં રોહિંગ્યા હાજર છે, પરંતુ રોહિંગ્યા ક્યાં છે? જો આસામમાં કોઈ રોહિંગ્યા નથી, તો ત્યાં એસઆઈઆર કેમ શરૂ કરવામાં આવ્યું નથી? આ બધું એટલા માટે થઈ રહ્યું છે કારણ કે તેઓ મહારાષ્ટ્ર અને હરિયાણાની જેમ બંગાળમાં સત્તામાં આવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ તે શક્ય નથી.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે તમે ભાગ્યશાળી છો કે હું હજુ પણ સીએમના પદ પર છું. એટલા માટે મેં પેન ડ્રાઇવ (ભાજપ સંબંધિત ગુપ્ત માહિતી ધરાવતી) જાહેર કરી નથી. જો તમે મને નિશાન બનાવવાનો પ્રયાસ કરશો, તો હું તે માહિતી જાહેર કરીશ. હું ઘણી બધી બાબતો જાણું છું, પરંતુ હું દેશના હિતમાં તેમ કહેવાનું પસંદ નહીં કરું. બેનરજીએ ધમકી પણ આપી હતી કે જો તેમને નિશાન બનાવવામાં આવશે તો ભાજપ સંબંધિત ગુપ્ત માહિતી જાહેર કરવામાં આવશે.

બીજી તરફ કોલકાતા હાઈ કોર્ટે શુક્રવારે કોર્ટરૂમની અંદર બેકાબૂ અરાજકતાના કારણે આઈ-પૅકની ઓફિસમાં ઈડીના દરોડા સંબંધિત કેસોની સુનાવણી મુલતવી રાખી હતી. જસ્ટિસ સુવ્રા ઘોષે સુનાવણી ૧૪ જાન્યુઆરી સુધી મુલતવી રાખી હતી અને અરજીઓ સાથે સંકળાયેલા ન હોય તેવા લોકોને કોર્ટરૂમ છોડી દેવાની વારંવાર વિનંતીઓ કર્યા પછી તેમણે પોતાની ખુરશી છોડી દીધી હતી. હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ સુજોય પોલ સમક્ષ એજન્સી દ્વારા શુક્રવારે જ વહેલી સુનાવણી માટે વિનંતી કરવામાં આવી હતી, પરંતુ તે સ્વીકારવામાં આવી ન હતી.

કેન્દ્ર દ્વારા તપાસ એજન્સીઓના કથિત દુરુપયોગ સામે શુક્રવારે ગૃહ મંત્રાલયના કાર્યાલયની બહાર વિરોધ પ્રદર્શન કરતી વખતે તૃણમૂલ કોંગ્રેસના ઘણા સાંસદોની અટકાયત કરવામાં આવી હતી. કોલસાની દાણચોરીના કેસમાં ઈડીએ આઈ-પૅકની ઓફિસ અને તેના વડાના ઘરે દરોડા પાડ્યા હતા.

મમતા બેનરજીએ આ મામલે ઈડી વિરુદ્ધ બે પોલીસ ફરિયાદો નોંધાવી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે ફરિયાદોના આધારે કોલકાતા અને વિધાનનગર પોલીસે એફઆઈઆર દાખલ કરી હતી અને તપાસ શરૂ કરી હતી. ઈડીએ આઈ-પૅક દરોડા કેસમાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી ઉચ્ચ પોલીસ અધિકારીઓ સામે સીબીઆઈ તપાસની માગ કરી છે.



**માઘ મેળોઃ**
પ્રયાગરાજના સંગમ ખાતે શુક્રવારે માઘ મેળામાં શિયાળાની ધુમ્મસભરી સવારે ગંગા નદીના કિનારે ત્રિશૂળ સાથે સાધુ. (એજન્સી)

# રખડતા શ્વાનોને ખવડાવતી મહિલાઓના કેસમાં દખલ કરવાની સુપ્રીમ કોર્ટની ના

નવી દિલ્હીઃ રખડતા શ્વાનોને ખોરાક આપતી અને તેમની કાળજી રાખતી મહિલાઓની ઍન્ટિ ફીડર વિજિલન્ટ્સ દ્વારા કરવામાં આવતી હેરાનગતિના આક્ષેપને મામલે દખલગીરી કરવાનું સુપ્રીમ કોર્ટે એમ કહીને શુક્રવારે નકારી કાઢ્યું હતું કે આ કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો છે અને જેને અન્યાય થયો હોય તે વ્યક્તિ એફઆઈઆર દાખલ કરી શકે છે. કેસને મામલે દલીલ સાંભળતાં સુપ્રીમ કોર્ટે આ મુદ્દે મહિલાઓ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવામાં આવી હોવાના દાવા અંગે દરમિયાનગીરી કરવાનું નકારી કાઢ્યું હતું.

ન્યાયાધીશ વિક્રમનાથ, સંદીપ મહેતા અને એન. વી. અંજારિયા એમ ત્રણ ન્યાયાધીશની બનેલી ખંડપીઠે નીરિક્ષણ કર્યું હતું કે તેમની સમક્ષ કરવામાં આવેલી દલીલોમાંથી અમુક વાસ્તવિકતાથી જોજનો દૂર હતી અને બાળકો તેમ જ મહિલાઓ પર રખડતા શ્વાન દ્વારા કરવામાં આવેલા હુમલાઓને લગતા અનેક વીડિયો હતા.

કોર્ટના અગાઉના ચુકાદામાં સુધારો અને આપેલા આદેશનો કડક અમલ કરવાની માગણી કરતી શ્વાનપ્રેમી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી સહિતની અરજીઓની કોર્ટ સુનાવણી કરી રહી હતી.

વરિષ્ઠ વકીલ મહાલક્ષ્મી પવાનીએ રખડતાં શ્વાનોને ખોરાક આપતી અને તેમની કાળજી રાખતી મહિલાઓની પરેશાની જણાવતાં કહ્યું હતું કે ઍન્ટી ફીડર વિજિલન્ટ્સ કોર્ટે અગાઉ આપેલા ચુકાદાનો બળજબરીપૂર્વક અમલ કરાવવાની ભૂમિકામાં આવી ગયા છે. ઍન્ટી ફીડર વિજિલન્ટ્સ આ મહિલાઓ સાથે મારપીટ, તેમની હેરાનગતિ અને તેમની છેડતી પણ કરી રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું. જસ્ટિસ નાથે કહ્યું હતું કે તેમની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરો, તમને કોણ રોકે છે? (એજન્સી)

# ફિલિપાઈન્સમાં કચરાનો પહાડ તૂટી પડતાં એકનું મોત, ૩૮ ફસાયા

મનિલાઃ ફિલિપાઈન્સમાં ગુરુવારે સીબુના બિનાલિવ ગામમાં બપોરે કચરા અને કાટમાળનો પહાડ તૂટી પડતાં એકનું મોત થયું હોવા ઉપરાંત અનેક જણ ઘાયલ થયા હતા અને ૩૮ જણ ગુમ હોવાનું અધિકારીઓએ શુક્રવારે કહ્યું હતું. બચાવકર્તાઓની ટુકડીએ ૧૩ જણને જીવતા ઉગારી લીધા હતા અને ગુમ થયેલા બાકીના લોકોની શોધખોળ ચલાવી રહ્યા છે. આ ઘટનામાં એક મહિલાનું હૉસ્પિટલમાં લઈ જતી વખતે મોત થયું હતું. ઈજાગ્રસ્તોને સારવારાર્થે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કોઈપણ પ્રકારના આગોતરા સંકેત વિના જ કચરાનો પહાડ ખૂબ જ ઝડપથી તૂટી પડ્યો હતો એમ જણાવતાં ૩૧ વર્ષના જૅલૉર્ડ ઍન્ટિગુઆએ કહ્યું હતું કે આ ઘટનામાં મારા કાર્યાલયનો નાશ થયો હતો. હું ત્યાંથી નાસી જવામાં સફળ થયો હતો. (એજન્સી)

# શબરીમાલા ગૉલ્ડ ચોરી કેસમાં મંદિરના મુખ્ય પૂજારીની ધરપકડ

તિરુવનંતપુરમઃ શબરીમાલા ગૉલ્ડ લૉસ કેસને મામલે તપાસ કરી રહેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સિટ)એ શુક્રવારે મુખ્ય મહંત કાન્ડારારુ રાજીવારુની એમ કહીને ધરપકડ કરી હતી કે તે સુવર્ણ ચોરીના મુખ્ય આરોપી ઉન્નીકૃષ્નન પોટ્ટી સાથે નિકટના સંબંધ ધરાવતો હતો અને ભગવાન અયપ્પા મંદિરના દ્વારાપાલાકા અને શ્રીકોવિલ ગૉલ્ડ પ્લેટનાં વિવાદાસ્પદ રિપ્લેટિંગની ભલામણ કરવામાં તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

લોર્ડ અયપ્પા મંદિરમાં ધાર્મિક અને રીતરિવાજો સંબંધિત વહીવટમાં સર્વોચ્ચ સત્તા ધરાવતા થાન્થ્રી રાજીવારુની શુક્રવારે સવારે અજાણ્યા સ્થળે પૂછપરછ કરવામાં આવી હતી અને બાદમાં બપોરે તેને સિટના કાર્યાલય પર લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેની ઔપચારિક ધરપકડ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર મુખ્ય આરોપી ઉન્ નીકૃષ્નન અને ત્રાવણકોર દેવાસ્વમ બૉર્ડના પ્રમુખ એ. પદ્મકુમારે આપેલા નિવેદનને આધારે આ ધરપકડ કરવામાં આવી હતી.

કેસની તપાસને માટે કેરળ હાઈ કોર્ટ દ્વારા સિટની રચના કરવામાં આવી ત્યારથી અત્યાર સુધીમાં કેસ સંબંધિત આ ૧૧મી ધરપકડ હતી. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### મોદીએ ટ્રમ્પને

કે તેમણે પોતે કરારનો મુસદ્દો તૈયાર કર્યો હતો, પરંતુ તે નિષ્કર્ષ પર પહોંચવા માટે મોદીનો ટ્રમ્પને ફોન જરૂરી હતો. ભારતીય પક્ષ આનાથી સહમત નહોતો, અને મોદીએ ફોન કર્યો ન હતો. આના કારણે વેપાર કરાર લાંબા સમયથી અટકી ગયો છે. લુટનિકે એમ પણ કહ્યું હતું કે જે શરતો હેઠળ અમેરિકા અને ભારત કોઈ સોદા પર પહોંચી રહ્યા હોય તેવું લાગતું હતું તે હવે પડી ભાંગી છે. તેમણે કહ્યું કે અમેરિકા ભારત સાથે થયેલા વેપાર કરારમાંથી ખસી ગયું છે. અમે હવે તેના પર વિચાર કરી રહ્યા નથી.

લુટનિકને ભારત સાથેના વેપાર કરારની સ્થિતિ વિશે પૂછવામાં આવ્યું હતું. લુટનિકે જવાબ આપ્યો હતો કે, ભારતને અમે જે સોદો કર્યો હતો તે યાદ છે. ભારતીય અધિકારીઓ મને પૂછે છે કે તમે આ સોદા માટે સંમત થયા છો. મેં તેમને કહ્યું હતું કે મને યાદ છે કે હું ત્યારે સંમત થયો હતો, પરંતુ અમે હવે તેના માટે તૈયાર નથી.''

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર પર વાટાઘાટો ઘણા મહિનાઓથી ચાલી રહી છે. ગયા વર્ષે વારંવાર કહેવામાં આવ્યું હતું કે બંને પક્ષો ટૂંક સમયમાં કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકે છે. જો કે, ઘણી બેઠકો છતાં આ સોદો અપૂર્ણ રહ્યો છે. બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોને જોતાં અનિશ્ચિતતા રહે છે.

ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં તણાવનું એક મુખ્ય કારણ ડોનલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ભારતીય ઉત્પાદનો પર ૫૦ ટકા ટૅરિફ લાદવામાં આવ્યો છે. આ નિર્ણય ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ગયા વર્ષે ઓગસ્ટમાં લેવામાં આવ્યો હતો. તાજેતરમાં ટ્રમ્પે ફરી એકવાર ભારત પ્રત્યે કડક વલણ દર્શાવ્યું છે, ભારત પર ફરીથી ટૅરિફ વધારવાની ધમકી આપી છે.

નોંધનીય છે કે તાજેતરમાં જ ટ્રમ્પે સંકેત આપ્યા હતા કે રશિયન તેલની ખરીદી મામલે મદદ ન મળે તો ભારત પર હાલના ટૅરિફમાં વધારો થઈ શકે છે. ટ્રમ્પે કહ્યું કે ભારત મને ખુશ કરવા માંગતું હતું. મોદી ખૂબ જ સારા વ્યક્તિ છે અને તેઓ જાણતા હતા કે હું ખુશ નથી. અને મને ખુશ કરવું મહત્ત્વપૂર્ણ હતું. આપણે તેમના પર ટૅરિફ ખૂબ જ ઝડપથી વધારી શકીએ છીએ. જોકે, ભારતે હંમેશા કહ્યું છે કે તેના ઊર્જા કરારો ભારતીય ગ્રાહકની જરૂરિયાતો દ્વારા સંચાલિત થાય છે. ઓક્ટોબરમાં કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે તો સ્પષ્ટતા પણ કરી હતી કે ક્ષણિક દબાણ હેઠળ સોદાની વાટાઘાટો કરવાનો કોઈ પ્રશ્ન જ નથી.

### અમારી જનતા માટે

સસ્તું તેલ ઉપલબ્ધ કરાવી આપવા પર છે અને વૈશ્વિક બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને જ અમે તેલ ખરીદી રહ્યા છીએ.

અમેરિકા દ્વારા ભારત પર પાંચસો ટકા ટૅરિફ લગાડવામાં આવશે એવી ચર્ચાઓ ચાલી રહી હોવા વચ્ચે ભારતના વિદેશ ખાતાએ ઉપરોક્ત નિવેદન કર્યું હતું. ભારતના વિદેશ ખાતાના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે અમે એ સ્પષ્ટ કરી દીધું છે કે ઊર્જા સંબંધિત નિર્ણયો બજારની પરિસ્થિતિને ધ્યાન પર લઈને લેવામાં આવે છે અને ૧૪૦ કરોડ ભારતીયો માટે ઊર્જાની સુરક્ષા પાકી કરીએ છીએ.

અમેરિકા ભારત પર પહેલા જ પચાસ ટકા ટૅરિફ લગાડી ચુક્યું છે. ભારતના અર્થતંત્ર પર અસર કરવામાં નિષ્ફળ રહેલું અમેરિકા હવે ભારત, ચીન, બ્રાઝીલ જેવા દેશ પર પાંચસો ટકા ટૅરિફ લાદવા માગે છે.

ભારત પર પાંચસો ટકા સુધીનો ટૅરિફ લાદવાનો પ્રસ્તાવ મૂકતો ખરડો સૅનેટર લિન્ડસે ગ્રેહામે રજૂ કર્યો હતો. ટ્રમ્પે ૭-૮ જાન્યુઆરી ૨૦૨૬ના આ ખરડાને લીલીઝંડી આપી હતી. ગ્રેહામ સાથેની બેઠક બાદ ટ્રમ્પે આ ખરડાને સમર્થન આપ્યું હતું જેથી કરીને રશિયાને યુદ્ધ માટે મળતું ભંડોળ રોકી શકાય.

અમેરિકાનું કહેવું છે કે ભારત રશિયા પાસેથી સસ્તાં ભાવે કાચું તેલ ખરીદી તેને યુદ્ધ માટે ભંડોળ પૂરું પાડી રહ્યું છે. આ ખરડાને મંજૂરી મળી જાય તો અમેરિકા આવા દેશો પર ઓછામાં ઓછો પાંચસો ટકા ટૅરિફ લાદી શકશે. આ ખરડો ટ્રમ્પને મોટી તાકાત આપશે.

### આઠ ફોન

ખાતાના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે કરારને મામલે ભારત અને અમેરિકાએ શ્રેણીબદ્ધ વાટાઘાટ યોજી હતી અને ભારત આ કરાર કરવા વચનબદ્ધ છે.

ગયા વર્ષની ૧૩મી ફેબ્રુઆરી સુધી બંને દેશ દ્વિપક્ષી કરાર અંગે વાટાઘાટ કરવા વચનબદ્ધ હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે સંતુલિત અને અરસપરસને લાભદાયી નીવડે તેવા દ્વિપક્ષી કરાર માટે ત્યાર બાદ બંને દેશ વચ્ચે વાટાઘાટના અનેક રાઉન્ડ યોજાયા હતા, એમ તેમણે કહ્યું હતું. અનેકવાર અમે કરાર કરવાની ખૂબ જ નજીક આવી ગયા હતા. અમેરિકાના વાણિજ્ય પ્રધાન દ્વારા આ કરારને મામલે હાલ કરવામાં આવેલું નિવેદન ભૂલભરેલું છે, એમ તેમણે કહ્યું હતું.

દેશના અર્થતંત્રને પૂરક અને અરસપરસને લાભદાયી નીવડે એ પ્રકારના દ્વિપક્ષી વેપારી કરાર માટે કરવા અમે ઉત્સુક છીએ અને જલદી જ આ કરાર થાય એ દિશામાં કામ કરી રહ્યા છીએ, એમ તેમણે કહ્યું હતું. બનવાજોગ વર્ષ ૨૦૨૫માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ફોન પર એકમેક સાથે આઠ વખત વાતચીત કરી વિવિધ મુદ્દે ચર્ચા કરી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

### લાલુ ઍન્ડ ફૅમિલીના

મુક્ત કર્યા હતા. અગાઉ સીબીઆઈએ સુપરત કરેલા વેરિફીકેશન રિપોર્ટમાં જણાવ્યું હતું કે ચાર્જશીટમાં સમાવિષ્ટ ૧૦૩ આરોપીમાંથી પાંચનાં મૃત્યુ થયાં હતાં. કોર્ટે આરોપો ઘડી કાઢવા કેસની સુનાવણી માટે ૨૩ જાન્યુઆરી મુકરર કરી છે. દરમિયાન કથિત કૌભાંડને મામલે સીબીઆઈએ લાલુ યાદવ, પત્ની અને બિહારનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન રબડી દેવી, પુત્ર તેજસ્વી યાદવ અને અન્યો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. (એજન્સી)

# અમિતાભ બચ્ચનને જોવા સુરતી ફૅન્સ બેકાબૂ, ધક્કામુક્કીથી માંડમાંડ બચ્યા બિગ બી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન સુરત પધાર્યાં છે. આઈએસપીએલના પ્રથમ દિવસે ઓપનિંગ સેરેમની માટે મહાનાયક અમિતાભ બચ્ચન, સુર્યા અને સચિન તેંડુલકર સહિત અનેક સ્ટાર સુરત પહોંચ્યા હતાં. અમિતાભ બચ્ચન જ્યારે સુરત એરપોર્ટથી સુરતના ઉદ્યોગપતિના ઘરે પહોંચ્યા હતા. જો કે, બિગ બીને જોવા માટે બેકાબૂ બનેલી ભીડ રેસિડેન્સી સુધી પહોંચી ગઈ અને મેઈન દરવાજાનો કાચ તોડી નાખ્યો હતો.

મોટી સંખ્યામાં એકઠી થઈ ગયેલી ભીડને કાબૂમાં લેતા પોલીસને ભારે જહેમત બાદ દૂર કરી હતી.

બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન અડાજણ વિસ્તારમાં કાસારિવેરા રેસિડેન્સી ખાતે આવવાના હોવાની જાણ થતા ચાહકો ત્યાં પહોંચી ગયાં હતા. પબ્લિક નિયંત્રણની બહાર જતા ભારે અફરાતફરી સર્જાઈ ગઈ હતી.

આ દરમિયાન રેસિડેન્સીનો પ્રવેશ કરવાનો મેઈન કાચનો દરવાજો પણ તૂટી ગયો હતો.

ભીડને કાબૂમાં લેવા માટે પોલીસ બોલાવવી પડી હતી. બારેજા બાદ અમિતાભ બચ્ચનને ભીડ વચ્ચેથી બહાર કાઢીને હોટલ રવાના થયાં હતાં.

સુરતના પીપલોદ વિસ્તારમાં આવેલા લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં ઇન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગની સિઝન-૩નો પ્રારંભ આજથી થવા જઈ રહ્યો છે. એક મહિના સુધી ચાલનારા હાઈ-ઓક્ટેન ટેનિસ-બોલ ટી-૧૦ ક્રિકેટ લીગમાં બોલિવૂડ અને ક્રિકેટ જગતના મહાનુભાવો હાજર રહેવાના છે.

આ ટુર્નામેન્ટની ઓપનિંગ સેરેમનીમાં ૨૦૦ ડાન્સરનું પર્ફોર્મન્સ અને અનુપમા ફેમ રૂપાલી ગાંગુલી હોસ્ટિંગ કરશે. જ્યારે અક્ષય કુમાર હેલિકૉપ્ટર દ્વારા એન્ટ્રી કરશે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. ■

# ગાંધીનગરમાં ટાઈફોઈડ વકર્યો, દરરોજ સરેરાશ પચીસ નવા કેસઃ કૉંગ્રેસના 'ટ્રિપલ એન્જિન' સરકાર પર પ્રહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટનગર ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસો સતત વધી રહ્યા છે. આ સ્થિતિની ગંભીરતાને જોતા ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા કૉંગ્રેસના પ્રતિનિધિમંડળ સાથે ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓની મુલાકાત લઈ તેમની પૂછપરછ કરી હતી અને તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.

અમિત ચાવડાએ સિવિલ હૉસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. મીતા પરીખ સાથે મુલાકાત કરી વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી. ડૉ. પરીખે માહિતી આપતા જણાવ્યું હતું કે હાલમાં ૪૮ શંકાસ્પદ કેસ સારવાર હેઠળ છે. હૉસ્પિટલમાં દરરોજ સરેરાશ ૨૫ નવા કેસ નોંધાઈ રહ્યા છે. દરેક દર્દીના બે વાર ટાઈફોઈડ રિપોર્ટ કરવામાં આવે છે અને રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ જ તેમને રજા આપવામાં આવે છે.

દર્દીઓની મુલાકાત બાદ મીડિયા સાથે વાતચીત કરતા અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ટ્રિપલ એન્જિન સરકાર હોવાના દાવાઓ અને કરોડોના ખર્ચ છતાં પ્રજાને શુદ્ધ પીવાનું પાણી મળી રહ્યું નથી.

૧લી તારીખથી સતત કેસો વધી રહ્યા છે, નાના બાળકો હૉસ્પિટલમાં છે અને મ્યુનિસિપલ કોર્પોરેશન હજુ પણ તાયફામાં વ્યસ્ત છે.

અમિત ચાવડાએ આક્ષેપો કરતાં કહ્યું હતું કે સેક્ટર-૨૧ જેવા વિકસિત વિસ્તારોમાં પણ ટાઈફોઈડ પહોંચી ગયો છે. કોર્પોરેશન દ્વારા રોડ તોડવાના કામમાં બેદરકારી દાખવતા ગંદુ પાણી પીવાના પાણીમાં ભળી રહ્યું છે.

સરકારની ગંભીર બેદરકારીને કારણે લોકોના જીવ જોખમમાં છે. આ મામલે જવાબદાર કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે ફોજદારી ગુના નોંધવામાં આવે તેવી માગ કૉંગ્રેસ પ્રમુખે કરી હતી. ગાંધીનગરમાં જે રીતે ટાઈફોઈડ વકરી રહ્યો છે તે જોતા આગામી દિવસોમાં આરોગ્ય વિભાગ અને કોર્પોરેશનની કામગીરી પર વધુ દબાણ વધે તેવી શક્યતા છે. ■

# પાણીના વિક્રેતાઓ સામે અમદાવાદ મનપાની લાલ આંખ, પાણી ક્લોરિનથી શુદ્ધ કરીને વેચવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં પાણીનાં જગના સપ્લાયરોએ હવે તેઓએ પાણીનાં પ્યોરિફિકેશન થાય તેના માટે ક્લોરિનેશન કરવું ફરજિયાત છે. તેમના ધંધાકીય એકમોમાં ક્લોરિફિકેશન થાય તે પ્રકારનું ઇન્સ્ટોલેશન કરવા આદેશ કરવામાં આવ્યો છે. જો આ પ્રકારનું ક્લોરીન વગરનું કોઇ પાણી સપ્લાય કરવામાં આવશે તો કોર્પોરેશન દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. એટલું જ નહીં પરંતુ જો વધારે શંકા જણાશે તો તેવા સંજોગોમાં તે એકમોને સીલ પણ કરવામાં આવી શકે છે. આ મામલે અમદાવાદના તમામ ૧૭૦ જગનાં સપ્લાયરોને એકત્રિત કરીને મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે બેઠક કરવામાં આવી હતી.

દર બે થી ત્રણ દિવસમાં પાણીનાં ક્લોરિનેશન ઇન્સ્ટોલ થાય તે માટે પાણીનાં વિક્રેતાઓને જાણ કરવામાં આવ્યું છે. આ નિયમ લુઝ સપ્લાય થતી પાણીની એક લિટરની બધી જ કંપનીઓને પણ લાગુ પડશે અને પેકેજિંગ વોટરમાં આ નિયમ લાગુ પડશે નહીં. શહેરમાં કોઇપણ પ્રકારનો રોગચાળો ફેલાય તે પહેલાં જ તેની આગોતરા સાવચેતીના પગલાં ભરવામાં આવ્યાં છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે શહેરમાં આવેલા વોટર ડિસ્ટ્રિબ્યુશન સેન્ટરો આવેલા છે અને જ્યાં પાણીનું વિતરણ થાય છે ત્યાં હાલમાં તેનાં પીએચ અને ક્લોરિનેશનની તપાસ કરીને આગળ મોકલવામાં આવે છે. આગામી સમયમાં કેટલાંક પેરામીટર્સ બદલવામાં આવશે તેવું પણ જાણવા મળ્યું છે. અમદાવાદમાં પાણીજન્ય રોગચાળો વધુ ન વકરે તે માટે અગમચેતીના ભાગરૂપે ચાલીઓ અને સ્લમ વિસ્તારોમાં ૩૦૦ કરોડના ખર્ચે વર્ષો જૂની પાણી અને ડ્રેનેજ લાઈનો બદલવાનો નિર્ણય લેવાયો છે. જે પણ પાણીના વિક્રેતાઓ છે તેઓએ પાણીના ક્લોરીનેશનના રિપોર્ટ કરાવવા પડશે. જેના રિપોર્ટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જે તે ઝોનના ડેપ્યુટી હેલ્થ ઓફિસરને ગ્રૂપમાં મોકલવાના રહેશે. ત્ર્હ્રજ સાથે ફોટો વગેરે માહિતી સાથે મોકલવાનું રહેશે. જો રિપોર્ટ નહીં મોકલે તો કાર્યવાહી કરવામાં આવશે તેવો અમદાવાદ મનપાની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. ■

# વડોદરામાં ૧૫ વર્ષીય દીકરી પર ગેંગરેપ, પરિવારની ફરિયાદ ન લઈ પોલીસે ગેરવર્તન કર્યાનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં સગીરા પર ગેંગરેપની ઘટના સામે આવી હતી. સંસ્કારી નગરી ગણાતી વડોદરામાં સગીરા પર ગેંગરેપ કરવામાં આવ્યો હતો. ગઈકાલે બપોરે ઘરેથી નીકળેલી સગીરાને ફતેગજ વિસ્તારમાં રહેતા બે યુવકોએ રૂમમાં લઈ જઈ ત્રણ કલાક સુધી વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું. બપોરે ઘરેથી નીકળેલી ૧૫ વર્ષીય સગીરાને ફતેગંજ વિસ્તારમાં રહેતા હર્ષિત મેકવાન અને હેપ્પી નામના યુવકે રૂમમાં લઈ જઈ ત્રણ કલાક સુધી ગોંધી રાખી વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે પીડિતાના માતાએ ફતેગંજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પીડિતના માતાની ફરિયાદના આધારે બન્ને આરોપીની ધરપકડ કરી લેવામાં આવી હતી.

ઘટનાની જાણ થતાં પીડિતાના સમાજના લોકો પણ મોટી સંખ્યામાં હોસ્પિટાલ દોડી ગયાં હતાં. ફરિયાદ નોંધાવવા ગયેલા પરિજનોને પોલીસે તગેડી મૂક્યાં હોવાનો પીડિતાના પરિવારજનો અને સમાજના આગેવાને પોલીસ પર ગંભીર આક્ષેપ કર્યાં હતાં. જો કે, બાદમાં જ્યારે સમાજનો અન્ય લોકો પરિવાર સાથે પોલીસ સ્ટેશને પહોંચતાં પોલીસ દ્વારા ફરિયાદ નોધવામાં આવી હતી. આખરે પોલીસે શા માટે પહેલા ફરિયાદ લેવાની ના પાડી તે પણ એક પ્રશ્ન છે. અત્યારે સગીરાના પરિવાર અને સમાજ દ્વારા આરોપીઓને કડકમાં કડક સજા કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

આ કેસમાં ડીસીપી ઝોન-૧ જગદીશ ચાવડાએ જણાવ્યું કે, નવાયાર્ડ વિસ્તારમાં સગીર વયની દીકરી પર દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. દીકરીની માતાએ આ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને તેના માતા-પિતા સાથે પૂછપરછ કરીને ફરિયાદ દાખલ કરી હતી. આ ફરિયાદના આધારે આરોપી ૧૯ વર્ષીય હર્ષિત મેકવાન અને ૨૦ વર્ષીય હેપ્પીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને બંને આરોપીને ઝડપી પાડ્યા હતા. ■

# ઉત્તરાયણ દરમિયાન અમદાવાદની પોળોમાં ધાબાનું ભાડું આસમાને, કોટ વિસ્તારના ધાબા હાઉસફુલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના રાયપુર વિસ્તારમાં ઉત્તરાયણ દરમિયાન ભાવ ધાબાનો ભાવ સૌથી વધારે રહેતો હોય છે. આ પર્વમાં લોકો વહેલી સવારથી ધાબે જઈને પતંગ ચગાવતા હોય છે, પરંતુ અમદાવાદના કોટ વિસ્તારની ઉતરાયણ સૌ કોઈ માટે મહત્ત્વની હોય છે. ખાસ કરીને પોળોમાં ધાબા અને ઘર એક બીજા સાથે કનેકટેડ હોય છે જેના કારણે વહેલી સવારથી મોડી સાંજ સુધી તમને પતંગ ચગાવતા રસિયાઓ જોવા મળે છે. કોટ વિસ્તારમાં સૌથી વધારે રાયપુરમાં જે લોકોના મકાનો પોળમાં આવેલા છે તેઓ ધાબાના બે દિવસ માટે ભાડે આપતા હોય છે. આ બે દિવસનું ભાડું પણ પાંચ હજારથી લઈને ૩૦ હજાર સુધીનું હોય છે.

અમદાવાદના કોટ વિસ્તારમાં રાયપુર, ઢાળની પોળ, રાયપુર ચકલાની પોળો સહિતની પોળોમાં સૌથી વધારે ધાબા પતંગ રસિયાઓને ભાડે આપવામાં આવતા હોય છે. એટલું જ નહીં પરંતુ ધાબા માટે ભાડુ એડવાન્સમાં આપવાનું હોય છે. બે દિવસના ભાડામાં તમારે તે ઘરમાં રાત્રી રોકાણ કરવું હોય તો પણ કરી શકો છો. અમદાવાદની પોળમાં ઉત્તરાયણની મજા જ કંઈક અલગ હોય છે. વિદેશમાંથી પણ અનેક લોકો આ પોળમાં પતંગ ચગાવવામાં માટે આવતા હોય છે.

ઉત્તરાયણમાં લોકો પતંગ સાથે સાથે ખાવાની પણ મોજ રહેતી હોય છે. ઉત્તરાયણ દરમિયાન લોકો સવારનો નાસ્તો, બપોરનું જમવાનું, હાઈ ટી અને સાંજનું જમવાનું પણ ધાબે રહેતું હોય છે. ઉત્તરાયણ દિવસે આવી રીતે એક દિવસ ભાડે આપવાથી સ્થાનિક લોકોમાં એક પ્રકારનું રોજગારીનું સર્જન થયું છે. એક રીતે જોવા જતા ઉત્તરાયણ દરમિયાન પતંગ ચગાવનારને અને તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં આવતી રહે છે. ધાબુ ભાડે આપવામાં આવે તેની સાથે જમવાના પેકેજ પણ આપવામાં આવતા હોય છે. ■

# ટાઈફોઈડ બાદ ગાંધીનગરમાં કોંગો ફીવરના દેખાયો આરોગ્ય વિભાગ એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરના પીંડારડામાં કોંગો ફીવર સામે એક્શન લેવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા પીંડારડામાં ૩૩૯ ઘર અને ૧૫૧૯ વ્યક્તિઓનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. પશુઓ અને પશુઓના સ્થળો પર દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. આ સાથે સાથે આરોગ્ય, પશુપાલન વિભાગની ટીમો ડિપ્લોય કરી દેવામાં આવી હતી. આરોગ્ય વિભાગની ૨ ટીમ કરી રહી છે સર્વેલન્સ અને પશુપાલન વિભાગની પણ ટીમ સર્વેલન્સ કરી રહી છે. કોંગો ફીવરનાં લક્ષણો તાવ, ઊલટી, સ્નાયુઓ ખેંચાવવા જેવાં લક્ષણો જોવાં મળે છે અને યોગ્ય સારવાર ન મળે તો આ રોગ જીવલેણ સાબિત થઈ શકે છે. ગાંધીનગર શહેરમાં ટાઈફોઈડના કેસો સતત વધી રહ્યાં છે. ત્યારે જિલ્લામાં પણ હવે કોંગો ફિવરનો કેસ સામે આવ્યો હતો. પિંડારડા ગામમાં કોંગો ફિવરનો કેસ સામે આવતા આરોગ્ય વિભાગની ટીમો દોડતી થઈ ગઈ હતી.

દર્દીનો રિપોર્ટ કોંગો પોઝિટિવ આવતા સારવાર માટે અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પીંડારડા ગામમાં આરોગ્ય વિભાગની બે ટીમો ડિપ્લોય કરવામાં આવી છે. કોંગો ફિવરને પગલે પશુપાલન વિભાગ પણ સક્રિય થયો છે. ગામમાં સર્વેલન્સ અને દવા છંટકાવની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે અને પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પણ કામ કરવામાં આવી રહી રહ્યું છે. ■

# ગુજરાત વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિની પુનઃરચના; ૧૦ સભ્યનો સમાવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી સમયમાં આવનારા ગુજરાતના બજેટસત્ર પૂર્વે ગુજરાત વિધાનસભાની મહત્ત્વપૂર્ણ કામકાજ સલાહકાર સમિતિની પુનઃરચના કરવામાં આવી હતી. ૧૦ સભ્યની સમિતિમાં મહિલા મંત્રીને પણ સ્થાન આપવામાં આવ્યું છે. રાજ્ય મંત્રીમંડળમાં તાજેતરમાં થયેલા ફેરબદલને કારણે ખાલી પડેલી જગ્યાઓ ભરવા અને વિધાનસભાના સુચારું સંચાલન માટે આ સમિતિનું પુનર્ગઠન કરાયું છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય દ્વારા આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. આ પુનઃરચના વિધાનસભાના સુચારુ અને કાર્યક્ષમ સંચાલન માટે અનિવાર્ય હોવાનું જણાવાયું છે. આ સમિતિ વિધાનસભાના કામકાજની રૂપરેખા, કાર્યસૂચિ અને મહત્ત્વપૂર્ણ વિધેયકો પર નિર્ણય લેવામાં કેન્દ્રીય ભૂમિકા ભજવે છે. તે વિધાનસભા સત્રો દરમિયાન કાયદાકીય પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને સમયસર પૂર્ણ કરવામાં મદદરૂપ થાય છે. ગુજરાત વિધાનસભા સચિવાલય દ્વારા જારી કરાયેલી યાદી અનુસાર નવી રચાયેલી કામકાજ સલાહકાર સમિતિના સભ્યો આ મુજબ છે.

અધ્યક્ષ શંકર ચૌધરી, મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી, કેબિનેટ પ્રધાન કનુ દેસાઇ, કેબિનેટ પ્રધાન જીતુ વાઘાણી, સંસદીય બાબતોના પ્રધાન ઋષિકેશ પટેલ, કેબિનટ પ્રધાન કુંવરજી બાવળિયા, રાજ્યકક્ષાના પ્રધાન ડૉ. મનિષા વકીલ, સરકારના મુખ્ય દંડક બાળકૃષ્ણ ખંડેરાવ શુક્લ, કૉંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીનો સમાવેશ થાય છે.

ગુજરાત વિધાનસભાના નિયમ-૧૯૦ અન્વયે, અધ્યક્ષ આ સમિતિના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળશે. આ પુનઃરચનાનો મુખ્ય ઉદ્દેશ્ય વિધાનસભાના કાયદાકીય કાર્યોના સંચાલન માટે અનુભવી અને મહત્ત્વપૂર્ણ નેતાઓને એક મંચ પર લાવવાનો છે, જેથી આગામી વિધાનસભા સત્રો દરમિયાન કાર્યક્ષમતા અને સત્તાપક્ષ તેમજ વિપક્ષ વચ્ચે સુમેળ સુનિશ્ચિત કરી શકાય. ■

# નવનિર્મિત વાવ-થરાદ જિલ્લા પંચાયતની બેઠકોનું નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના વિભાજન અને નવનિર્મિત વાવ-થરાદ જિલ્લા અંગે સરકારે બેઠકોનું નોટિફિકેશન જાહેર કર્યું હતું. આ ઐતિહાસિક નિર્ણયથી ઉત્તર ગુજરાતના વહીવટી માળખામાં મોટા ફેરફારો થયાં છે. તારીખ ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા મહત્ત્વના નિર્ણય બાદ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને વાવ-થરાદને નવો જિલ્લો જાહેર કરવામાં આવ્યો હતો. આ નવા જિલ્લાની રચના સાથે જ જિલ્લા પંચાયતની બેઠકોનું નોટિફિકેશન પણ જાહેર કરી દેવામાં આવ્યું છે. જાહેરાત પ્રમાણે વાવ-થરાદ જિલ્લા પંચાયતમાં કુલ ૩૦ બેઠકો રહેશે. જેમાં ૧૭ બેઠકો સામાન્ય વર્ગ માટે રહેશે, ઓબીસી માટે કુલ ૮ બેઠકો અનામત રાખવામાં આવી છે. આ સાથે અનુસૂચિત જાતિ માટે ૪ બેઠકો અને અનુસૂચિત જનજાતિ માટે ૧ બેઠક અનામત રહેશે. નવા બનેલા વાવ-થરાદ જિલ્લાનું મુખ્ય મથક થરાદ રહેશે. આ જિલ્લામાં વાવ, થરાદ, સુઈગામ, દિયોદર, લાખાણી, ભાભર, રાહ (નવો તાલુકો) અને ઢીમા (નવો તાલુકો) એમ કુલ ૮ તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિભાજન પહેલા બનાસકાંઠામાં ૧૪ તાલુકા હતા, પરંતુ હવે તેમાં ૧૦ તાલુકાઓ રહેશે. બનાસકાંઠાનું વડુંમથક જે પહેલા હતું એ પાલનપુર જ રહેશે. બનાસકાંઠામાં તાલુકાની વાત કરવામાં આવે તો, પાલનપુર, વડગામ, દાંતા, અમીરગઢ, ડીસા, કાંકરેજ, ધાનેરા, દાંતીવાડા, ઓગડ અને હડાદ તાલુકાઓનો સમાવેશ થશે. બનાસકાંઠાનું વિભાજન કરવામાં આવ્યું તેમાં અનેક લોકોએ વિરોધ પણ ઉઠાવ્યો હતો. ■

# ચાઈનીઝ દોરીના વિક્રેતાઓ પર તવાઈ, ૪૦૯ ગુના નોંધાયા, ૪૭૭ લોકોની ધરપકડ,

## ૨.૬૭ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટમાં વર્ષ ૨૦૧૬માં એડવોકેટ સિદ્ધરાજસિંહ ચુડાસમા દ્વારા ચાઈનીઝ દોરી અને ચાઈનીઝ તુક્કલ ઉપર પ્રતિબંધની માગ સાથેની જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી. જે સંદર્ભે હાઇ કોર્ટે ઉપરોક્ત સામગ્રી સાથે સિન્થેટિક દોરી પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. ત્યારે રાજ્ય સરકારની કામગીરી સંદર્ભે ગૃહ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરીએ આગામી મકરસંક્રાંતિ પહેલા રાજ્યની પોલીસ દ્વારા ચાઈનીઝ દોરીના વેચાણ, સંગ્રહ, ઉત્પાદન અને વપરાશ સામે કરાયેલી કાર્યવાહીના આંકડાઓ સોગંદનામા દ્વારા રજૂ કર્યા હતા. જે મુજબ રાજ્યમાં સિન્થેટિક દોરીનો પતંગ ચગાવવા માટે ઉત્પાદન વેચાણ સંગ્રહ અને વપરાશ કરતા કિસ્સાઓમાં ૪૦૯ ગુના નોંધવામાં આવ્યા છે.

ચાઈનીઝ દોરીના ૭૧,૮૧૯ યુનિટ જપ્ત કરવામાં આવ્યા છે. જે કુલ મુદ્દામાલની રકમ ૨.૬૭ કરોડ જેટલી થવા જાય છે અને ૪૭૭ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ૩૪૨ મિટિંગો જનજાગૃતિ માટે યોજવામાં આવી છે. જાહેર માધ્યમોમાં ૩૭ જાહેરાતો અને ૭૩ ઇન્ટરવ્યૂ આપવામાં આવ્યા છે. ૬૮૩ જેટલી સોશ્યિલ મીડિયા પોસ્ટ દ્વારા લોકોમાં જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. જ્યારે જાગૃતિ માટે ૧૪ વાહનો રાખવામાં આવ્યાં છે. દર વર્ષે ૨૦૦૦ જેટલા પક્ષીઓ ઉતરાયણમાં ઘાતક દોરીનો ભોગ બને છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસના એસપી ઓમ પ્રકાશ જાટ દ્વારા ઓપરેશન દોરી અંતર્ગત દાદરા નગર હવેલીની ફેક્ટરી પર દરોડા પાડીને બે કરોડથી વધુની ચાઇનીઝ દોરીનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ બાબતે વધુ સુનવણી ૩૦ જાન્યુઆરીના રોજ રાખવામાં આવી છે. ■

# વડોદરામાંથી ૧૩,૨૦૦ કિલો મીઠાઈના જથ્થાનો નાશ

## લાઈસન્સ વગર જથ્થો સંગ્રહ કર્યાની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ હેઠળની ખોરાક શાખાએ મ્યુનિસિપલ કમિશનરની સૂચના તેમજ ડેઝિગ્નેટેડ ઓફિસર અને અધિક આરોગ્ય અમલદારના માર્ગદર્શન હેઠળ શહેરમાં ખાદ્ય સુરક્ષા અભિયાન હાથ ધર્યું છે. આ અભિયાન અંતર્ગત સિનિયર ફૂડ સેફટી ઓફિસરો તથા ફૂડ સેફટી ઓફિસરોની ટીમોએ આકસ્મિક તપાસ હાથ ધરી છે. જેમાં મોટા પ્રમાણમાં અખાદ્ય સામગ્રી મળી આવતા તેનો નાશ કરવામાં આવ્યો હતો. ખોરાક શાખાની ટીમે શહેરના ખોડિયારનગર વિસ્તારમાં આવેલા લવ્લી સ્વીટ નામની ખાદ્ય ઉત્પાદન યુનિટમાં તપાસ દરમિયાન મોટા પ્રમાણમાં એક્સપાયર્ડ તારીખવાળી મીઠાઈઓ મળી આવી હતી. જેમાં કન્ફેક્શનરી પેડા આશરે ૮૦૦૦ કિલો, કતરી આશરે ૭૦૦ કિલો, બરફી આશરે ૨૫૦૦ કિલો, લાડુ આશરે ૭૦૦ કિલો તથા અન્ય ફેન્સી મીઠાઈઓ આશરે ૧૩૦૦ કિલો સહિત કુલ અંદાજે ૧૩૨૦૦ કિલો મીઠાઈનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ જથ્થાની અંદાજિત કિંમત રૂ. ૭,૫૦,૦૦૦ આંકવામાં આવી હતી. આ તમામ એક્સપાયર્ડ મીઠાઈઓનો જથ્થો જામ્બુવા લેન્ડફિલિંગ સ્ટેશન ખાતે નાશ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત શહેરના વારસિયા, નરસિંહ ટેકરી, તિવારીની ચાલ, ફતેપુરા, કુંભારવાડા સહિતના વિસ્તારોમાં ખાદ્યપદાર્થો સાથે સંકળાયેલી ૨૬ યુનિટોમાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન અખાદ્ય અને અસ્વચ્છ ગણાતા ૫૦ લીટર પાણીપુરીનું પાણી, ૬૦ કિલો બટાકા, ચાર કિલો બાફેલા ચણા તથા ત્રણ કિલો સફેદ બાફેલા વટાણાનો નાશ કરવામાં આવ્યો હતો. ■

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન રાજકોટમાં ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં યોજાનાર વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન અને વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ દરમિયાન ગુજરાતના વિકાસ ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ અધ્યાય ઉમેરાવાની તૈયારી છે. જેમાં ૧૧ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાનાર આ પાંચ દિવસીય મહાપ્રદર્શન દરમિયાન રિવર્સ બાયર્સ-સેલર મીટ અંતર્ગત ૧૫૦૦થી વધુ એમઓયુ પર હસ્તાક્ષર થવાની શક્યતા છે. જ્યારે ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારોની હાજરીમાં ૧૮૦૦થી વધુ બીરબી મીટિંગ્સ યોજાશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટ ખાતે આ પાંચ દિવસીય વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનનું ભવ્ય ઉદઘાટન કરશે. ઉદઘાટન બાદ યોજાનાર કોન્ફરન્સ સત્ર રાજકોટને વૈશ્વિક વ્યાપાર, રોકાણ અને સહયોગનું મહત્ત્વપૂર્ણકેન્દ્ર બનાવશે, જ્યાં દેશ-વિદેશના ઉદ્યોગ નેતાઓ, રોકાણકારો અને નીતિ નિર્માતાઓ એકત્રિત થશે. જેમાં ૨૬,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા આ પ્રદર્શનમાં ૪૦૦ થી વધુ પ્રદર્શકો વિવિધ ક્ષેત્રોમાં પોતાની ક્ષમતાઓ અને નવીનતાઓ રજૂ કરશે. કૃષિ અને ખાદ્ય પ્રોસેસિંગ, મત્સ્યઉદ્યોગ, સંરક્ષણ, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રો ઉપરાંત ટોરેન્ટ પાવર લિમિટેડ, કોસોલ, અદાણી ગ્રીન, એસ્સાર ગ્રૂપ, નાયરા એનર્જી, જ્યોતિ સીએનસી સહિતના અગ્રણી કોર્પોરેટ્સની મજબૂત હાજરી રહેશે. રિવર્સ બાયર્સ-સેલર્સ મીટ સ્થાનિક એમએસએમઈ, હેન્ડલૂમ અને હસ્તકલા ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડીને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. આ કાર્યક્રમ દરમિયાન ૧૮૦૦ થી વધુ ઇ૨ઇ મીટિંગ્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૫૦૦ થી વધુ એમઓયુ પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. આ મીટમાં યુએસએ, યુરોપ અને ઓસ્ટ્રેલિયા સહિત ૧૬ થી વધુ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે, જેમાં એન્જિનિયરિંગ, કૃષિ અને કાપડ જેવા વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. વધુમાં, ૨૦ રાષ્ટ્રીય ખરીદદારો પણ મીટનો ભાગ બનશે, જે સહયોગ અને વૃદ્ધિ માટે તકોને વધુ મજબૂત બનાવશે.

આ પ્રદર્શન છ વિશિષ્ટ થીમેટિક ડોમમાં આયોજિત કરવામાં આવશે. દરેક ડોમમાં પોપ-અપ સ્ટેજ દ્વારા નવા ઉત્પાદનોનું લોન્ચિંગ, ટેકનોલોજી ડેમો અને મુલાકાતીઓ સાથે સીધો સંવાદ શક્ય બનશે. ■

# રાજકોટમાં પણ આરોગ્ય વિભાગ મેદાને ઊતર્યું, ૩૫ પાણીપુરીવાળાને ત્યાં તપાસનો ધમધમાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં ખાણી-પીણીની શુદ્ધતાને જાળવી રાખવા માટે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. લોકોને પાણીપુરી ખાવાનો ખૂબ જ શોખ છે. એટલા માટે તેનું વેચાણ પણ ધૂમ થાય છે. પરંતુ આ દરમિયા પાણીપુરી વેચતા લોકો સ્વાસ્થ્યનું ધ્યાન રાખે છે કે કેમ? તે એક પ્રશ્ન છે. જેથી રાજકોટ મનપા દ્વારા શહેરમાં પાણીપુરીના કુલ ૩૫ જેટલા ધંધાર્થીઓને ત્યાં ઓચિંતાનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ ચેકિંગ દરમિયાન મનપા દ્વારા કાર્યવાહી પણ કરવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન આરોગ્ય વિભાગના અધિકારીઓએ માત્ર સ્વચ્છતા જ નહીં, પરંતુ પાણીપુરીમાં વપરાતા મસાલા અને પાણીની ગુણવત્તાની પણ ઝીણવટભરી તપાસ કરી હતી. પાણીપુરી વાળા દ્વારા મીઠું, તીખું, જીરું અને લસણ વાળા પાણી બનાવવામાં આવે છે તેના નમૂના પણ લેવામાં આવ્યા હતા. આ નમૂનાઓને તપાસ માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા. જો નમૂનાઓમાં કોઇ હાનિકારક તત્ત્વો કે પછી અખાદ્ય રંગો હોવાનું સાબિત થશે તો તે ધંધાર્થી સામે કાર્યવાહી કરવામાં આવશે. આરોગ્ય વિભાગ દ્વારા માત્ર ગુણવત્તા જ નહીં પરંતુ વહીવટી નિયમોના પાલનનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. આ ધંધાર્થીઓ નિયમોને કડક રીતે પાલન કરે તેવા નિર્દેશ પણ આપવામાં આવ્યાં છે. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી તેમાંથી કેટલાક ધંધાર્થીઓ પાસે જરૂરી દસ્તાવેજો ના હોવાનું પણ જાણવા મળ્યું હતું. ■

## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) સરિતા દેવી | ૩૦,૦૦૦ |
| ૨) પ્રાણબ કુમાર બિસ્વાસ | ૨૫,૦૦૦ |
| ૩) પ્રતિમા મંડળ | ૭૦,૦૦૦ |
| ૪) ગણેશ બોઉરી | ૧,૦૦,૦૦૦ |
| ૫) પ્રનકૃષ્ણ રોય | ૧,૨૦,૦૦૦ |
| ૬) અનિતા સહ | ૧,૫૦,૦૦૦ |
| ૭) શ્રી હુમાર સારેણ | ૧,૦૦,૦૦૦ |
| ૮) શિયશરણ ઝા | ૧,૦૦,૦૦૦ |
| ૯) અશોક યાદવ | ૨૦,૦૦૦ |
| ૧૦) રણજિત માલાકાર | ૫૦,૦૦૦ |
| ૧૧) નિલેશ ડૂબે | ૧,૨૦,૦૦૦ |
| ૧૨) અસિત કુમાર રોય | ૧,૫૦,૦૦૦ |
| ૧૩) શિવ શંકર ચકમ્યું | ૧,૦૦,૦૦૦ |
| ૧૪) મહેશ રામચંદ્ર | ૧,૨૦,૦૦૦ |
| ૧૫) રણજિત કુમાર | ૧,૨૦,૦૦૦ |
| ૧૬) શુભાકાર પ્રમાણિક | ૨,૦૦,૦૦૦ |
| ૧૭) અનુરાગ કુમાર | ૩,૦૦,૦૦૦ |
| ૧૮) પ્રાણબ કુમાર બિસ્વાસ | ૧,૨૦,૦૦૦ |
| ૧૯) શાંતિ ભગત | ૪૦,૦૦૦ |
| ૨૦) રામ કુમાર ગુપ્તા | ૧,૨૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

## સંસ્થા સમાચાર

### માનસિક રીતે અક્ષમ બાળકો માટે કાર્યરત સંસ્થાએ મનાવ્યો હીરક મહોત્સવ



મનોદિવ્યાંગ બાળકોના વિકાસ અને તેમના પુનર્વસન માટે સોસાયટી ફોર ધ વોકેશનલ રિહેબિલિટેશન ઓફ ધ રિટાર્ડેડ ઘણાં વર્ષોથી કાર્યરત છે. તારદેવમાં આવેલી આ સંસ્થા તેની સ્થાપનાના ૬૦ વર્ષ ઉજવી રહી છે. એના ભાગરૂપે ૮ જાન્યુઆરીએ વરલી ખાતે આવેલા નહેરુ સેન્ટરમાં 'સ્વરગંગા' નામક ચેરિટી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંસ્થા આ બાળકોને આત્મનિર્ભર બનાવે છે. તેમને વોકેશનલ માર્ગદર્શન, રિહેબિલિટેશન અને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને આર્થિક રીતે સક્ષમ બનાવવાનું કાર્ય કરે છે. આ બાળકો હેન્ડબેગ, નેપકિન્સ, ટુવાલ અને હેન્ડિક્રાફ્ટ્સની અનેક વસ્તુઓ બનાવે છે.

### શાકોત્સવ

શ્રી ઘનશ્યામ મહારાજ સેવક મંડળ મુંબઈ દ્વારા ઘાટકોપરમાં શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં સદ્ગુરુ ધ્યાની સ્વામીના ગુરુ સ્થાને વિદ્વાન સાહિતાચાર્ય (ગોલ્ડ મેડાલિસ્ટ) સંત શ્રી સત્સંગભૂષણદાસજી અને સંતમંડળના નેજા હેઠળ ઉજવવામાં આવ્યો હતો. તેમણે સૌને આધ્યાત્મિકતા અને ધર્મનું મહત્ત્વ સમજાવ્યું હતું. સાથે જ વ્યસનમુક્તિ અને સદાચારનું પાલન કરવાનો સંદેશ આપ્યો હતો. એ દરમિયાન બે હજાર ભક્તોએ પ્રસાદનો લાભ લીધો હતો.

## પાંચમા પાનાનું ચાલુ

### ખમતીધર અને

સક્ષમ ખેલાડીઓ ઉડ્ડયન વ્યવસાયમાં આવે, ઓછી આર્થિક ક્ષમતા ધરાવતા લોકોએ પ્રવેશ ન કરવો જોઈએ. કેટલીક નવી એરલાઇન્સને લાઇસન્સ આપવામાં આવ્યા છે, પરંતુ મને નથી લાગતું કે તેઓ લાંબો સમય ટકી શકશે.

રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલ ૨૦૦૪-૨૦૧૧ દરમિયાન કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન હતા અને હાલમાં રાજ્યસભાના સભ્ય છે. તેમણે જણાવ્યું હતું કે આપણને એર ઈન્ડિયા શરૂ કરનારા ટાટા જેવા ખમતીધર લોકોની ઉડ્ડયન ક્ષેત્રમાં જરૂર છે. (પીટીઆઈ)

### ચાદર વેચનારા

હતા. આ બાબતે જાણ થતાં સાતપાડી પોલીસ તાત્કાલિક ત્યાં પહોંચી હતી. પ્રાથમિક પૂછપરછમાં બાળકો ચોરવાને ઇરાદે ન આવ્યા હોવાની ખાતરી થઈ હતી. આરોપીઓએ બાળકીઓના ફોટા પાડ્યા હોવાની ફરિયાદ એક ગામવાસીએ કરી હતી, જેને પગલે ચારેય વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપી સુનીલ સલાટની ધરપકડ કરી વધુ તપાસ કરવામાં આવી રહી હોવાનું સાતપાટી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર ઉદ્ધવ સુર્વેએ જણાવ્યું હતું.

### નવી મુંબઈ વોર્ડ

જાન્યુઆરીની ચૂંટણી માટે રિટર્નિંગ ઓફિસરના તેમના ઉમેદવારીપત્રને અમાન્ય જાહેર કરવાના આદેશને પડકાર્યો હતો. મહારાષ્ટ્ર મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૧૦(૧ડી) મુજબ, જો કોઈ વ્યક્તિ અથવા તેના આશ્રિત પરિવારના સભ્યએ કોઈ ગેરકાયદેસર અથવા અનધિકૃત બાંધકામ કર્યું હોય તો તેને કાઉન્સિલર બનવા માટે ગેરલાયક ઠેરવવામાં આવે છે. પોતાની અરજીમાં, ભોજણેએ જણાવ્યું હતું કે આ કલમ ફક્ત વર્તમાન કાઉન્સિલરને લાગુ પડે છે, ઉમેદવારને નહીં.

### પુણેમાં

છીએ. શિવસેના પોતાના કાર્યકરોના બચાવ માટે ખડેપગે હાજર રહે છે.'

શિંદેએ મુંબઈમાં બનેલી ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો હતો જેમાં ભાજપના કાર્યકરોએ શિવસેનાને નિશાન બનાવવા માટે '૫૦ ખોખે' (૫૦ કરોડ રૂપિયા) ના નારાનો ઉપયોગ કર્યો હતો. જૂન ૨૦૨૨માં બાળ ઠાકરે દ્વારા સ્થાપિત પક્ષમાં વિભાજન બાદ ઉદ્ધવ ઠાકરે જૂથ દ્વારા આ નારા લગાવવામાં આવ્યા હતા. શિવસેના (યુબીટી) એ વારંવાર આરોપ મૂક્યો છે કે શિંદે અને તેમના બળવાખોરોને પક્ષ વિભાજન કરવા પ્રત્યેકને ૫૦ કરોડ રૂપિયા મળ્યા હતા.સભામાં બોલતા શિંદેએ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે પર કટાક્ષ કરી જણાવ્યું હતું કે 'કેટલાક લોકો પોતાને માલિક માને છે પરંતુ વાસ્તવિક માલિકો નાગરિકો છે. કોને આગળ કરવો અને કોને પાછો પાડી દેવો એ લોકો જ નક્કી કરે છે.'

### કાંદિવલી-બોરીવલી

અગિયારમી જાન્યુઆરીના રવિવારે રાતના મેજર બ્લોક લેવામાં આવશે. આ બ્લોક અપ ફાસ્ટ લાઈનમાં રાતના ૧૧.૧૫ વાગ્યાથી વહેલી સવારના ૩.૧૫ વાગ્યા સુધી તથા ડાઉન ફાસ્ટ લાઈનમાં રાતના એક વાગ્યાથી સવારના ૪.૩૦ વાગ્યા સુધી બ્લોક રહેશે. રવિવાર સિવાય સોમવારે રાતના કાંદિવલીના ક્રોસઓવર ૧૦૧/૧૦૨/૧૦૩ અને ૧૦૪ને જોડવા માટે મેજર નાઈટ બ્લોક લેવામાં આવશે. આ બ્લોક અપ ફાસ્ટ લાઈનમાં રાતના ૧૧.૧૫ વાગ્યાથી સવારના ૩.૧૫ વાગ્યા સુધી તથા ડાઉન લાઈનમાં રાતના એક વાગ્યાથી સવારના સાડાચાર વાગ્યા સુધી કાંદિવલી અને મલાડ વચ્ચે બ્લોક લેવામાં આવશે. આ બંને દિવસના બ્લોકને કારણે ૧૧/બારમી જાન્યુઆરીના ૬૦ અપ એન્ડ ૬૦ ડાઉન ટ્રેન મળીને ૧૨૦ લોકલ રદ રહેશે. ૧૩મી ૧૨/૧૩જાન્યુઆરીના પણ ૧૨૦ લોકલ રદ રહેશે.

### પક્ષો પોતાના

અપનાવી રહ્યા છે, પાર્ટીના નેતાઓ અને કાર્યકરો દ્વારા વારંવાર પક્ષપલટા અંગેના પ્રશ્નના જવાબમાં પવારે કહ્યું હતું.

પવારે એમ પણ કહ્યું કે ઉમેદવારનું મૂલ્યાંકન કથિત ચૂંટણીલક્ષી યોગ્યતાના આધારે કરવામાં આવે છે, નહીં કે નેતા તરીકે તેણે શું કર્યું છે તેના આધારે. તેમણે કહ્યું કે એક નવો ટ્રેન્ડ ઊભરી આવ્યો છે જ્યાં ઉમેદવારોની લોકપ્રિયતા માપવા માટે સર્વેક્ષણોનો ઉપયોગ કરવામાં આવે છે. કોઈ ચોક્કસ વિસ્તારમાં સૌથી લોકપ્રિય ઉમેદવાર કોણ છે તે ચકાસવા માટે સર્વેક્ષણોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જો તે વ્યક્તિ વિરુદ્ધ પક્ષનો હોય, તો તેને શિકાર બનાવવાના પ્રયાસો કરવામાં આવે છે, તેમણે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના પહેલા મુખ્ય પ્રધાન યશવંતરાવ ચવ્હાણના રાજકારણની પ્રશંસા કરતા પવારે કહ્યું કે, ''તેઓ વિપક્ષી પક્ષના નેતાઓને પણ સમાન માન આપતા હતા. તેઓ એ વિચાર્યા વિના ભંડોળનું વિતરણ કરતા હતા કે તે વ્યક્તિ વિપક્ષનો છે કે નહીં. જોકે, વર્ષોથી, કોઈ પ્રકારની બદલાની રાજનીતિ ઘૂસી ગઈ છે. આવું ન થવું જોઈએ.''

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ જામખંભાળીયા હાલ થાણા ભૂપેન્દ્ર કેશવજી મામતુરા (ઉં.વ.૬૭) તે કેશવજી જેસંગ મામતુરાના પુત્ર. તે માલતીબેનના પતિ. તે હિમાંશુ બીજલના પિતા. તે અશોકભાઇના મોટાભાઇ. તે શાન અને ધ્રુવના સસરા. તે લક્ષ્મીદાસના ભાઇ થુનાના જમાઇ. શુક્રવાર, તા. ૯-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી (વૈષ્ણવ)**

સ્વ. સુરેશભાઇ ગંગાદાસ દાણી (ઉં. વ. ૭૮) સ્વર્ગવાસ. તા. ૮-૧-૨૬. સ્વ. ગંગાદાસ પ્રભુદાસ દાણી (પિતા). સ્વ. જયાબેન દાણી (માતોશ્રી). સ્વ. આશાબેન સુરેશભાઇ દાણી (પત્ની). બ્રિજેશ અને સ્વાતિ (પુત્ર-પુત્રી). ઉર્મિલ વસારીયા (જમાઇ). સ્વ. હેમલતાબેન હરીલાલ ભગત (સાસુ). દિનેશભાઇ, ચંદુભાઇ, દિપકભાઇ, અજયભાઇ, (ભાઇ). પ્રાર્થનાસભા તા. ૧૨-૧-૨૬ સોમવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. વિશ્વેશ્વર ભવન, સંન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૬.

**દમણીયા દરજી**

હાલ કાંદિવલી નિવાસી સ્વ. સુરેશભાઇ નારણદાસ દમણીયા (ઉં. વ. ૮૦) તા. ૭-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. નર્મદાબેન નારણદાસ જીવનદાસના સુપુત્ર. તે હેમલતાબેન પતિ. તે મયુર, રૂપલના પિતાશ્રી. શિલ્પા, જીતેશના સસરા. તે ક્રિશના દાદા. રોનિતના નાના. પ્રાર્થનાસભા તા. ૧૧-૧-૨૬ના ૫થી ૭. ઠે. શ્રી હાલાઇ લોહાણા બાલાશ્રમ, (એચબીએલ બેન્કવેટ હોલ), મથુરાદાસ એક્સટેન્શન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ગુર્જર ક્ષત્રિય કડિયા**

વાંકાનેર નિવાસી હાલ વિલેપાર્લે (વેસ્ટ) નટવરલાલ (નટુભાઇ) કલ્યાણજી સોલંકી (ઉં.વ. ૮૯) તા. ૬-૧-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.ગીતાબેનના પતિ. કવિતા, કોમલ, ગૌરાંગના પપ્પા. જયેશ હર્ષદરાય મહેતાના સસરા. સ્વ. વજુભાઇ, સ્વ. રતીભાઇ, કાન્તાબેન, કાશીબેન, પુષ્પાબેનના ભાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**જંબુસર લાડ વણિક**

ગં. સ્વ. રશ્મિબેન બીપીનચંદ્ર શાહ (ઉં. વ. ૮૪) તે વિરલ શાહ અને સેજલ નાણાવટીના માતુશ્રી. રીના શાહ અન કેતન નાણાવટીના સાસુ. આયુષ, જીઆના દાદી. અનુજ, પંક્તી, જાનવીના નાની. તા. ૮-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. એલ-૬૦૩, ભૂમિ બ્રીઝ, રાહેજા એસ્ટેટ, કુલુપવાડી, બોરીવલી (ઇસ્ટ).

**દશા મોઢ માંડલીયા વણિક**

ચોરવાડ નિવાસી હાલ ઘાટકોપર અ. સૌ. રેખા વિરેન પટેલ (ઉં. વ.૬૯) તે વિરેન ભાઇલાલ પટેલના ધર્મપત્ની. સૌરભ અને હર્ષિતાના માતુશ્રી. અ. સૌ. રૂચી તથા હર્ષ કીર્તિ મહેતાના સાસુ. સ્વ. ભોગીલાલ ધરમશી દામાણીની પુત્રી. શૈલેશ, દિવ્યા ધીરેન ગાંધી તથા દિપ્તી પરેશ અઢિયાની બેન. તા. ૭-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૧-૨૬ના ૪થી ૬. ઠે.લાયન્સ કમ્યુનિટી હોલ, ૯૩-બી, ગારોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ).

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ, ઢોંચાણા, હાલ કુર્લા, સ્વ. ડાહ્યાલાલ વાલજી લાખાણીના ધર્મપત્ની હંસાબેન લાખાણી (ઉં. વ. ૯૪) તે સ્વ. માણેકબેન વાલજીભાઈ લાખાણીના પુત્રવધૂ. રાડિયાતબેન પરષોત્તમ ગણાત્રાના દિકરી. જ્યોત્સનાબેન, સ્વ. સુરેશભાઈ, સ્વ. અરવિંદભાઈ, સ્વ. હરીશભાઈના માતુશ્રી. ગં.સ્વ. ઉષાબેનના સાસુમા. સૌ. જિગ્નાબેન રૂપારેલ, હિતેષભાઇ, નિખિલભાઈ, હિતેનભાઈના દાદીમા-નાનીમા. તા. ૭-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ બિદડા હાલ મુલુંડ, રમેશ કાનજી રૂપારેલ (ઉં. વ. ૭૦) તા. ૦૭/૦૧/૨૬, બુધવારના રામશરણ પામ્યા છે. ગં.સ્વ. ગોદાવરીબેન અને કાનજી હીરજી રૂપારેલના પુત્ર. ભાવનાબેનના પતિ. પુનિતના પિતા. સ્વર્ગીય ગંગા રુક્ષ્મણીબેન કલ્યાણજી રાયમંગ્યાના મોટાજમાઈ. ગામ ટપ્પર, બેન- ગં.સ્વ. નલિની ઠક્કર તથા પ્રજ્ઞા ઉદય

## જૈન મરણ

**વિશા પોરવાલ જૈન**

પેથાપુર નિવાસી હાલ ગોરેગામ કિરણભાઈ જયંતીલાલ શાહ (ઉં.વ. ૭૩) તા. ૮-૧-૨૬ના રોજ અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. શ્રીમતીબેન જયંતીલાલ શાહના પુત્ર. ઈલાબેન કિરણભાઈના પતિ. રીતેશ, બીન્દાના પિતા. સૌ. ખુશ્બુના સસરા. નીરવીના દાદા. પ્રાર્થનાસભા તા. ૧૦-૧-૨૬, શનિવારના ૧૦ થી ૧૨. સ્થળ: જવાહર નગર હોલ, સરદાર પટેલ ભવન, એસ. વી. રોડ, ગોરેગામ (વેસ્ટ).

**કાંઠા સતાવીસ વિસા શ્રીમાળી જૈન**

લાડોલ નિવાસી હાલ ભાંડુપ વિનોદચંદ્ર ચુનિલાલ શાહ (ઉં. વ. ૮૫) તા. ૭-૧-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે ધર્મિષ્ઠાબેનના પતિ. સ્વ. મોતીબેન ચુનિલાલના પુત્ર. સ્વ. અમૃતલાલ જેઠાલાલના જમાઇ. સ્વ. ફકીરચંદ, સ્વ. લીલાબેન, સ્વ. જસીબેન, સ્વ. નિર્મલાબેન, સ્વ. કલાવતીબેનના ભાઇ. કિરણ, હિરેન, અમીતાના પિતા. જીજ્ઞા, ધાત્રી, હિતેશ કુમારના સસરા. એ/૧, બામા સ્મૃતિ, લક્ષ્મી મેડિકલની ઉપર, સ્ટેશન રોડ, ભાંડુપ (વેસ્ટ),

માધવાણી, ભાઈ- વિજય કાનજી રૂપારેલ, ભાભી- રેખા વિજય રૂપારેલ, સેજલ હર્ષલ શાહ અને ધ્રુવના બહપ્પા. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હલાઈ લોહાણા**

કાંદિવલી નિવાસી, ગં.સ્વ.પુષ્પાબેન (ઉં. વ. ૮૪) સ્વ. વસંતલાલ પોપટલાલ મશરૂના ધર્મપત્ની, સ્વ. જશોદાબેનના વહુ. દીપકભાઈ, જસ્મિનભાઈ, રાજેશભાઈના માતાશ્રી. બિંદુબેન, બીનાબેન, દિક્ષિતાબેનના સાસુ. મનાલી લતેશકુમાર કંસારા, કૌશલ રાજેશ મશરૂ - સ્નેહ, પરમેશ્વરી સ્મીતકુમાર મદલાણી, સલોની યશકુમાર પંચવાણીના દાદી. સ્વ. કમળાબેન દામોદરદાસ ચતવાણીના દીકરી. તા. ૭/૧/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. ગીતાપાઠ તા. ૯/૧/૨૬ અને ૧૦/૧/૨૬. ૪:૦૦ થી ૬:૦૦. ઠે. ૭૫, દિનાનાથ એપાર્ટમેન્ટ, એમ. જી. રોડ, યુકો બેંકની સામે, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

સથરાવાળા, હાલ બિલીમોરા, સ્વ. વિજકુંવરબેન દ્વારકાદાસ મહેતાના પુત્રવધૂ તથા સ્વ. ચંપકલાલ મહેતાના ધર્મપત્ની જસવંતીબેન (ઉં. વ. ૮૯) તે સ્વ. અનસુયાબેન જેઠાલાલ, ગં. સ્વ. સરસ્વતીબેન હરિભાઈના દેરાણી, અમરેલીવાળા સ્વ. કમળાબેન હરિભાઈ મહેતાના દિકરી. સ્વ. ઉર્મિલાબેન ગજેન્દ્રભાઈ ભુવા, પ્રફુલ્લાબેન જયંતભાઈ સંઘવી, ઉષાબેન ધીરજલાલ મોદી, દેવીબેન જયપ્રકાશભાઈ મહેતા, સુરેશભાઈ તથા શૈલેષભાઇના બહેન. બુધવાર તા. ૦૭.૦૧.૨૦૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લોહાણા**

મૂળગામ દહાણુ હાલ કલ્યાણ, ગં.સ્વ. ઉર્મિલાબેન વસાણી (ઉં. વ. ૭૦) ગુરૂવાર તા. ૦૮/૦૧/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. સતીશકુમાર જયસુખલાલ વસાણીના ધર્મપત્ની. ભાવિન તથા પાયલ ભાવેશકુમાર કારિયાના માતોશ્રી. વિનોદભાઈના ભાભી. શોભાબેનના જેઠાણી, રમેશભાઈ, પ્રિયંકા અને ભાવેશકુમારના સાસુ. સ્વ. વિજયાબેન નાનાલાલ નારણદાસ વડેરાના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૦/૦૧/૨૬ના ૪.૩૦ થી ૬.૦૦. ઠે. જલારામ હોલ, લોહાણા મહાજનવાડીની પાછળ, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ(પ).

**દશા મોઢ માંડલિયા વણિક**

જુહુવાળા ભગવાનદાસ મણિલાલ શાહ (ઉં. વ. ૮૬) ગુરુવારે તા. ૮.૧.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. દિવ્યપ્રભાબેનના પતિ. દીપેનના પિતા. મેઘનાના સસરા. સ્વ. રસિકલાલ, સ્વ. ઈશ્વરલાલ, સ્વ. જિતેન્દ્રભાઈ, સ્વ. પદ્માબેન શાહ, સ્વ. વિજયાબેન સોલંકી, સ્વ. આણંદબેન શાહ, ગં.સ્વ. દેવ્યાનીબેન (વીણાબેન) મેહતાના ભાઈ. સ્વ. હરિલાલ, સ્વ. નવનીતલાલ, સ્વ. ચંદ્રકાંતભાઈ, સ્વ. ચંદ્રમણીબેન શાહ, સ્વ. ગીતાબેન દામાણીના બનેવી, મિતના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

સ્વ. ચીમનલાલ મોંજીલાલ મોદી સ્વ. કુસુમબેન ગોધરાવાળાના પુત્ર કિરણકુમાર તે નયનાબેનના પતિ, દીપકભાઈ તથા રિટાબેનના ભાઈ. કુસુમબેન કીર્તનલાલ શાહ સેવકના જમાઈ. ધ્વનિ, ખ્યાતિ તથા ધવલના પિતા. બીજલ, વિપુલકુમાર તથા ગુંજનકુમારના સસરા. ૮/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. બેસણું ૧૨/૧/૨૬ના ૫ થી ૭. ઠે. કેવલબાગ, કિલાચંદ રોડ, શંકર લેનની સામે, ફ્લાયઓવરની નીચે કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

હાલ દહિસર શ્રીમતી દક્ષાબેન (ઉં. વ. ૭૭) તે મહેન્દ્રભાઈ નટવરલાલ માચીસવાલાના ધર્મપત્ની. દેવાંગ તથા એકતાના માતુશ્રી. વિક્રાંત પારેખ તથા કલ્પનાબેનના સાસુ. અરૂણભાઈ, હર્ષાબેન, રંજનબેનના ભાભી. સ્વ. લીલાવતીબેન શનિલાલ શાહના દીકરી. ૮/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વૈષ્ણવ વણિક,**

ધોરાજી નિવાસી, હાલ વિરાર, સ્વ. સમરથબેન વલ્લભદાસ શેઠના પુત્ર ચંદ્રકાંત (ઉં.વ.૮૧) ગુરૂવાર તા. ૦૮/૦૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કાંતાબેનના પતિ. સ્વ. જયસુખભાઈ, સ્વ. હંસાબેન મધુસુદન શ્રીમાંકર, સ્વ. વિમલાબેન મનુભાઈ ગાધીના ભાઈ. રવિભાઈ, મેહુલભાઈ, પૂજાબેન અને જીગનાબેનના પિતાશ્રી, તૃપ્તિબેન, કાશ્મીરાબેન, દિલીપ માંડવિયા, વસંત પારેખના સસરા, સ્વ. મોહનલાલ પુરુષોત્તમ ઝવેરીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૦/૦૧/૨૬ શનિવારના ૪ થી ૬. ઠે. શ્રી જૈન શ્વેતામ્બર તેરાપંથી સભા, તેરાપંથસભા ભવન, અહિંસા માર્ગ, વિરાર વેસ્ટ.

**મોડાસા એકડા દશા ખડાયતા**

મૂળ શીણાવાડના વતની હાલ ભાયંદર, સ્વ. ભોગીલાલ ગોરધનદાસ શાહના પુત્ર સુભાષચંદ્ર શાહ તા. ૦૬.૦૧.૨૬ને મંગળવારના શ્રીજીચરણ થયેલ છે. તે દીપિકાબેનના પતિ, રોનક તથા જિજ્ઞાના પિતા, ફાલ્ગુનના સસરા, જસવંતભાઈ, ભૂપેન્દ્રભાઈ અને ગોવિદભાઈના ભાઈ. નેરલ નિવાસી (મૂળ પુંસરીના વતની) સ્વ. મોહનલાલ ભગવાનદાસ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૦.૦૧.૨૬ને શનિવાર, ૩ થી ૫. ઠે. બીજો માળ, કપોળ વાડી, ગીતા નગર, ૬૦ ફૂટ રોડ ભાયંદર વેસ્ટ.

**ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિ**

ચુડા નિવાસી હાલ કાંદીવલી, ગં.સ્વ. વિમલાબેન તે અમૃતલાલ રતિલાલ વઢવાણાના પત્ની (ઉં.વ.૮૨) તે સ્વ. ઠાકરસિંહ ચૌહાણના પુત્રી. દીપક અને જયશ્રીના માતા. અલકા અને જગદીશ કુમાર ગોહિલના સાસુ, અંકિત, અનુજના દાદી. વિનીતાના નાની તા. ૭.૧.૨૬, બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

કેતી કેકી બલસારા તે મરહુમ કેકીના ધનયાની. તે મરહુમો ઓસ્તી નાજુ એરવદ જાલ પંથકીના દીકરી. તે ઝોએબના માતાજી. તે ગુલેસ્તાનના સાસુજી. તે હીરા ને ભીખુના બહેન. તે આરીશના બપઇજી.(ઉં. વ. ૮૩) રે. ઠે. ૪/૫૯, એ.એચ. વાડીયા બાગ, પરેલ ટેંક રોડ, મુંબઇ-૪૦૦૦૩૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૧-૧-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે લાલબાગ અગિયારીમાં છેજી.

લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી (ઘુંટું) નિવાસી હાલ મુંબઇ સ્વ. હેમકુંવરબેન તથા સ્વ. ચમનલાલ અમુલખ મહેતાના પુત્ર કિશોરભાઇ (ઉં. વ. ૮૧) તા. ૮-૧-૨૬ ગુરુવારે ઘાટકોપર મુકામે અરિહંતશરણ પામેલ છે. તે નલિનીબેનના પતિ. શીતલ અને રિશીતના પિતા. પ્રિયાના સસરા. માયેશા અને વિયાનાના દાદા. તે સ્વ. રતિલાલ મોતીચંદ સંઘવીના જમાઇ. તે સ્વ. ઇન્દિરાબેન પ્રવીણભાઇ મહેતા, અરવિંદાબેન અરુણભાઇ કોઠારી, સ્વ. મૃદુલાબેન અશોકભાઇ ચોકસી, મીનાબેન મહેતા, સ્વ. જયોતીબેન પ્રફુલભાઇ મહેતા, રીટાબેન પ્રકાશભાઇ દોશી, જયેશભાઇ ચમનલાલ મહેતા, દક્ષાબેન શૈલેષભાઇ અજમેરાના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૧૧-૧-૨૬ રવિવારે ૧૦થી ૧૨. ઠે. ત્રિધા બેન્કવેટસ, ચોથે માળે, અગ્રસેન ભવન, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા નિવાસી હાલ મીરારોડ, સ્વ. દલસુખરાય મણીલાલ પંચમીયાના પત્ની ગં. સ્વ. ભાવનાબેન (ઉં. વ. ૭૮) તા. ૮-૧-૨૬ને ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. તારાબેન સાકરલાલ મગીયાની દીકરી. હીના મોદી, વિરાજ અને હાર્દિકના માતુશ્રી. અલ્પા, હરેશ મોદીના સાસુ. મેઘા, આર્ચીના દાદી. સ્વ. મુકુંદભાઇ, મહેન્દ્રભાઇ, જયાબેનના ભાભી. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વરલ નિવાસી હાલ બોરીવલી સ્વ. જશુમતીબેન દલીચંદ શાહના સુપુત્ર જિતેન્દ્ર (ઉં. વ. ૭૨) તા. ૮-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે દિપ્તિબેનના પતિ. બીપીનભાઇ, મહેશભાઇ, સ્વ. જયેન્દ્રભાઇ, સ્વ. હસુમતીબેન મનોજકુમાર વોરાના ભાઇ. ઇલાબેન, જયોતિબેનના દીયર. ભારતીબેનના જેઠ. સ્વ. નગીનદાસ કરસનદાસ શાહ દાઠાવાળાના જમાઇ. તા. ૧૧-૧-૨૬ના રોજ ૩થી ૫, સ્મરણાંજલી રાખેલ છે. ઠે. મહાવીર નગર, ફેક્ટરી લેન, બોરીવલી (વેસ્ટ), ગુણાનુવાદ સભા જાંબલી ગલી જૈન દેરાસર તા. ૨૦-૧-૨૬ના રાખેલ છે. (બોરીવલી)માં.

**ઝાલાવાડી દશા શ્રીમાળી મુ જૈન**

જશાપર નિવાસી હાલ ભાયંદર, સ્વ. કંચનબેન કાંતિલાલ શાહના પુત્ર સુરેશભાઈ (ઉં. વ. ૫૮) તે મનીષાના પતિ. વૈભવી પાર્થ શાહના પિતા. સ્વ. ભાઈલાલભાઈ, ચંદુભાઈ, સ્વ. બિપીનભાઈ, મનોજભાઈ, હંસાબેન, શારદાબેન, કોકિલાબેન, નીરુબેનના ભાઈ. રસીલાબેન સૂર્યકાન્ત ગાંધીના જમાઈ. ૮/૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૫, ગૌતમ નગર ૪, અંબેમાતા રોડ, હોલી ક્રોસ રોડ, રાજેશ હોટલ પાસે, ભાયંદર વેસ્ટ.

**સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી સ્થા જૈન**

ચોરવાડ નિવાસી હાલ બોરીવલી, સ્વ. ચંદનબેન ધીરજલાલ દોશીના પુત્ર સુરેશભાઈ (ઉં. વ. ૮૨) ૮/૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નીલાબેનના પતિ, અલ્પા, નીરવ, શ્વેતાના પિતા, વિક્રમભાઈ તથા સુવર્ણાના સસરા, અરવિંદ, હરેશ, શૈલેષ, દિનેશ, સ્વ. સુશીલા, સરોજ, પૂર્ણિમાના ભાઈ. તળાજા નિવાસી સ્વ. ઇન્દુમતી વિનયલાલ દાણીના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર ૧૧/૧/૨૬ના ૧૦ થી ૧૨. ઠે. વર્ધમાન સ્થા જૈન સંઘ, સર્વોદય હોલ, ડાયમંડ ટોકીઝની સામે એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

ઉપલેટા નિવાસી હાલ બોરીવલી, સ્વ. ચુનીલાલ મેઘજી મહેતાના પુત્રવધુ તથા સ્વ. હસમુખભાઈના ધર્મપત્ની પુષ્પાબેન મહેતા (ઉં. વ. ૭૫) ૮/૧/૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. તે રાહુલ તથા મુકુલના માતુશ્રી. અલ્પા તથા નેહાના સાસુ. પિયરપક્ષે ધ્રોલ નિવાસી સ્વ. રતિલાલ વશરામ મહેતાના દીકરી. પ્રાર્થનાસભા ૧૦/૧/૨૬ના ૪ થી ૬. ઠે. શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, સર્વોદય હોલ, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓસવાળ જૈન**

નાના ભાડિયાના અરૂણા અરવિંદ વીરા (ઉં. વ. ૬૦) તા.૬-૧-૨૬ના અવસાન પામેલ છે. વિમળાબેન દામજીના પુત્રવધુ. સ્વ. અરવિંદના ધર્મપત્ની. યોગેશ, નિશા, કોમલના માતુશ્રી. રાયપુરના બુધેશ્વરી હીરાધરના દીકરી. મંશારામ, શુકબાઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. યોગેશ વીરા એ-૧૦૪, તુલજેશ્વરી દિલ, આંબાવાડી, તુલીજ રોડ, નાલાસોપારા (ઇસ્ટ) ૪૦૧૨૦૯.

કાંડાગરાના ધીરજ માવજી લખમશી ગોગરી (ઉં. વ. ૭૪) તા. ૭-૧-૨૬ના માંદગીથી અવસાન પામેલ છે. તેઓ સ્વ. લક્ષ્મીબેન માવજી લખમશીના સુપુત્ર. માધવીના પતિ. રૂપાલી અને જીગરના પિતાશ્રી. ભાઇલાલ, હસમુખ, પ્રદીપના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : ધીરજ ગોગરી, ૫૦૫, બાવા ટાવર, બી-વિંગ, નારાયણ નગર, વી.એન.પુરવ માર્ગ, ચુનાભઠ્ઠી (ઇસ્ટ), ૪૦૦૦૨૨.

દેવપુરના અ.સૌ.જ્યોતિ લક્ષ્મીચંદ ગાલા (ઉં. વ. ૬૪) તા. ૦૬-૦૧-૨૬ના અવસાન પામેલ છે. મણીબાઈ નેણશીના પુત્રવધૂ. લક્ષ્મીચંદના પત્ની. જીગર, ચીરાગ, રીંકુના માતાજી. ગઢસીસાના પાનબાઈ ભાણજીના પુત્રી. રાઘવજી, નવિન, પ્રેમજી, રમેશ, જવેરના બેન. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. નિ. લક્ષ્મીચંદ ગાલા, બી૧/૮૦૨, મેઘ મયુર રેસીડેન્સી, ગુંજન, વાપી-૩૯૬૧૯૫.

કપાયાના નીતાબેન સંગોઇ (ઉં. વ. ૬૪) તા. ૭-૧-૨૬ ના રોજ અવસાન પામેલ છે. ભાનુમતી લખમશી હરશી ના પુત્રવધુ. સ્વ. રસીક ના ધર્મપત્ની. પ્રતિકના માતુશ્રી. સાકરબેન ગાંગજીના પુત્રી. અશ્વિનના બેન. પ્રા. વર્ધ. સ્થા. જૈ. શ્રા. સંઘના કરશન લઘુ નીશર હોલ, દાદર (વે) ૪ થી ૫.૩૦. નિ. પ્રતિક સંગોઈ, ૫, સાને નિવાસ, ટાઇકલ વાડી, માટુંગા (વે).

મેરાઉના ધીરજલાલ કરમશી ફુરીયા (ઉં. વ. ૭૮) તા. ૮/૧/૨૬ ના અવસાન પામ્યા છે. સ્વ. જેઠીબાઈ ભાણજીના પૌત્ર. માતુશ્રી દેમીબાઈ કરમશીના પુત્ર. સ્વ. જેઠાલાલ, સ્વ. પ્રવિણચંદ્ર, નવિનચંદ્ર, હિરાવંતી, હર્ષા, ભારતીના ભાઈ. બાડાના વેલબાઈ જીવરાજ આસગ ગાલાના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. શ્રી નવિનચંદ્ર કરમશી ફુરીયા : ૫૦૨, પ્રેમ આંગન, અશોક નગર લેન, શિવાજી નગર રોડ, વાકોલા બ્રીજ, સાંતાક્રુઝ (ઈ).

### નાગપુર મ્યુનિસિપલ

છે. સસ્પેન્ડ કરાયેલા આ ૩૨ કાર્યકરોમાંથી કેટલાક ભાજપની સામે ચૂંટણી લડી રહ્યા છે.

ભાજપ શહેર પ્રમુખે જણાવ્યું હતું કે પક્ષમાં સંગઠનાત્મક શિસ્ત ખૂબ જ જરૂરી છે. ચૂંટણી દરમિયાન પક્ષના આદેશો અંતિમ હોય છે, અને જે કોઈ અધિકૃત ઉમેદવારને ટેકો નથી આપતા અથવા પક્ષ વિરુદ્ધ કાર્ય કરે છે તેને સંગઠનમાં કોઈ સ્થાન નથી. સસ્પેન્ડ કરાયેલા ભાજપ કાર્યકર્તાઓમાં ભૂતપૂર્વ મેયર અર્ચના ડેહનકરના પતિ વિનાયક ડેહનકર, વરિષ્ઠ નગરસેવક સુનીલ અગ્રવાલ અને સુનિતા મહલ્લેનો સમાવેશ થાય છે.

દયાશંકર તિવારીએ જણાવ્યું હતું કે મ્યુનિસિપલ ચૂંટણીમાં ભાજપે શિસ્ત અને પક્ષની વફાદારીને પ્રાથમિકતા આપી છે. આમ છતાં, જે કાર્યકરો પક્ષના સત્તાવાર ઉમેદવારો વિરુદ્ધ કામ કરી રહ્યા છે અથવા પોતે ચૂંટણી લડી રહ્યા છે, આવા સભ્યોને શિસ્તનું ઉલ્લંઘન કરવા અને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થવા બદલ ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે.

દરમિયાન, સસ્પેન્ડ કરાયેલા કાર્યકરોએ જણાવ્યું હતું કે પાર્ટીએ તેમને અંત સુધી અંધારામાં રાખ્યા હતા. તેમની ટિકિટ કેમ કાપવામાં આવી, તે વિષે કઈ જણાવવામાં આવ્યું નહીં,પરંતુ તેઓ જનતાની માંગ પર,પાર્ટી વિરુદ્ધ ચૂંટણી લડી રહ્યા છે. પક્ષને આવો નિર્ણય લેવાનો અધિકાર છે, તેથી તેમને પક્ષ સામે કોઈ ફરિયાદ નથી.

### અંબરનાથમાં

નગરસેવક ચૂંટાયા હતા જ્યારે શિવસેનાના ૨૭ નગરસેવક ચૂંટાયા હતા. શિવસેનાને કોઈપણ સંજોગોમાં સત્તાથી દૂર રાખવા માટે, ભાજપે પહેલા કૉંગ્રેસ સાથે ગઠબંધન કર્યું. જોકે, વરિષ્ઠ નેતાઓએ તેના પર નારાજગી વ્યક્ત કર્યા પછી, ભાજપે કૉંગ્રેસના ૧૦ નગરસેવકોને ફોડી પક્ષમાં સામેલ કર્યા. ત્યારબાદ અજિત પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ સાથે ગઠબંધન કરી સરકાર બનાવવાનો દાવો કર્યો. શ્રીકાંત શિંદેએ શિવસેનાના ૨૭, અજિતદાદાના ચાર અને એક અપક્ષની મદદથી સરકાર બનાવવાનો દાવો કરી એ અંગેનો પત્ર જિલ્લા મેજિસ્ટ્રેટને આપવામાં આવ્યો છે.

લેટેસ્ટ પક્ષવાર સ્થિતિ આ પ્રમાણે છે. શિવસેના શિંદે - ૨૭, રાષ્ટ્રવાદી - ૦૪, ભાજપ - ૧૬, કૉંગ્રેસ - ૧૨ (જેમાંથી ૧૦ ભાજપમાં જોડાયા)

અંબરનાથ નગર પરિષદમાં ભાજપના પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણ અને શિવસેના શિંદે જૂથના સાંસદ શ્રીકાંત શિંદેની પ્રતિષ્ઠા દાવ પર લાગી હતી. અહીં મેયરપદ માટે શિવસેના શિંદે જૂથના મનીષા વાળેકર અને ભાજપ તરફથી તેજશ્રી કરંજુલે પાટીલ વચ્ચે તીવ્ર સ્પર્ધા હતી. ચૂંટણીમાં તેજશ્રી કરંજુલેનો વિજય થયો હતો. મેયર ભાજપના હોવા છતાં સૌથી વધુ નગરસેવક શિવસેનાના ચૂંટાયા છે.

### ઠાકરે બંધુઓ

આપતા બાવનકુલેએ કહ્યું કે, અમારી એક પાર્ટી છે, પાર્ટીની શિસ્ત છે. આ સૌથી મોટી પાર્ટી છે, કોઈ રસ્તા પરની પાર્ટી નથી. આ પાર્ટીની એક ભૂમિકા છે. અમે અંતિમ નિર્ણયનો સ્વીકાર કરનારા લોકો છીએ. અત્યાર સુધી ભાજપ સરકારમાં દેવેન્દ્ર ફડણવીસે જે નિર્ણયો લીધા છે, તેને કેન્દ્ર સરકારે પૂરા કર્યા છે. તેવી જ રીતે કેન્દ્ર સરકારના નિર્ણયને દેવેન્દ્ર ફડણવીસ અમલ કરે છે.

બાવનકુલેએ એવો પણ દાવો કર્યો છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર દરેક જગ્યાએ, એટલે કે ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં જોવા મળશે. લોકો અમને મત આપશે. વિરોધ પક્ષ થોડો નબળો જોવા મળશે, એમ બાવનકુલેએ જણાવ્યું હતું.

### રાજ ઠાકરે

જ્યાં સુધી રાજ ઠાકરેનો સવાલ છે, હું સ્પષ્ટપણે કહું છું કે, આ ચૂંટણી પછી રાજ ઠાકરેને તેમની સૌથી મોટી હારનો સામનો કરવો પડશે. રાજ ઠાકરેને આ ગઠબંધનથી કોઈ ફાયદો થશે નહીં. રાજ ઠાકરે ઉદ્ધવ ઠાકરેને ફાયદો કરાવશે, પરંતુ ઉદ્ધવ ઠાકરેને રાજ ઠાકરેને કોઈ ફાયદો નહીં થાય. રાજ ઠાકરે ફક્ત હારશે નહીં, પરંતુ ઇતિહાસની સૌથી મોટી હાર મેળવનાર તરીકે ઓળખાશે, હું આગાહી કરું છું, પરિણામો પછી તમે જોશો, દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું.

આપણે સતત કહી રહ્યા છીએ કે મુંબઈનો મેયર મરાઠી હશે. ભાજપ શું કહી રહ્યું છે કે મુંબઈનો મેયર હિન્દુ હશે? શું આનો અર્થ એ છે કે ભાજપ મરાઠી લોકોને હિન્દુ નથી માનતો? તો શું દેવેન્દ્ર ફડણવીસ હિન્દુ છે કે નહીં? સંયુક્ત મહારાષ્ટ્રની લડાઈ દરમિયાન મરાઠી લોકો પર ગોળીબાર કરનાર મોરારજી દેસાઈ હિન્દુ હતા કે નહીં? આ પ્રશ્ન ઠાકરે જૂથના ઉદ્ધવ ઠાકરેએ ઉઠાવ્યો હતો.

### ઘોડબંદર

વાહનો સાથે અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે સામેની દિશાનાં ૧૧ વાહનો એકબીજા સાથે ટકરાયા હતા. અકસ્માતગ્રસ્ત વાહનોમાં કાર, રિક્ષા અને એસયુવીનો સમાવેશ થાય છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સવારના સમયે મીરા રોડ તરફની લેન પર ભારે ટ્રાફિક જૅમની સ્થિતિ હતી, જેને કારણે ટ્રાફિક વિભાગની કોઈ પણ જાતની સૂચના વિના જ અમુક વાહન ચાલકો ડિવાઈડર વિનાના ભાગમાંથી વિરુદ્ધ દિશામાં વાહની લઈ ગયાં હતાં. ડિવાઈડરની બાજુમાંથી જ ધીમે ધીમે વાહનો મીરા રોડની દિશામાં જઈ રહ્યાં હતાં ત્યારે ટ્રક તેમની તરફ ધસી આવી હતી.ટ્રકની ટક્કરને કારણે અકસ્માતનો ભોગ બનેલાં વાહનો રસ્તા પર જાણે વેરવિખેર થઈ ગયાં હતાં. ટ્રક અને એસયુવી વચ્ચે ફસાયેલી એક કારનો તો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ટ્રક્કરની તીવ્રતાને કારણે એક કાર ડિવાઈડર પર ચઢી ગઈ હતી, જેને પગલે સામેની દિશામાંથી પસાર થતો ટેમ્પો એ કાર સાથે ભટકાયો હતો.

### મુંબઈનું ચિત્ર

સરકાર આ જ પ્લોટ વેચાણ માટે મૂકવા જઈ રહી છે. મને ૧૦૦ ટકા ખાતરી છે કે હાલની મુંબઈ એરપોર્ટ સાઇટ વેચાઈ જશે, એમ રાજ ઠાકરેએ જણાવ્યું હતું. હું પણ બુલેટ ટ્રેનનો વિરોધ કરતો હતો. બુલેટ ટ્રેન મુંબઈ, થાણે અને પાલઘરમાંથી પસાર થશે. થોડાં વર્ષો પહેલા, વડા પ્રધાન મોદીએ મુંબઈમાં ભાષણ આપ્યું હતું. તે સમયે, તેમણે કહ્યું હતું કે મુંબઈનું ડીએનએ ગુજરાત જેવું જ છે. જ્યારે આપણે આ બધામાં ઊંડા ઊતરીશું, ત્યારે આપણને સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળના મૂળ દેખાશે. રાજ ઠાકરેએ એ વાત પર ભાર મૂકવાનો પ્રયાસ કર્યો કે તે સમયે પણ મુંબઈના વેપારીઓ સંયુક્ત મહારાષ્ટ્રના વિરોધમાં હતા. રાજ ઠાકરેને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે મુંબઈ ફક્ત ઠાકરેના હાથમાં જ કેમ સુરક્ષિત છે, અન્ય પક્ષોના હાથમાં કેમ નહીં? તેના પર રાજ ઠાકરેએ કહ્યું કે, ''હા, મુંબઈ ફક્ત ઠાકરેના હાથમાં જ સુરક્ષિત છે. મુંબઈને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાનું ૧૦૦ ટકા ષડયંત્ર છે.''

તેમણે આગળ ઉમેર્યું કે, ''દેવેન્દ્ર ફડણવીસ કે તેમના સાથી એવા જે મહારાષ્ટ્રના નેતાઓ છે, તેઓ ઉપરથી બેસાડવામાં આવેલા માણસો છે, પોતાની મરજીથી બેઠેલા નથી. ઠાકરેની ઉપર કોઈ નથી. ઉપરથી તેમને જે પણ કહેવામાં આવે, ગમે તે કાગળ પર સહી કરવાનું કહેવામાં આવે, તે સહી કરશે. આનું ઉદાહરણ એ છે કે દેવનારનું ડમ્પિંગ ગ્રાઉન્ડ અદાણીને આપવામાં આવ્યું. તેમણે તો ફક્ત કાગળ પર સહીઓ કરી હતી.''

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# બીએમસી ચૂંટણી પહેલા ભાજપે ૨૬ પાર્ટી કાર્યકર્તાને સસ્પેન્ડ કર્યા

મુંબઈમાં, ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી નજીક છે ત્યારે તેના કાર્યકર્તાઓ સામે મોટી કાર્યવાહી કરી છે. પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓનો હવાલો આપીને, ભાજપના મુંબઈ પ્રમુખ અમિત સાટમે ૨૬ પક્ષ કાર્યકરોને છ વર્ષ માટે નિલંબિત કર્યા છે. અમિત સાટમ દ્વારા જારી કરાયેલી નોટિસમાં જણાવાયું છે કે વારંવાર ખાતરી આપવા છતાં બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી ૨૦૨૬માં મહાયુતિના ઉમેદવારને સહકાર ન આપવા બદલ આ કાર્યકર્તાઓને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ નોટિસ ગુરુવાર, ૮ જાન્યુઆરીના રોજ જારી કરવામાં આવી હતી.

### સસ્પેન્ડ કરવામાં આવેલાં કાર્યકરો

૧. આસાવરી પાટીલ,
૨. મુક્તા મહેશ પટેલ
૩. સુચિત્રા નાઈક
૪. જયમુરુગન નાડાર
૫. દિવેશ યાદવ
૬. અયોધ્યા પાઠક
૭. સુચિત્રા સંદિપ જાધવ
૮. કા. રાકેશ કોહેલો
૯. દિવ્યા ઢોલે
૧૦. ઉર્મિલા ગુપ્તા
૧૧. સુષ્મા દેશમુખ
૧૨. સ્નેહાલી વાડેકર
૧૩. પ્રિયા પ્રવિણ મરગજ
૧૪. પ્રવિણ મરગજ
૧૫. સંગીતા ખુટવડ
૧૬. પ્રશાંત ઠાકુર
૧૭. ધનશ્રી અજય બાગલ
૧૮. વિનિત સિંહ
૧૯. સરબતજીત સિંહ સંધુ
૨૦. અમિત શેલાર
૨૧. શોભા સાળગાંવકર
૨૨. મોહન આંબેકર
૨૩. સુશીલ સિંહ
૨૪. નેહલ શાહ
૨૫. સિદ્ધેશ કોયંદે
૨૬. જાન્હવી રાણે

## નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ પહેલા, ભાજપે ૩૨ કાર્યકરને સસ્પેન્ડ કર્યા

નાગપુરઃ નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં સંગઠનાત્મક અનુશાસનહીનતા અને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓને કારણે ભાજપે ૩૨ કાર્યકરોને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા છે. ભાજપના શહેર પ્રમુખ દયાશંકર તિવારીએ જણાવ્યું હતું કે, આમાંના કેટલાક ભૂતપૂર્વ મ્યુનિસિપલ કાઉન્સિલરો અને તેમને ટેકો આપતા ભાજપના કાર્યકરો છે.

દયાશંકર તિવારીએ જણાવ્યું હતું કે ૧૦૦ થી વધુ ભાજપના કાર્યકરોએ બળવો કર્યો હતો, જેમાંથી ૯૬ લોકોએ તેમના નામાંકન પાછા ખેંચી લીધા હતા, તેમને મનાવી લેવામાં આવ્યા છે. પરંતુ કેટલાક કાર્યકરોએ ઉમેદવારીપત્રો ભરીને અનુશાસનહીનતા આચરી છે, તેથી તેમને અને તેમના સમર્થકોને ભાજપમાંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા

(જુઓ પાનું ૪) ▶▶

## રાજ ઠાકરે સૌથી મોટી હારનો સામનો કરશેઃ દેવેન્દ્ર ફડણવીસ

મુંબઈઃ રાજ ઠાકરે માત્ર હારશે જ નહીં, પરંતુ ઇતિહાસમાં સૌથી મોટી હાર મેળવનાર નેતા તરીકે ઓળખાશે, એવી હું આજે ભવિષ્યવાણી કરું છું. પરિણામ આવ્યા પછી તમે જોઈ લેજો,'' દેવેન્દ્ર ફડણવીસે મનસે પ્રમુખ રાજ ઠાકરે અંગે આ ભવિષ્યવાણી કરી હતી. આ સાથે જ તેમણે ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધતા કહ્યું કે, ''જન્મથી મિલકત મળી શકે છે, પરંતુ વિચારોનો વારસો મળતો નથી. તેમને વિચારોનો વારસો મળ્યો નથી.''

મેં પહેલા પણ સ્પષ્ટ કરી દીધું છે કે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે સાથે આવી રહ્યા છે. તેનો કોઈ અર્થ નથી. જો ૨૦૦૯માં શિવસેના અને મનસે સાથે આવ્યા હોત, તો આજની રાજકીય પરિસ્થિતિ અલગ હોત. તે સમયે તેમને મત મળ્યા હોત. હવે તેમની પાસે કોઈ મત બાકી નથી.

(જુઓ પાનું ૪) ▶▶

# ઘોડબંદર રોડ પર રૉન્ગ સાઈડથી આવતાં ૧૧ વાહનને ટ્રકે કચડ્યાં

### ટ્રાફિક જૅમને કારણે વિરુદ્ધ દિશામાંથી પસાર થનારાં વાહનો ટ્રકની અડફેટે આવતાં ચાર જણ જખમીઃ ઢોળાવવાળો રસ્તો અને ૪૦ ટન સિમેન્ટ ભરેલી હોવાથી ડ્રાઈવર ટ્રક પર કાબૂ ન રાખી શક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને થાણે સાથે જોડતા મહત્ત્વના માર્ગ ઘોડબંદર રોડ પર શુક્રવારની સવારે ભયાનક અકસ્માત સર્જાયો હતો. ઢોળાવવાળા ભાગમાં લગભગ ૪૦ ટન સિમેન્ટ ભરેલી ટ્રક પર ડ્રાઈવરનો કાબૂ ન રહેતાં ટ્રક સામેથી આવતાં વાહનો પર ધસી ગઈ હતી. આ ઘટનામાં ૧૨ વાહનને નુકસાન થયું હતું અને ચાર જણ ગંભીર રીતે ઘવાયા હતા. અકસ્માતને પગલે કલાકો સુધી ઘોડબંદર રોડ અને હાઈવે પર ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી.

કાસારવડવલી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર નિવૃત્તિ કોલ્હટકરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે સવારે સાત વાગ્યાની આસપાસ ગાયમુખ ઓક્ટ્રોય નાકા નજીક બનેલી ઘટનામાં શિવકુમાર બેચુપ્રસાદ યાદવ (૫૬), રામબલી બાબુલાલ (૨૨), અનીતા દિનેશ પેટવાલ (૪૫) અને તસ્કિર શફિક અદમદ શેખ (૪૫)ને ગંભીર ઇજા થઈ હતી. સારવાર માટે તેમને ઓવળા પરિસરની ટાયટન હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અકસ્માત બાદ મલ્ટિ-એક્સેલ ટ્રકનો ડ્રાઈવર ફરાર થઈ ગયો હોવાથી તેની શોધ ચલાવાઈ રહી છે. ઘટના માટે જવાબદાર એવા ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. રોષે ભરાયેલા નાગરિકોની પીટાઈથી બચવા કદાચ ડ્રાઈવર ઘટનાસ્થળેથી ભાગી ગયો હોવાનું પોલીસનું માનવું છે.

મળતી માહિતી અનુસાર અંદાજે ૪૦ ટન સિમેન્ટ ભરેલી ટ્રક થાણેની દિશામાં જઈ રહી હતી. ગાયમુખ પાસે રસ્તો ઢોળાવવાળો હોવાથી ટ્રક ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. ટ્રક સામેની દિશામાંથી આવતાં

(જુઓ પાનું ૪) ▶▶

## કાંદિવલી-બોરીવલી વચ્ચે 'મેજર' બ્લોક

### રવિ-સોમ નાઈટ બ્લોકને કારણે ૨૪૦ ટ્રેન રદ રહેશે

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં કાંદિવલી અને બોરીવલી સેક્શનમાં ચાલી રહેલા છઠ્ઠી લાઈનના નિર્માણ કાર્ય માટે નિર્ધારિત ૩૦ દિવસનો બ્લોક જાહેર કર્યો હતો. આ બ્લોક અંતર્ગત રવિવાર અને સોમવારે રાતના બ્લોક હાથ ધરવામાં આવશે, જેમાં ૨૪૦ જેટલી લોકલ રદ રહેશે. બ્લોકને કારણે પશ્ચિમ રેલવેમાં રોજેરોજ બ્લોક જાહેર કરતા હોવાથી પ્રવાસીઓને ટ્રેનમાં ટ્રાવેલ કરવામાં હાલાકી પડશે.

રેલવેની અખબારી યાદી અનુસાર કાંદિવલી સ્થિત કારશેડ લાઈન પોઈન્ટ નંબર ૧૦૪ને હટાવવા માટે

(જુઓ પાનું ૪) ▶▶

## પુણેમાં શિવસેનાના ઉમેદવારો પર પથ્થરમારો

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શુક્રવારે પુણે મહાનગરપાલિકા ચૂંટણી માટે પ્રચાર કરી રહેલા શિવસેનાના ઉમેદવારો પર પથ્થરમારાના બનાવની નિંદા કરી અને કહ્યું કે તેઓ અને તેમના કાર્યકરો આવી કાયર રાજનીતિથી ડરતા નથી.

શિંદેના પક્ષના સાથી પ્રમોદ નાના ભાનગીરેએ આરોપ કર્યો હતો કે બુધવારે મોડી સાંજે હડપસરના કાળે પડળમાં વોર્ડ નંબર ૪૧ના બંને ઉમેદવાર (ભાનગીરે અને સારિકા પવાર) પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં પવારને સામાન્ય ઈજા થઈ હતી જ્યારે પોતાની કારના કાચને નુકસાન થયું હોવાનો દાવો ભાનગીરેએ કર્યો હતો.

જાહેર સભામાં શિંદેએ આ ઘટનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે 'હું વિરોધ પક્ષોને ચેતવણી આપું છું કે આવી કાયરતા ન દર્શાવે.. શિવસૈનિકો ડરશે નહીં. અમે બાળાસાહેબ ઠાકરેના સૈનિક

(જુઓ પાનું ૪) ▶▶

### શિંદેની શિવસેનાએ ભાજપને આપ્યો ઝટકો

## અંબરનાથમાં એનસીપી સાથે સરકાર બનાવશે

અંબરનાથઃ અંબરનાથમાં શિવસેનાના ૩૧, અજિત પવારની એનસીપીના ચાર અને એક અપક્ષના એમ ચાર ઉમેદવારોએ એકત્ર આવી સરકાર બનાવવાનો દાવો કર્યો છે.અંબરનાથ નગર પરિષદની ચૂંટણીનાં પરિણામો જાહેર થયા ત્યારથી અંબરનાથનું રાજકારણ સતત ચર્ચામાં છે . શિંદેની શિવસેનાએ હવે કૉંગ્રેસના ૧૦ નગરસેવકોને પક્ષમાં સામેલ કરનારા ભાજપને તીવ્ર ઝટકો આપ્યો છે. શિંદેની શિવસેના હવે અજિત પવારની એનસીપી સાથે સરકાર બનાવવાની તૈયારીમાં છે. એવી ચર્ચા છે કે કૉંગ્રેસના ફુટી ગયેલા નગરસેવકો સાથે સરકાર બનાવવાનું સપનું જોઈ રહેલા ભાજપને સંસદસભ્ય શ્રીકાંત શિંદેએ તીવ્ર ઝટકો આપ્યો હોવાની ચર્ચા છે.

અંબરનાથ નગર પરિષદમાં શિવસેનાના ૨૭ નગરસેવકો ચૂંટાયા છે. તેમને હવે અજિતદાદાના રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષના ચાર નગરસેવકોએ ઉપરાંત એક અપક્ષે પણ તેમને ટેકો આપ્યો છે અને કુલ ૩૨ નગરસેવકોનું જૂથ બનાવવામાં આવ્યું છે.

અંબરનાથમાં ભાજપના કુલ ૧૬

(જુઓ પાનું ૪) ▶▶

# વસઈ-વિરારમાં ઉમેદવારોએ ઈવીએમ અંગે ગંભીર આરોપો લગાવ્યા

### કમળ અને ધનુષ-બાણના પ્રતીકો ઘાટા કેમ?

વસઈઃ વસઈ-વિરાર શહેર મહાનગરપાલિકાની ચૂંટણીના સંદર્ભમાં ઇવીએમ મશીનો અંગે ગંભીર આરોપો સામે આવ્યા છે. ઇવીએસમાં ઉમેદવારોના નામ અને ચિન્હ દર્શાવતા કાગળ પર અમુક ચોક્કસ પક્ષોના ચિન્હો સ્પષ્ટ અને ઘાટા દેખાઈ રહ્યા છે, જ્યારે અન્ય પક્ષોના ચિન્હો ઝાંખા દેખાઈ રહ્યા હોવાનો આરોપ વિવિધ પક્ષોના ઉમેદવારોએ લગાવ્યો હતો. ખાસ કરીને 'કમળ' અને 'ધનુષ-બાણ' આ ચિન્હો ઘાટા દેખાઈ રહ્યા છે, જ્યારે બાકીના પક્ષોના ચિન્હો અસ્પષ્ટ હોવાનું ઉમેદવારોનું કહેવું હતું.

૨૦૨ની મુખ્ય સ્ટ્રોંગરૂમમાંથી ચૂંટણી નિર્ણય અધિકારીની સ્ટ્રોંગરૂમમાં ખસેડવામાં આવી છે. ત્યારબાદ શુક્રવારે કેટલીક જગ્યાએ ઉમેદવારો અને તેમના પ્રતિનિધિઓની હાજરીમાં ઇવીએમ મશીનનું ડેમોન્સ્ટ્રેશન કરીને સીલિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. જોકે, આ પ્રક્રિયા દરમિયાન સંબંધિત કાગળ પર પ્રતીકોના પ્રિન્ટિંગમાં તફાવત જોવા મળતા અનેક ઉમેદવારોએ વાંધો નોંધાવ્યો હતો. ''જો પ્રિટિંગ માટે એક જ મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હોય, તો ફક્ત કમળ અને ધનુષ- બાણના પ્રતીકો જ કેમ મુખ્ય છે?'' ઉમેદવારોએ ચૂંટણી પંચની કામગીરી પર પ્રશ્ન ઉઠાવ્યો હતો.

**પક્ષ દ્વારા ઉમેદવારોની સંખ્યા**

બહુજન વિકાસ આઘાડી - ૧૦૫
ભાજપ - ૮૭
શિવસેના (શિંદે) - ૨૭
એનસીપી (અજીત પવાર) - ૧૫
મનસે-૨ (બહુજન વિકાસ આઘાડી સાથે, સિટી ચિહ્ન પર ચૂંટણી લડશે)
કોંગ્રેસ - ૧૦
શિવસેના (ઉદ્ધવ ઠાકરે) - ૮૯
રાષ્ટ્રવાદી (શરદ પવાર) -૦૦
વંચિત બહુજન આઘાડી - ૧૧
બીએસપી - ૧૫
એમઆઈએમ - ૦૩
અપક્ષ - ૧૭૭

## પક્ષો પોતાના મુખ્ય સિદ્ધાંતો છોડી રહ્યા છેઃ અજિત પવાર

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શુક્રવારે રાજકારણમાં વૈચારિક પ્રતિબદ્ધતામાં થઈ રહેલા સતત ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે એવો આરોપ લગાવ્યો હતો કે મોટાભાગના રાજકીય પક્ષોએ પોતાની વિચારધારાઓ છોડી દીધી છે અને પક્ષનો વિસ્તાર કરવા માટે અલગ-અલગ વ્યૂહરચનાઓ કે દાવપેચનો સહારો લઈ રહ્યા છે.

પવારે જણાવ્યું હતું કે પક્ષપલટો હવે બેફામ બન્યો છે, જેમાં નેતાઓને લાલચ આપીને અથવા ડરાવી-ધમકાવીને પક્ષ બદલવા માટે મજબૂર કરવામાં આવે છે. આ સાથે જ તેમણે પુણે અને પિંપરી-ચિંચવડમાં સ્થાનિક ભાજપ નેતૃત્વ પર પોતાના પ્રહારો ચાલુ રાખ્યા હતા. છેલ્લા કેટલાક સમયથી રાજકીય પક્ષોએ પોતપોતાની વિચારધારાઓને લગભગ છોડી દીધી છે. નેતાઓ ગમે ત્યાં જઈ રહ્યા છે અને જે મનમાં આવે તે કરી રહ્યા છે, પવારે કહ્યું.

રાજકીય ક્ષેત્રમાં પૈસા અને શક્તિનો ખુલ્લેઆમ ઉપયોગ થઈ રહ્યો છે. જેમની પાસે પૈસા અને શક્તિ છે તેઓ તેનો ઉપયોગ કરી રહ્યા છે. જેમને લાગે છે કે જાતિના મુદ્દાઓ ઉઠાવીને મત મેળવી શકાય છે તેઓ આ યુક્તિ

(જુઓ પાનું ૪) ▶▶

## ઠાકરે બંધુઓ ફક્ત ભાવનાત્મક વાત કરવા માગે છેઃ ચંદ્રશેખર બાવનકુલે

મુંબઈઃ મહાનગરપાલિકાની ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. રાજકીય નેતાઓ એકબીજા પર આરોપો લગાવી રહ્યા છે. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે ભાવનાત્મક મતો માગવા માગે છે. મહારાષ્ટ્રના લોકો વિકાસ માટે મત આપે છે. પરિવારે સાથે આવવું જોઈએ, એમ પ્રધાન ચંદ્રશેખર બાવનકુલેએ જણાવ્યું હતું. રાજ ઠાકરેએ ઇવીએમ અને મશીન ચોરી વિશે વાત કરી હતી. પરંતુ તે કંઈ કામ કરી રહ્યું ન હતું, એટલે તેઓ આવું એટલા માટે કહી રહ્યા હતા. પચીસ વર્ષ સુધી તમારા મેયર હતા. તેમની પાસે મુખ્ય પ્રધાનપદ હતું. તે સમયે તમે શું કર્યું? બાવનકુલેએ ઉદ્ધવ ઠાકરે પર કટાક્ષ કરતા કહ્યું હતું. જો તમે ખરેખર મુંબઈનો વિકાસ કરવા માગતા હો, તો વિઝન ડોક્યુમેન્ટ આપો. તેમની પાસે કોઈ યોજના નથી, તેઓ ફક્ત ભાવનાત્મક રીતે વાત કરવા માગે છે. વિકાસ એટલે દેવેન્દ્ર ફડણવીસ અને દેવેન્દ્ર ફડણવીસ એટલે વિકાસ, એમ બાવનકુલેએ કહ્યું હતું.

રાજ ઠાકરેએ કહ્યું હતું કે જ્યાં સુધી ચંદ્ર અને સૂર્ય અસ્તિત્વમાં છે ત્યાં સુધી દેવેન્દ્ર ફડણવીસને દિલ્હીનું સાંભળવું પડશે. આ નિવેદન પર પ્રતિક્રિયા

(જુઓ પાનું ૪) ▶▶

## નહેરુએ કરેલા 'વંદે માતરમ્' ગીતના વિભાજને ભારતના ભાગલાના બીજ વાવ્યાંઃ ભાજપ નેતા

થાણેઃ ભૂતપૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ મુસ્લિમોને ખુશ કરવા માટે 'વંદે માતરમ' ગીતને બે ભાગમાં વહેંચી દેતા ભારતના ભાગલાના બીજ રોપાયા હતા એવો આરોપ ભારતીય જનતા પક્ષના પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ કર્યો છે. ગુરુવારે રાત્રે 'વંદે માતરમ અને રાષ્ટ્રીય પુનરુત્થાન' વિષય પર સ્વ. રામભાઉ મ્હાળગી મેમોરિયલ લેક્ચર સિરીઝના ૪૦મા ઉદ્ઘાટન પરિસંવાદમાં બોલી રહ્યા હતા.

પૂનાવાલાએ એમ પણ જણાવ્યું હતું કે ૧૯૩૭માં જવાહરલાલ નહેરુએ મુસ્લિમ મતદાતાઓને ખુશ કરવાના દબાણ હેઠળ નેતાજી સુભાષ ચંદ્ર બોઝને પત્ર લખ્યો અને ગીતને બે ભાગમાં વહેંચી દીધું. આ સાથે ભારતના ભાગલાના બીજ રાષ્ટ્રીય ગીતના વિભાજનમાં વાવવામાં આવ્યા હતા.

કૉંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે એક સમયે રાષ્ટ્રીય એકતાના પ્રતીક 'વંદે માતરમ' ગીતનો ઉપયોગ પક્ષ દ્વારા વોટ બેંકની રાજનીતિ માટે કરવામાં આવતો હતો. કૉંગ્રેસ પોતાની વોટ બેંકને મજબૂત કરવા માટે ભારતીયોને જાતિના આધારે વિભાજિત કરવાનું ચાલુ રાખે છે. કેટલાક લોકો રાષ્ટ્રગીત ગાવું એ ધર્મની વિરુદ્ધ હોવાની દલીલ કરીએ ગાવાની ના પાડે છે.'ભાજપ દ્વારા વારંવાર નહેરુને નિશાન બનાવવા અંગે ભાજપના પ્રવક્તાએ કહ્યું કે લોકો સમક્ષ સાચો ઇતિહાસ રજૂ કરવાનો આ પ્રયાસ છે.

ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે તેને સોનિયા સેના પાર્ટી તરીકે ઓળખવી જોઈએ અને ઉમેર્યું હતું કે યુબીટીનો અર્થ ''ઉર્દૂ ભાઈજાન તંઝીમ'' (ઉર્દૂ ભાઈચારો સંગઠન) છે. (પીટીઆઈ)

## મુંબઈનું ચિત્ર બદલવાની હિલચાલ ચાલી રહી હોવાનો રાજ ઠાકરેનો દાવો

મુંબઈઃ મુંબઈનો વિકાસ થશે, પરંતુ મુંબઈ મરાઠી લોકોના હાથમાં રહેવાની જરૂર છે. મુંબઈને 'સ્ટેટ વિધિઓ સ્ટેટ' તરીકે વર્ણવવામાં આવ્યું છે. છેલ્લા ઘણાં વર્ષોથી મુંબઈ મરાઠી લોકોના હાથમાં છે. પરંતુ ભવિષ્યમાં આ ચિત્રને સંપૂર્ણપણે બદલવાની હિલચાલ ચાલી રહી છે, એવો દાવો મનસેના વડા રાજ ઠાકરેએ કર્યો હતો.

આ દરમિયાન રાજ ઠાકરેએ ભવિષ્યમાં મુંબઈનો આખો ચહેરો કેવી રીતે બદલી શકાય છે તેની વિગતવાર રજૂઆત કરી હતી. 'હું ૨૦૨૪ અને ૨૦૨૫ ની વચ્ચે એક વ્યક્તિને મળ્યો હતો. મુંબઈમાં આવનારી ઘટનાઓ અને યોજનાઓ વિશે સાંભળીને મને આઘાત લાગ્યો. રાજ્યમાં મ્યુનિસિપલ ચૂંટણીઓ આ કારણોસર મોડી પડી હતી. કારણ કે રાજ્ય સરકારને કેટલીક વસ્તુઓ વહીવટદાર દ્વારા કરાવી લેવી હતી. ચૂંટણી થયા પછી બીજા પક્ષની સરકાર આવે તો મુશ્કેલી ન પડે, તે માટે આ બધી વસ્તુઓ પહેલેથી જ કરી લેવી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારનું સંપૂર્ણ ધ્યાન મુંબઈ મેટ્રોપોલિટન રિજન વિસ્તાર પર છે. તેનું એક નાનું ઉદાહરણ હું આપું છું. વાઢવણ બંદર બન્યું, તે જરૂરિયાત હતી, તે હું સમજી શકું છું. પરંતુ હવે વાઢવણ બંદરની બાજુમાં એક એરપોર્ટ પણ બનાવવામાં આવી રહ્યું છે. વાઢવણ એરપોર્ટ કેમ બનાવવામાં આવી રહ્યું છે? મુંબઈનો બધો કાર્ગો અહીંથી ત્યાં ખસેડવામાં આવશે. આ પછી, નવી મુંબઈ એરપોર્ટ બનાવવામાં આવ્યું છે, અને હાલમાં મુંબઈથી જતા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મુસાફરોના ટ્રાફિકને ત્યાં ખસેડવામાં આવશે. હાલમાં, મુંબઈ એરપોર્ટનો પ્લોટ અદાણીના કબજામાં છે. વાઢવણ અને નવી મુંબઈ એરપોર્ટ આ એરપોર્ટની જરૂરિયાતને દૂર કરશે. એવું બને છે કે ધારાવી અને કાલીના વિસ્તારોને અડીને આવેલ મુંબઈ એરપોર્ટ પ્લોટ અદાણીને વેચવામાં આવશે. જ્યારે આપણે ગૂગલ મેપ્સ પર આ સમગ્ર વિસ્તાર જોઈએ છીએ, ત્યારે આપણને ખ્યાલ આવશે કે આ વિસ્તારમાં શિવાજી પાર્ક જેવા ૫૦ થી ૬૦ મેદાનો સમાવી શકાય છે. રાજ્ય

(જુઓ પાનું ૪) ▶▶

## ખમતીધર અને ભરોસાપાત્ર લોકો ઉડ્ડયન ક્ષેત્રમાં આવવા જોઈએઃ પ્રફુલ પટેલ

મુંબઈઃ દેશના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં ઓછું કૌવત ધરાવતા અને બિનભરોસાપાત્ર લોકોને બદલે ખમતીધર અને ભરોસાપાત્ર ખેલાડીઓએ આવવું જોઈએ એમ ભૂતપૂર્વ નાગરિક ઉડ્ડયન પ્રધાન પ્રફુલ પટેલે શુક્રવારે જણાવ્યું હતું.પીટીઆઈને આપેલા એક ઇન્ટરવ્યૂમાં ભૂતપૂર્વ પ્રધાને જણાવ્યું હતું કે 'ભારતમાં નવી એરલાઇન્સ શરૂ કરવા પર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ ઉડ્ડયન એક અત્યંત જટિલ અને મુશ્કેલ વ્યવસાય છે. એમાં તોતિંગ મૂડી રોકાણની અને વિશાળ ટર્નઓવરની જરૂર પડે છે.

૬૮ વર્ષના રાજકારણીએ વધુમાં જણાવ્યું હતું કે એટલા માટે જ એ મહત્ત્વનું છે કે

(જુઓ પાનું ૪) ▶▶

## ચાદર વેચનારા વલસાડના પરિવારને ગામજનો બાળકો ચોરનારા સમજ્યા

### સદ્નસીબે ગામના લોકોએ ફટકાર્યા નહીં, પણ બાળકીઓના ફોટા પાડવા બદલ કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાલઘર જિલ્લાના દાંડી ગામમાં ચાદર વેચવા આવેલા ગુજરાતના વલસાડ જિલ્લામાં રહેતા પરિવારને ગામજનો બાળકો ચોરનારી ટોળકી સમજી બેઠા હતા. સદ્નસીબે ગામના લોકોએ આ પરિવારની ધુલાઈ કરી નહોતી, પરંતુ મોબાઈલ ફોનથી બાળકીઓના ફોટા પાડવા બદલ પોલીસે તેમની વિરુદ્ધ કાર્યવાહી કરી હતી.

સાતપાડી પોલીસના જણાવ્યા મુજબ સુનીલ સંજય સલાટ પત્ની ચંદા અને બે ભાઈ સાથે શુક્રવારે પાલઘર જિલ્લામાં ચાદર વેચવા આવ્યો હતો. સવારે ૧૦ વાગ્યાની આસપાસ બે સગીરા દાંડી બસ સ્ટોપ પર બસની રાહ જોતી બેઠી હતી ત્યારે આ પરિવાર તેમની નજીક ગયો હતો. બન્ને સગીરાને તેમના રહેઠાણ અને ક્યાં જઈ રહી હોવાનું આ પરિવારે પૂછ્યું હતું અને પછી મોબાઈલ ફોનથી તેમની તસવીરો પાડી હતી.

ડરી ગયેલી સગીરાએ બૂમાબૂમ કરતાં ગામના રહેવાસીઓ દોડી આવ્યા હતા અને ચારેયને પકડી પાડ્યા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે હાલમાં બાળકો ચોરનારી ટોળકી ફરતી હોવાની અફવા ઠેકઠેકાણે ફેલાઈ રહી હોવાથી ગામવાસીઓ આ પરિવારને બાળકો ચોરનારા સમજી બેઠા હતા.

જોકે સદ્નસીબે રહેવાસીઓએ કોઈની પીટાઈ કરી નહોતી અને ચારેયને ગ્રામપંચાયતની કચેરીમાં લઈ ગયા

(જુઓ પાનું ૪) ▶▶

## નવી મુંબઈ વોર્ડ ઉમેદવાર યાદીમાં ભાજપના ઉમેદવારનો સમાવેશ કરવાનો હાઈ કોર્ટનો આદેશ

મુંબઈઃ બોમ્બે હાઈકોર્ટે શુક્રવારે નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની આગામી ચૂંટણી માટે ભાજપના ઉમેદવારના નામાંકન નામંજૂર કરવાના રિટર્નિંગ ઓફિસરના આદેશને રદ કર્યો અને સ્વીકૃત ઉમેદવારોની યાદીમાં તેમનું નામ સામેલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.કોર્ટે એનએમએમસીના વોર્ડ ૧૭(એ) માં નિલેશ ભોજણેના નામાંકનને રદ કરવાના નિર્ણયને ગેરકાયદેસર ગણાવતા, ત્યાં ચૂંટણી પરનો વચગાળાનો સ્ટે ઉઠાવી લીધો. કોર્ટે આદેશ આપ્યો કે ચૂંટણી સમયપત્રક મુજબ યોજવામાં આવે અને યાદીમાં ભોજણેનું નામ સમાવવા માટે મતપત્રકો ફરીથી છાપવામાં આવે.

ભોજણેની મિલકત પર અનધિકૃત બાંધકામ થયું હોવાનું જણાવીને રિટર્નિંગ ઓફિસરે મહારાષ્ટ્ર મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૧૦(૧ડી) હેઠળ તેમનું ઉમેદવારી ફોર્મ નામંજૂર કર્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ શ્રી ચંદ્રશેખર અને ન્યાયાધીશ ગૌતમની બેન્ચે ગુરુવારે વોર્ડ ૧૭એ (વાશી) માં આગામી ચૂંટણી અને રિટર્નિંગ ઓફિસરના આદેશ પર વચગાળાનો સ્ટે આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે રિટર્નિંગ ઓફિસરે ભોજણેના ઉમેદવારી ફોર્મને નકારી કાઢીને પ્રથમ દૃષ્ટિએ ગેરકાયદેસર અને મનસ્વી રીતે સત્તાનો ઉપયોગ કર્યો છે.૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ભોજણેએ ૧૫

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે નામાંકનોના સામૂહિક અસ્વીકારનો દાવો કરતી પીઆઈએલ હાઈ કોર્ટે ફગાવી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે એક જાહેર હિતની અરજી (પીઆઈએલ) ફગાવી દીધી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે મુંબઈ મહાનગરપાલિકાની ૧૫ જાન્યુઆરીએ યોજાનારી ચૂંટણી માટે મોટી સંખ્યામાં ઉમેદવારી ફોર્મ ચૂંટણી અધિકારીઓ દ્વારા મામૂલી અને ટેકનિકલ આધારો પર નકારી કાઢવામાં આવ્યા હતા.

મ્યુનિસિપલ કમિશનર-કમ-જિલ્લા ચૂંટણી અધિકારી (ડીઈસી)ના વકીલે દલીલ કરી હતી કે અરજદાર ચૂંટણી લડી રહેલા ઉમેદવાર ન હોવાથી આ મામલે તેમનો કોઈ અધિકાર નથી. આ દલીલના આધારે મુખ્ય ન્યાયાધીશ શ્રી ચંદ્રશેખરની આગેવાની હેઠળની ખંડપીઠે અરજી ફગાવી દીધી હતી.

અરજદારે મુખ્યત્વે રાજ્ય ચૂંટણી પંચ (એસઈસી) દ્વારા જારી કરાયેલા સત્તાવાર ચેકલિસ્ટનો ભાગ ન હોય તેવા અનેક નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ - એનઓસીની ફરજિયાત માગને પડકારી હતી.

સામાજિક કાર્યકર્તા મોઝમ અલી મીર દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે મુંબઈ મહાનગરપાલિકાના તમામ ૨૨૭ વોર્ડના રિટર્નિંગ અધિકારીઓએ શાસક પક્ષને લાભ મળે એ માટે ''હાયપર-ટેકનિકલ'' અને ''બિન-વૈધાનિક'' આધારો પર હજારો સંભવિત ઉમેદવારોને ગેરલાયક ઠેરવ્યા છે.

અરજી મુજબ ઉમેદવારોને પાણી વિભાગના લેણાં, આકારણી અને મિલકત કર, મકાન કાયદેસરતા અને પોલીસ ક્લિયરન્સ પ્રમાણપત્રો માટે એનઓસી આપવાની ફરજ પાડવામાં આવી હતી. નાગરિક નિગમની આ અનધિકૃત માગણીઓને કારણે લાયક વ્યક્તિઓ ચૂંટણીમાં ભાગ લેવાના તેમના અધિકારથી વંચિત રહી ગયા હોવાનું મીરે જણાવ્યું હતું. (પીટીઆઈ)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# જર્મની પાસેથી ૬૫,૦૦૦ કરોડના ખર્ચે ભારત સબમરીનો ખરીદશે

નવી દિલ્હીઃ ભારત અને જર્મની વચ્ચે આઠ અબજ ડોલર (અંદાજે ૬૫ હજાર કરોડ રૂપિયા)નો સબમરીન માટે સોદો આવતા સપ્તાહમાં થવાની શક્યતા છે. જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ અમદાવાદ આવવાના છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત દરમ્યાન આ ડીલ થશે. બંને દેશો વચ્ચે અત્યાર સુધીની આ સૌથી મોટી સંરક્ષણ ભાગીદારી બની શકે છે.

આ ઐતિહાસિક ડીલ હેઠળ ભારતીય નૌસેના માટે ૬ અત્યાધુનિક સબમરીન બનાવવામાં આવશે, જેમાં વધુ ૩ સબમરીન બનાવવાનો વિકલ્પ પણ સામેલ હશે. જર્મનીની દિગ્ગજ કંપની ટીકેએમએસ અને ભારતની સરકારી કંપની માઝગાંવ ડોક સંયુક્ત રીતે આ સબમરીનનું નિર્માણ કરશે. આ સબમરીન એર-ઈન્ડિપેન્ડન્ટ પ્રોપ્યુલ્ઝન ટેકનોલોજીથી સજ્જ હશે, જેનાથી તેઓ લાંબા સમય સુધી પાણીની અંદર રહી શકશે. આ પ્રોજેક્ટથી ભારતની દરિયાઈ સીમાઓ વધુ સુરક્ષિત બનશે. ■

# ભારત માટે ચીન સૌથી મોટી નિકાસ બજાર

નવી દિલ્હી : ચીન ભારત માટે એક મુખ્ય નિકાસ બજાર તરીકે ઊભરી આવ્યું છે. વાણિજ્ય મંત્રાલયના ડૅટા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-નવેમ્બર દરમિયાન નિકાસ ૩૩ ટકા વધીને ૧૨.૨૨ અબજ અમેરિકન ડોલર થઈ છે. વાણિજ્ય મંત્રાલયના આંકડાઓ પરથી આ જાણકારી મળી છે. આ આંકડાઓ દ્વિપક્ષી વ્યાપાર સંબંધોમાં સંરચનાત્મક ફેરફારના સંકેત આપી રહ્યા છે. આંકડાઓ અનુસાર, નિકાસમાં વધારો ઓઇલ, દરિયાઈ ઉત્પાદનો, ટેલિકોમ્યુનિકેશન સાધનો અને મસાલા જેવા ઉત્પાદનોના કારણે આવ્યો છે.

ભારતે એપ્રિલ-નવેમ્બર ૨૦૨૪-૨૫ દરમિયાન ૯.૨ અબજ ડોલરના માલની નિકાસ કરી હતી. આ એપ્રિલ-નવેમ્બર ૨૦૨૨-૨૩માં ૯.૮૯ બિલિયન ડોલર અને ૨૦૨૩-૨૪માં ૧૦.૨૮ અબજ ડોલર હતું. માહિતી અનુસાર, ૨૦૨૫-૨૬માં ૧૨.૨૨ અબજ ડોલરનો તીવ્ર વધારો માત્ર ગયા વર્ષના ઘટાડાને ઉલટાવી શકતો નથી પરંતુ છેલ્લા ચાર વર્ષમાં સૌથી વધુ છે.

ઇલેક્ટ્રોનિક્સ સેગમેન્ટમાં એપ્રિલથી નવેમ્બર (પહેલા આઠ મહિના) દરમિયાન વૃદ્ધિ નોંધાવનારી મુખ્ય વસ્તુઓમાં પોપ્યુલેટેડ પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ (નિકાસ ૨.૩૯ કરોડ ડોલરથી વધીને ૯૨.૨૪ કરોડ ડોલર થઈ), ફ્લેટ પેનલ ડિસ્પ્લે મોડ્યુલ્સ અને ટેલિફોની માટે અન્ય ઇલેક્ટ્રિકલ સાધનોનો સમાવેશ થાય છે. ■

# વેનેઝુએલા પર ફરી હુમલો નહીં કરે ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે દક્ષિણ અમેરિકન દેશ તરફથી સહયોગ મળ્યા બાદ તેમણે વેનેઝુએલા પર ફરીથી હુમલાઓ કરવાની યોજના રદ કરી દીધી છે. ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા અને વેનેઝુએલા સાથે મળીને સારી રીતે કામ કરી રહ્યા છે અને કહ્યું કે મોટી તેલ કંપનીઓ વેનેઝુએલામાં ઓછામાં ઓછા ૧૦૦ અબજ ડોલરનું રોકાણ કરશે. જોકે, તેમણે એમ પણ કહ્યું કે વેનેઝુએલામાં બધા તેલ ટૅન્કર સુરક્ષાના કારણોસર પોતાના સ્થાને જ રહેશે.

ટ્રમ્પના આદેશ પર અમેરિકન સૈન્યએ ત્રીજી જાન્યુઆરીએ વેનેઝુએલા પર આક્રમણ કર્યું અને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પકડી લીધા હતા અને તેમના પર અમેરિકામાં નાર્કોટૅરોરિઝમનો આરોપ લગાવ્યા છે.

ટ્રમ્પે ટ્રુથ સોશ્યલ પર લખ્યું હતું કે વેનેઝુએલા શાંતિ મેળવવાની સંકેત તરીકે મોટી સંખ્યામાં રાજકીય કેદીઓને મુક્ત કરી રહ્યું છે. આ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ પગલું છે. અમેરિકા અને વેનેઝુએલા સાથે મળીને ખાસ કરીને તેમના તેલ અને ગેસ માળખાને મોટા, વધુ સારા અને વધુ આધુનિક સ્વરૂપમાં ફરીથી બનાવવાના સંદર્ભમાં સારી રીતે કામ કરી રહ્યા છે. આ સહયોગને કારણે મેં અગાઉ અપેક્ષિત હુમલાઓની બીજી લહેર રદ કરી છે, જે હવે જરૂરી લાગતી નથી. ■

# ઓસ્કર્સની દોડમાં ‘કાંતારા ચેપ્ટર-૧’ અને ‘તન્વી ધ ગ્રેટ’

લોસ એન્જલસઃ ઓસ્કર્સ અવોર્ડ ૨૦૨૬માં ચાર ભારતીય ફિલ્મો રેસમાં સામેલ થઈ હતી. ઋષભ શેટ્ટીની ‘‘કાંતારાઃ અ લિજેન્ડ - ચેપ્ટર ૧’’ અને અનુપમ ખેરની ‘‘તન્વી ધ ગ્રેટ’’ સહિત ચાર ભારતીય ફિલ્મો એ ૨૦૧ ફીચર ફિલ્મોમાં સામેલ છે જે ઓસ્કાર એવોર્ડ્સ ૨૦૨૬માં બેસ્ટ ફીચર ફિલ્મોની શોર્ટલિસ્ટમાં સ્થાન મેળવ્યું છે. એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિસે આ જાહેરાત કરી હતી.

ઓસ્કર્સ ૨૦૨૬માં શ્રેષ્ઠ ચિત્ર પુરસ્કાર માટે સ્પર્ધા કરવા માટે પાત્ર ૨૦૧ ફીચર ફિલ્મોમાં કન્નડ બ્લોકબસ્ટર ‘‘કાંતારાઃ અ લિજેન્ડ - ચેપ્ટર ૧‘‘ અને હિન્દી ફિલ્મ ‘‘તન્વી ધ ગ્રેટ‘‘ સહિત ચાર ભારતીય ટાઇટલનો સમાવેશ થાય છે, તેવી જાહેરાત એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિસે કરી છે. ■

# ટ્રમ્પને ખુશ કરવા તોફાનો કરી રહેલાઓને સીધાદોર કરીશુંઃ ખામેની

## ઈરાનમાં ઈન્ટરનેટ બંધ છતાં વિરોધ પ્રદર્શનો બંધ નથી થતાં

દુબઈઃ ઇરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ અલી ખામેનીએ વિરોધ પ્રદર્શનો વચ્ચે રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. ઈરાન આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે, જેના કારણે દેશભરમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. જોકે, ઈરાનનો દાવો છે કે આ વિરોધ પ્રદર્શનો પાછળ ઇઝરાયલ અને અમેરિકાનો હાથ છે. આ અંગે પહેલી વાર પ્રતિક્રિયા આપતા ખામેનીએ પ્રદર્શનકારીઓની ટીકા કરી અને તેમની સામે વધુ કડક કાર્યવાહીની ચેતવણી આપી હતી.ઈરાનના ધર્મશાસન દ્વારા દેશને ઇન્ટરનેટ અને આંતરરાષ્ટ્રીય ટેલિફોન કૉલ્સથી કાપી નાખવા છતાં, દેશના નિર્વાસિત ક્રાઉન પ્રિન્સ દ્વારા પ્રદર્શનો માટે બોલાવવામાં આવ્યા બાદ શુક્રવારે સવારે ઈરાની વિરોધીઓએ બૂમો પાડી અને શેરીઓમાં કૂચ કરી હતી.

કાર્યકરો દ્વારા શેર કરાયેલા ટૂંકા ઓનલાઈન વીડિયોમાં રાજધાની તહેરાન અને અન્ય વિસ્તારોમાં શેરીઓમાં કાટમાળ ફેલાયેલો હોવાથી ઈરાનની સરકાર વિરુદ્ધ તાપણાંની ફરતે વિરોધ પ્રદર્શન કરતા દર્શાવવામાં આવ્યા છે.

ઈરાની સરકારી મીડિયાએ શુક્રવારે વિરોધ પ્રદર્શનો પર પોતાનું મૌન તોડ્યું હતું અને આરોપ લગાવ્યો હતો કે જ્યારે પણ જાનહાનિ થઈ છે ત્યારે અમેરિકા અને ઇઝરાયલના ‘આતંકવાદી એજન્ટો’ એ આગ લગાવી અને હિંસા ભડકી.જોકે, વિગતવાર માહિતી આપવામાં આવી નથી. ખામેનીએ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ઉલ્લેખ કરતા કહ્યું કે વિરોધીઓ બીજા દેશના પ્રમુખને ખુશ કરવા માટે પોતાની શેરીઓનો નાશ કરી રહ્યા છે. ■

# યુક્રેન સામે ઓરેશ્નિક બેલિસ્ટિક મિસાઈલનો ઉપયોગઃ રશિયા

કીવઃ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે રશિયાએ રાત્રે મોટા પાયે હુમલો કરીને યુક્રેન પર સેંકડો ડ્રોન અને નવી ઓરેશ્નિક બેલિસ્ટિક મિસાઇલ સહિત ડઝનબંધ મિસાઇલોથી બોમ્બમારો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા ચાર જણ માર્યા ગયા હતા.

બીજી વખત, તેણે નવી બેલિસ્ટિક મિસાઇલનો ઉપયોગ કર્યો હતો જે તેમના મતે અવાજની ગતિ કરતા ૧૦ ગણી ઝડપથી ઉડે છે અને તેને રોકી શકાતી નથી.

યુક્રેનિયન અધિકારીઓએ જણાવ્યું હતું કે યુક્રેનની રાજધાની કિવમાં રાત્રે થયેલા હુમલામાં ચાર લોકો માર્યા ગયા હતા અને ઓછામાં ઓછા બાવીસ ઘાયલ થયા હતા કારણ કે અપાર્ટમેન્ટ ઇમારતો પર હુમલો થયો હતો.

યુક્રેન અને તેના સાથીઓએ રશિયાના લગભગ ચાર વર્ષ જૂના આક્રમણને સમાપ્ત કરવા માટે શાંતિ કરાર થાય તો મોસ્કોના વધુ આક્રમણથી દેશને કેવી રીતે બચાવવા તે અંગે સંમતિ તરફ મોટી પ્રગતિની જાણ કર્યાના થોડા દિવસો પછી પરમાણુ-સક્ષમ ઓરેશ્નિક મિસાઇલનું તીવ્ર આક્રમણ અને પ્રક્ષેપણ આવ્યું હતું. ■

# વિજયની ‘જન નાયગન’ને સેન્સર સર્ટિફિકેટ આપવાના આદેશ પર સ્ટે

ચેન્નઇઃ મદ્રાસ હાઇકોર્ટે શુક્રવારે સીબીએફસીને અભિનેતામાંથી રાજનેતા બનેલા વિજયની આગામી ફિલ્મ ‘જન નાયગન’ને સેન્સર સર્ટિફિકેટ આપવાનો આદેશ આપ્યો હતો. આ મામલાને રિવ્યૂ કમિટી પાસે મોકલવાના બોર્ડના નિર્દેશને રદ કર્યો હતો. જોકે હાઈ કોર્ટના આદેશ પછી આ જ અદાલતની ડિવિઝન બેન્ચે સિંગલ બેન્ચના સેન્સર સર્ટિફિકેટ આપવાના આદેશ સામે સ્ટે આપ્યો હતો. ફિલ્મનું નિર્માણ કરનાર કેવીએન પ્રોડક્શન્સની અરજીને માન્ય રાખતા ન્યાયાધીશ પી. ટી. આશાએ જણાવ્યું કે એકવાર બોર્ડ દ્વારા સર્ટિફિકેટ આપવાનો નિર્ણય લઇ લીધા બાદ ચેરપર્સન પાસે આ બાબતને રિવ્યૂ કમિટીને મોકલવાની કોઇ સત્તા નથી. આ અરજીમાં સીબીએફસી અધિકારીઓને સેન્સર સર્ટિફિકેટ આપવાનો નિર્દેશ આપવાની માગ કરવામાં આવી હતી.

ફિલ્મ બોર્ડે તાત્કાલિક અપીલ કરી હતી અને મુખ્ય ન્યાયાધીશ મનીન્દ્ર મોહન શ્રીવાસ્તવના વડપણ હેઠળની ડિવિઝન બેન્ચે તેને મંજૂરી આપી દીધી હતી. સુંદરેશને કહ્યું કે સિંગલ જજે તાત્કાલિક સેન્સર સર્ટિફિકેટ જારી કરવાનો આદેશ આપ્યો છે. ■

## સ્પોર્ટ્સ

# તમીમ ભારતીય એજન્ટ હોવાની ટિપ્પણી થતાં બાંગ્લાદેશીઓ અંદરોઅંદર ઝઘડી પડ્યા

ઢાકાઃ બાંગ્લાદેશ ક્રિકેટ ટીમની કેપ્ટન્સી સંભાળી ચૂકેલા ભૂતપૂર્વ ક્રિકેટર તમીમ ઇકબાલે થોડી સમજદારી બતાવીને ક્રિકેટની મડાગાંઠ ઉકેલવા ભારત સાથે થોડું સમાધાનભર્યું વલણ અપનાવવાની સલાહ શું આપી કે તેને બાંગ્લાદેશમાં ભારતના એજન્ટ તરીકે ઓળખાવવામાં આવી રહ્યો છે. એટલું જ નહીં, બાંગ્લાદેશમાં અંદરોઅંદર શાબ્દિક લડાઈ શરૂ થઈ ગઈ છે.

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર થઈ રહ્યા છે જેને લઈને આગામી આઇપીએલમાંથી (કેકેઆરની ટીમમાંથી) બાંગ્લાદેશી પેસ બોલર મુસ્તફિઝુર રહમાનની હકાલપટ્ટી કરવામાં આવી છે. ભારતમાં પોતાના ખેલાડીઓની સલામતીના મુદ્દે ડરી ગયેલા બાંગ્લાદેશે પોતાના ક્રિકેટરોને ફેબ્રુઆરીના ટી-૨૦ વર્લ્ડ કપમાં રમવા ભારત નહીં મોકલવાનું નક્કી કરી લીધું છે અને પોતાની ટીમની મૅચો સહ-યજમાન શ્રીલંકામાં રાખવા આઇસીસીને ભારપૂર્વક વિનંતી કરી છે.

જોકે તમીમ ઇકબાલની તાજેતરની ટિપ્પણીઓને લઈને બાંગ્લાદેશમાં ઊહાપોહ થઈ રહ્યો છે. તમીમે કહ્યું છે કે ‘ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે દેશની ટીમને ભારત ન મોકલવાનો નિર્ણય લોકોની સંવેદનાઓથી પ્રભાવિત થઈને ન લેવો જોઈએ. આવા કોઈ પણ નિર્ણયની અસર આવતાં ૧૦ વર્ષ સુધી જોવા મળી શકે. બાંગ્લાદેશ ક્રિકેટનું વિશ્વસ્તરે જે આગવું સ્થાન છે એ જોતાં તેમ જ આવો ઉતાવળે નિર્ણય લેવાથી બાંગ્લાદેશ ક્રિકેટનું ભવિષ્ય શું થઈ શકે એ બાબતો પર પણ ધ્યાન આપવું જોઈએ.’

તમીમની ટિપ્પણીઓ જાણ્યા પછી બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડની ફાઇનૅન્સ કમિટીના અધ્યક્ષ એમ. નજમુલ ઇસ્લામે તમીમ ઇકબાલ પર ભારતીય એજન્ટ હોવાનો આરોપ મૂક્યો છે. નજમુલે આરોપ મૂકતાં જ બાંગ્લાદેશમાં જાણે તમીમની વિરુદ્ધમાં કમેન્ટ્સનો દાવાનળ ફાટી નીકળ્યો છે. નજમુલે સોશ્યલ મીડિયાની એક પોસ્ટમાં લખ્યું છે, ‘ આ વખતે બાંગ્લાદેશના લોકોએ પોતાની આંખોથી વધુ એક પાક્કા ભારતીય એજન્ટનો ઉદય થતા જોયો છે.

જોકે નજમુલની આ કમેન્ટની પણ બાંગ્લાદેશમાં ટીકા થઈ રહી છે.

ક્રિકેટર્સ વેલફેર અસોસિયેશન ઑફ બાંગ્લાદેશે દેશના ક્રિકેટ સત્તાધીશો (બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ)ને પત્રમાં લખ્યું છે કે તમે નજમુલને કહો કે તેઓ જાહેરમાં માફી માગે અને તમીમની વિરુદ્ધ અસભ્ય ટિપ્પણી કરવા બદલ તેમની સામે કાર્યવાહી પણ કરો. બોર્ડના એક અધિકારી બાંગ્લાદેશ ક્રિકેટના ઇતિહાસના સૌથી સફળ ઓપનિંગ બૅટ્સમૅન વિશે અણછાજતી ટિપ્પણી કરે એ સાંખી ન લેવાય. ’

ગયા વર્ષે ઢાકા પ્રીમિયર લીગની એક મૅચ દરમ્યાન તમીમ ઇકબાલ એક મૅચમાં રમતી વખતે હૃદય રોગના હુમલાનો શિકાર થયો હતો.

# વિશ્વના સૌથી મોટી વયના ફૂટબોલર કહે છે, ‘ઉંમર વધે છે એમ હું જાણે યુવાન થતો જાઉં છું’

ટોક્યોઃ જાપાનના ૫૮ વર્ષની ઉંમરના ફૂટબૉલ ખેલાડી કાઝુયોશી મિઉરાનું એવું માનવું છે કે જેમ જેમ તેમની ઉંમર વધે એમ એમ તેમને લાગે છે કે તેઓ વધુને વધુ યુવાન થઈ રહ્યા છે. બીજી રીતે કહીએ તો ફૂટબૉલ રમવાની બાબતમાં તેમનો જોશ અને જુસ્સો દિવસે દિવસે વધી રહ્યો છે.

‘કિંગ કાઝુ’ તરીકે જાણીતા મિઉરા પ્રોફેશનલ ફૂટબૉલ એટલે કે વિશ્વભરની ફૂટબૉલની ક્લબો વચ્ચે રમાતી ફૂટબૉલની ટૂર્નામેન્ટોમાં ભાગ લઈ રહેલા તમામ ખેલાડીઓમાં સૌથી મોટી ઉંમરના છે. ૪૦ વર્ષની આસપાસ ફૂટબૉલ ખેલાડીઓ નિવૃત્ત થઈ જતા હોય છે, જ્યારે મિઉરા શુક્રવારે ફુકુશિમા યુનાઇટેડ ફૂટબૉલ ક્લબ નામની નવી ટીમમાં જોડાયા હતા. ત્રીજા ડિવિઝનની આ ટીમમાં જોડાવા બાબતમાં તેમણે ટોક્યોમાં પત્રકાર પરિષદ સંબોધી હતી.

મિઉરા આટલી મોટી ઉંમરે પણ વધુ ફૂટબૉલ રમવા આતુર છે. તેમણે પત્રકારોને કહ્યું, ‘જેમ જેમ હું રમતો જાઉં છું એમ એમ મારું પૅશન વધતું જાય છે. મારી ઉંમર વધતી જાય છે અને થોડા દિવસમાં હું ૫૯ વર્ષનો થઈ જઈશ, પરંતુ ખરું કહું તો મારા રમવાની ઇચ્છા તીવ્ર થતી જાય છે.’

સુઝુકા નામની ટીમ વતી મિઉરા સાત મૅચ રમ્યા હતા, પણ એકેય મૅચમાં ગોલ નહોતા કરી શક્યા. તેઓ જાપાન ઉપરાંત બ્રાઝિલ, ઇટલી, ક્રોએશિયા, ઑસ્ટ્રેલિયા અને પોર્ટુગલમાં ફૂટબૉલ રમી ચૂક્યા છે. તેમણે ૧૯૮૬માં ફૂટબૉલના મેદાન પર ડેબ્યૂ કર્યું હતું. બ્રાઝિલમાં તેઓ સૅન્ટોસ ક્લબ વતી રમ્યા હતા. આ એ જ ક્લબ છે જેના વતી મહાન ખેલાડી પેલે રમ્યા હતા. મિઉરા ૨૦૧૭ની સાલમાં ૫૦ વર્ષની ઉંમરે ક્લબ સ્તરે ગોલ કરનાર ઑલ્ડેસ્ટ પ્લેયર બન્યા હતા. તેમણે ૧૯૯૦ના દાયકામાં જાપાનની રાષ્ટ્રીય ટીમ વતી ૮૯ મૅચમાં પંચાવન ગોલ કર્યા હતા.

# મારા માટે રોહિત શર્મા હજી પણ કૅપ્ટન જ છેઃ જય શાહ

## મુંબઈની ઈવેન્ટ દરમ્યાન આઈસીસી ચૅરમૅનની ‘મન કી બાત’ સાંભળતાં જ રોહિત ખૂબ હસવા લાગ્યો



મુંબઈ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના ચૅરમૅન જય શાહે તાજેતરમાં મુંબઈના એક કાર્યક્રમમાં પ્રવચન દરમ્યાન રોહિત શર્માની કેપ્ટન્સીને ખૂબ બિરદાવી અને તેને કેપ્ટન તરીકે ઓળખાવ્યો એ સાથે જ નજીકમાં બેઠેલો ખુદ રોહિત શર્મા ખૂબ હસી પડ્યો હતો. બાજુમાં બેઠેલી પત્ની રિતિકા પણ ખૂબ હસી હતી. રોહિત અને રિતિકાની આસપાસ બેઠેલા શાહરુખ ખાન તેમ જ ભારતીય મહિલા કેપ્ટન હરમનપ્રીત કૌર તેમ જ અન્ય મહેમાનોએ પણ રોહિતને તેમ જ ભારતીય ક્રિકેટને ગૌરવ અપાવતી જય શાહની આ ટિપ્પણીને વધાવી લીધી હતી. જય શાહે કહ્યું હતું કે તેમના માટે રોહિત શર્મા હજી પણ કૅપ્ટન જ છે.

બોર્ડ ઑફ કંટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઈ)ના ભૂતપૂર્વ સેક્રેટરી જય શાહે ખાસ કરીને ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપની અને ૨૦૨૫ની ચેમ્પિયન્સ ટ્રોફીની રોહિત શર્માની કેપ્ટન્સીની ભારોભાર પ્રશંસા કરી હતી.

વન-ડે ક્રિકેટમાં વ્યક્તિગત ૨૬૪ રનનો વર્લ્ડ રેકૉર્ડ ધરાવતા અને આ જ ફૉર્મેટમાં વિશ્વમાં સૌથી વધુ ત્રણ ડબલ સેન્ચુરી ફટકારનાર રોહિત ટી-૨૦ આંતરરાષ્ટ્રીય અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે, પણ હજી વન-ડે ક્રિકેટ રમે છે. જોકે વન-ડે ટીમમાં તેના સ્થાને હવે શુભમન ગિલને સુકાન સોંપવામાં આવ્યું છે. ટેસ્ટની કેપ્ટન્સી પણ ગિલને સોંપાઈ છે, જ્યારે ટી-૨૦ ટીમનું નેતૃત્વ સૂર્યકુમાર યાદવ સંભાળી રહ્યો છે. રોહિત શર્મા હવે ભારતીય કેપ્ટન નથી, પરંતુ વન-ડે મૅચ દરમ્યાન ગિલ તેમ જ બીજા યુવાન ખેલાડીઓને માર્ગદર્શન જરૂર આપતો રહે છે.

૩૮ વર્ષનો રોહિત શર્મા હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કેપ્ટન નથી એમ છતાં જય શાહે તાજેતરમાં રિલાયન્સ ફાઉન્ડેશનની એક ઇવેન્ટમાં સ્પીચ દરમ્યાન રોહિત શર્માને ‘કેપ્ટન રોહિત’ તરીકે ઓળખાવ્યો હતો.

ભારતના પુરુષ અને મહિલા વિશ્વ વિજેતા ક્રિકેટરો માટેની ‘યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ’ નામની આ ઇવેન્ટમાં પ્રવચન દરમ્યાન જય શાહે કહ્યું, ‘આપણા કેપ્ટન અહીં જ બેઠા છે. હું તો તેને કેપ્ટન કહીને જ બોલાવીશ, કારણકે તેમણે ભારતને બે આઈસીસી ટ્રોફી અપાવી છે. ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપમાં આપણે લાગલગાટ દસ મૅચ જીત્યા ત્યાર બાદ આપણે ટ્રોફી નહોતા જીતી શક્યા, પરંતુ સૌના દિલ જરૂર જીતી લીધા હતા. મેં ફેબ્રુઆરી ૨૦૨૪માં રાજકોટમાં કહ્યું જ હતું કે આગામી વર્લ્ડ કપમાં (૨૦૨૪ ના ટી-૨૦ વિશ્વ કપમાં) આપણે સૌના દિલ અને ટ્રોફી બંને જીતીશું.’

૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતે ફાઇનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ટ્રોફી જીતી લીધી હતી.

# મુંબઈ મૅરથનમાં વિક્રમજનક ૬૯,૧૦૦ રનર્સ ભાગ લેશે

## ફુલ મૅરથનમાં ૧૪,૦૫૯ સ્પર્ધક દોડશે અને એ પણ એક રેકૉર્ડ છે

મુંબઈઃ ૧૮મી જાન્યુઆરીએ યોજાનારી ૨૧મી ટાટા મુંબઈ મૅરથન (ટીએમએમ)ના ગુરુવારે શરૂ થયેલા કાઉન્ટડાઉન પ્રસંગે સમારોહ યોજાયો હતો. આ વખતની ટીએમએમમાં કુલ ૬૯,૧૦૦ રનર્સે રજિસ્ટ્રેશન કરાવ્યું છે અને વર્લ્ડ ઍથ્લેટિક્સ ગોલ્ડ મેડલ રેસ માટે આ નવો વિક્રમ છે.

કુલ સ્પર્ધકોમાં ૬૫,૪૦૦ ઑન-ગ્રાઉન્ડ અને ૩,૭૦૦ વર્ચ્યુઅલ રનર્સનો સમાવેશ છે. ફુલ મૅરથનમાં ૧૪,૦૫૯ રનર્સ ભાગ લેશે અને એ પણ એક રેકૉર્ડ છે.આયોજકોના જણાવ્યા અનુસાર ૨૦૨૫ની મુંબઈ મૅરથન થકી એનજીઓ દ્વારા કુલ ૫૩.૬૨ કરોડ રૂપિયા એકત્રિત કરાયા હતા. એમાંથી સૌથી મોટી ૨૭.૬૬ કરોડ રૂપિયાની રકમ શિક્ષણના હેતુસર ઊભા કરવામાં આવ્યા હતા.

# ભૂતપૂર્વ રણજી પ્લેયરનું બૅટિંગ દરમ્યાન ઢળી પડ્યા બાદ મૃત્યુ

આઈઝોલઃ ભારતીય ક્રિકેટમાં એક દુઃખદ ઘટના બની છે. મિઝોરમના ૩૮ વર્ષની ઉંમરના કે. લાલરેમરુઆતાનું ગુરુવારે એક મૅચ રમતી વખતે ઢળી પડ્યા બાદ મૃત્યુ નીપજ્યું હતું.

ખાલેદ મેમોરિયલ સેકન્ડ ડિવિઝન સ્ક્રિનીંગ ટૂર્નામેન્ટમાં બૅટિંગ દરમ્યાન સ્ટ્રોકના કારણે તે મેદાન પર ઢળી પડ્યો હતો. પૅવિલિયનમાં પરત ફર્યા બાદ તેણે છાતીમાં દુખાવો થઇ રહ્યો હોવાની ફરિયાદ કરી હતી. તમામ પ્રયાસો છતાં ડોક્ટર્સ તેને બચાવી શક્યા નહોતા.

લાલરેમરુઆતા મિઝોરમ ક્રિકેટમાં જાણીતો ખેલાડી હતો. રાષ્ટ્રીય સ્તરે તેણે રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું. મૅચ દરમ્યાન તેને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી. થોડો સમય બૅટિંગ કર્યા બાદ તે ઢળી પડ્યો હતો. તેના અવસાનથી મિઝોરમ ક્રિકેટમાં શોકની લાગણી છે.

તે મિઝોરમ વતી બે રણજી મૅચ રમ્યો હતો તેમ જ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં સાત મૅચ રમ્યો હતો. તે નિવૃત્તિ પછી પણ રમતો રહ્યો હતો. બીસીસીઆઇએ તેના નિધન વિશે શોક વ્યક્ત કર્યો છે.

# ન્યૂ ઝીલૅન્ડના ભારતીય મૂળના ક્રિકેટરની સાથે તેની ગર્લફ્રેન્ડ પણ ફેમસ થઈ



વડોદરાઃ ભારતીય મૂળનો ક્રિકેટર આદિત્ય અશોક હાલમાં ભારતના પ્રવાસે આવેલી ન્યૂ ઝીલૅન્ડની ટીમમાં છે અને ભારતના કરોડો ક્રિકેટપ્રેમીઓ માટે તે નવો હોવાથી તે ખૂબ ચર્ચામાં છે એટલું જ નહીં, તેની ગર્લફ્રેન્ડ એલી ટૂગૂડ પણ લોકોમાં ફેમસ થઈ રહી છે. ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે રવિવાર, ૧૧મી જાન્યુઆરીએ સિરીઝની પ્રથમ વન-ડે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) રમાશે. ૨૩ વર્ષનો આદિત્ય અશોક સ્પિનર છે. તે લેગબ્રેક ગૂગલી સ્પેશ્યાલિસ્ટ છે. ન્યૂ ઝીલૅન્ડ વતી તે બે વન-ડે અને એક ટી-૨૦ રમી ચૂક્યો છે જેમાં તેણે કુલ બે વિકેટ લીધી છે. તેણે માત્ર ૨૩ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં ૭૮ વિકેટ લીધી છે અને ૩૫૯ રન કર્યા છે.

આદિત્ય અશોકનો જન્મ ૨૦૦૨ની સાલમાં તમિળનાડુના વેલ્લોરમાં થયો હતો. આદિત્ય જ્યારે કોઈ મૅચ રમવાનો હોય ત્યારે એલી તેને સપોર્ટ કરવા સ્ટેડિયમમાં અચૂક પહોંચી જાય છે. એલી ઇંગ્લૅન્ડમાં રહે છે અને હાલમાં આદિત્ય સાથે ન્યૂ ઝીલૅન્ડમાં રહે છે. એલીને ડૉગી પાળવાનો ખૂબ શોખ છે અને ઘોડેસવારી પણ તેને ખૂબ પ્રિય છે.

# અર્જુન તેન્ડુલકરે નાનપણના મિત્ર પૃથ્વી શૉની વિકેટ લીધી!

જયપુરઃ ગુરુવારે અહીં વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં પ્રી-ક્વૉર્ટર ફાઇનલ જેવા રાઉન્ડમાં ગોવા અને મહારાષ્ટ્રની ટીમ વચ્ચે જોરદાર રસાકસી થઈ હતી અને એમાં મહારાષ્ટ્રએ પાંચ રનથી વિજય મેળવ્યો હતો એમ છતાં આ બેમાંથી એક પણ ટીમ ક્વૉર્ટર ફાઇનલમાં નહોતી પહોંચી શકી, પરંતુ મૅચની એક ઘટના સૌ કોઈમાં ચર્ચાસ્પદ થઈ હતી. એ ઘટના એવી હતી જેમાં અર્જુન તેન્ડુલકરે તેના જૂના સાથી-ખેલાડી પૃથ્વી શૉની વિકેટ લીધી હતી.

**અર્જુન-પૃથ્વીનો નાનપણનો ફોટો ફરી ચગ્યો**

ક્રિકેટિંગ-ગૉડ સચિન તેન્ડુલકરનો ૨૬ વર્ષીય પુત્ર અર્જુન તેન્ડુલકર અગાઉ મુંબઈની ટીમમાં હતો અને પૃથ્વી શૉ પણ મુંબઈ વતી રમી ચૂક્યો છે. એક સમયે બન્ને ખેલાડી મુંબઈ વતી સાથે રમતા હતા. જોકે હવે અર્જુન ગોવાની ટીમમાં અને પૃથ્વી મહારાષ્ટ્રની ટીમમાં છે. તેન્ડુલકર લેફ્ટ-આર્મ પેસ બોલર છે અને પૃથ્વી રાઇટ-હૅન્ડ ઓપનર છે. અર્જુન અને પૃથ્વી આઠ-નવ વર્ષના હતા ત્યારથી મિત્ર છે. તેમણે મુંબઈ ક્રિકેટમાં સાથે કારકિર્દી શરૂ કરી હતી. પૃથ્વી નાનપણથી સચિનને મેન્ટર માનતો આવ્યો છે. પૃથ્વીને ૨૦૧૮થી ૨૦૨૧ દરમ્યાન ભારત વતી રમવા મળ્યું, પણ અર્જુનને એ મોકો નથી મળ્યો. ૨૦૧૧માં ભારતે વન-ડેનો વર્લ્ડ કપ જીતી લીધો હતો ત્યારે અર્જુન-પૃથ્વીએ વાનખેડે સ્ટેડિયમમાં સેલિબ્રેશનમાં ભાગ લીધો હતો. એ સમયનો (બાળપણનો) તેમનો ફોટો વર્ષોથી વાઇરલ થયો છે.

ગુરુવારે જયપુરમાં મૅચ હજી તો શરૂ થઈ હતી ત્યાં ગોવાના ૩૩ વર્ષીય રાઇટ-આર્મ પેસ બોલર વાસુકી કૌશિકે પહેલી જ ઓવરના ચોથા અને છઠ્ઠા બૉલમાં આર્શિન કુલકર્ણી (૦) અને અંકિત બાવણે (૦)ની મહત્ત્વની વિકેટ લઈને તરખાટ મચાવ્યો હતો. કૌશિકની ઓવર પૂરી થયા બાદ કૅપ્ટન દીપરાજ ગાંવકરે અર્જુન તેન્ડુલકરને બોલિંગ કરવા બોલાવ્યો હતો અને અર્જુને બીજા જ બૉલમાં ગાંવકરના જ હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. કુલ આઠ બૉલમાં પહેલી ત્રણ વિકેટ પડતાં મહારાષ્ટ્રની છાવણીમાં સન્નાટો છવાઈ ગયો હતો. પૃથ્વીની વિકેટથી મહારાષ્ટ્રની ટીમ મોટી મુસીબતમાં મુકાઈ ગઈ હતી. જોકે અર્જુનને ત્યાર બાદ વધુ વિકેટ નહોતી મળી.

**ઋતુરાજે મહારાષ્ટ્રની લાજ રાખી**

મહારાષ્ટ્રએ પહેલી પાંચ વિકેટ માત્ર પચીસ રનમાં ગુમાવી હતી. જોકે સિદ્ધાર્થ મ્હાત્રે (૨૭ બૉલમાં ત્રણ રન)એ ધૈર્યપૂર્વક રમીને કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૧૩૪ અણનમ, ૧૩૧ બૉલ, છ સિક્સર, આઠ ફોર)ને થોડો સમય સાથ આપ્યો હતો અને ત્યાર પછી ઋતુરાજે પહેલાં વિકી ઓસ્તવાલ (૫૩ રન) સાથે અને પછી રાજવર્ધન હંગારગેકર (૩૨ અણનમ) સાથે નાની-મોટી ભાગીદારી કરીને મહારાષ્ટ્રને ૭/૨૪૯નો સન્માનજનક સ્કોર અપાવ્યો હતો.

અર્જુન તેન્ડુલકર ઑલરાઉન્ડર છે, પણ તે બૅટિંગમાં સફળ નહોતો થયો અને માત્ર પાંચ રને વિકેટ ગુમાવી બેઠો હતો. ગોવાની ટીમે લલિત યાદવના અણનમ ૫૭ રનની મદદથી નવ વિકેટે ૨૪૪ રન કર્યા હતા અને વિજયથી તેઓ ફક્ત છ રન દૂર રહી ગયા હતા.

**અર્જુને મંગળવારે વિક્રમ રચ્યો**

અર્જુન તેન્ડુલકર ડોમેસ્ટિક ક્રિકેટમાં ખાસ કંઈ સફળ નથી થયો, પણ મંગળવારે તેણે એક વિક્રમ પોતાના નામે કર્યો હતો. તેણે પંજાબ સામેની મૅચમાં ગોવા વતી બૅટિંગ અને બોલિંગ, બન્નેમાં દાવની શરૂઆત કરી હતી. વિજય હઝારે ટ્રોફી ટૂર્નામેન્ટની એક જ મૅચમાં બૅટિંગ અને બોલિંગ, બન્નેમાં ઇનિંગ્સની શરૂઆત કરનાર તે પહેલો જ ખેલાડી બન્યો છે. જોકે એ દિવસે અર્જુન એક જ રન કરીને આઉટ થઈ ગયો હતો અને પછીથી બોલિંગમાં તેને ૪૮ રનમાં એક પણ વિકેટ નહોતી મળી.


# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## ટ્રમ્પના દુશ્મન-દેશઃ વેનેઝુએલા - ક્યુબા - કોલમ્બિયામાં બેઝબૉલ, ફૂટબૉલ, બૉક્સિંગ સૌથી લોકપ્રિય

દક્ષિણ અમેરિકાના વેનેઝુએલા દેશ વિશે અગાઉ લોકોમાં ભાગ્યે જ ચર્ચા થતી હતી, પરંતુ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની 'દાદાગીરી'ને લીધે આ દેશ અચાનક જ વિશ્વના ફલક પર આવી ગયો છે અને એક અઠવાડિયાથી દુનિયાના કેન્દ્રસ્થાને છે. છેલ્લા ઘણા દાયકાઓમાં વેનેઝુએલાની અનેક વિશ્વ સુંદરીઓ 'મિસ યુનિવર્સ', 'મિસ વર્લ્ડ' અને 'મિસ ઇન્ટરનૅશનલ' નામની સૌંદર્યસ્પર્ધાઓમાં મેદાન મારી ચૂકી છે અને સામાન્ય રીતે આ દેશ આ પ્રકારની સ્પર્ધાઓને લઈને જ ચર્ચામાં રહ્યો છે. જોકે અહીં આપણે વેનેઝુએલાના માત્ર ખેલકૂદ અને રમતગમતની સ્પર્ધાઓમાં આ દેશે શું અચિવ કર્યું એ વિશે જ જાણીશું.

**ઑલિમ્પિક્સમાં ચંદ્રકો જીતી ચૂકેલા આ દેશોમાં ક્રિકેટની લોકપ્રિયતા વધી રહી છે**




વેનેઝુએલાને સૌપ્રથમ ઑલિમ્પિક મેડલ ૧૯૫૨માં અસનોલ્દો દેવૉનિશે ટ્રિપલ જમ્પમાં અપાવ્યો હતો. ૧૯૯૭માં તેમનું અવસાન થયું હતું.




વેનેઝુએલાનો બીજો ઑલિમ્પિક ચંદ્રક ફ્રાન્સિસ્કો રૉડ્રિગેઝે મુક્કાબાજીમાં અપાવ્યો હતો. તેમણે ૧૯૬૮માં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ૨૦૨૪ની સાલમાં તેમનું નિધન થયું હતું.

સૌથી પહેલી વાત એ છે કે વેનેઝુએલામાં દાયકાઓથી બેઝબૉલની રમત લોકપ્રિય છે અને આ રમત એને યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (યુએસએ)ની જ દેન છે. માત્ર બેઝબૉલ નહીં, ફૂટબૉલની રમત પણ વેનેઝુએલામાં અમેરિકાને કારણે ફેમસ થઈ છે.

કહેવાય છે કે ટ્રમ્પે વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમના પત્નીને કેફી પદાર્થો (ડ્રગ્સ)ની દાણચોરી, અમેરિકામાં મોટા પાયે ઘૂસણખોરી અને સામ્યવાદી સરકારની નીતિના કારણસર પકડીને પોતાની (અમેરિકાની) જેલમાં બંધ કર્યા છે. જોકે વેનેઝુએલાનો આક્ષેપ છે કે અમેરિકા અમારા ખનિજ તેલના પ્રચંડ ભંડાર આંચકી લેવા માગે છે. અહીં આપણે વેનેઝુએલા સાથે ખેલકૂદ ક્ષેત્રે અમેરિકાના ક્રૂડ ઑઇલનો ભંડાર ધરાવતી અમેરિકી કંપનીઓ સાથેના સંબંધોની જ વાત કરવાની છે.

ઉલ્લેખનીય છે કે વેનેઝુએલામાં બેઝબૉલ અને ફૂટબૉલ (સૉકર) ઉપરાંત બાસ્કેટબૉલની રમત પણ અમેરિકાને કારણે લોકપ્રિય થઈ છે. જેમ ૨૦મી સદીની શરૂઆતમાં બ્રિટિશ રાજ દરમ્યાન ભારતમાં ક્રિકેટની રમત ફેમસ થઈ હતી એમ વેનેઝુએલામાં ખનિજ તેલનો વેપાર કરતી યુએસએની ઑઇલ કંપનીઓના સક્રિય યોગદાનને કારણે બેઝબૉલની રમત વધુ રમાતી થઈ હતી. એક રીતે ક્રિકેટ અને બેઝબૉલની રમત એકસરખી લાગે. જોકે બન્ને રમતના નિયમો વચ્ચે ઘણો ફરક છે. ૧૯૪૫માં વેનેઝુએલન પ્રોફેશનલ બેઝબૉલ લીગની સ્થાપના થઈ હતી. ફૂટબૉલની રમત વેનેઝુએલામાં બેઝબૉલ જેટલી નથી રમાતી, પણ થોડાં વર્ષોથી એની લોકપ્રિયતા પણ વધી છે.

અમેરિકાની નૅશનલ બાસ્કેટબૉલ અસોસિયેશન (એનબીએ) નામની બાસ્કેટબૉલ લીગ વિશ્વવિખ્યાત છે. એની રાહે ૧૯૭૪માં નૅશનલ બાસ્કેટબૉલ લીગની સ્થાપના થઈ હતી જેનું નામ છે, સુપરલીગા પ્રોફેશનલ દ બલૉનસેસ્તો (એસપીબી). વેનેઝુએલામાં સાઇક્લિંગ અને પોલો (ઘોડેસવારી)ની રમતને જે પૉપ્યુલારિટી મળી છે એ પાછળ પણ અમેરિકા જ કારણભૂત મનાય છે.

**ઑલિમ્પિક્સમાં માત્ર બે મેડલ મળ્યા**

વેનેઝુએલા ૧૯૪૮ની સાલથી ઑલિમ્પિક ગેમ્સમાં ભાગ લે છે, પણ અત્યાર સુધીમાં આ દેશ માત્ર બે ચંદ્રક જીતી શક્યો છે. એને પ્રથમ ઑલિમ્પિક મેડલ ૧૯૫૨માં અસનોલ્દો દેવૉનિશે અપાવ્યો હતો. દેવૉનિશ ટ્રિપલ જમ્પના ઍથ્લીટ હતા અને તેઓ એ સાલની ઑલિમ્પિક્સમાં બ્રૉન્ઝ મેડલ જીત્યા હતા. વેનેઝુએલાનો બીજો મેડલ સુવર્ણ હતો જે ૧૯૬૮ની ઑલિમ્પિક્સમાં ફ્રાન્સિસ્કો રૉડ્રિગેઝે મુક્કાબાજીમાં જીતી લીધો હતો.

**માદુરોનું ખેલકૂદ કનેક્શન**

ડોનલ્ડ ટ્રમ્પે જેમનું અપહરણ કરાવ્યું એ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોનો ખેલકૂદ ક્ષેત્ર સાથે સીધો સંબંધ નથી, પણ માદુરો પરિવારનું થોડું કનેક્શન જરૂર છે. વેનેઝુએલાના પરિવારના એક વડીલના નામ પરથી દેશમાં એક સ્ટેડિયમને માદુરો સ્ટેડિયમ નામ આપવામાં આવ્યું છે.

**માયામીમાં માદુરો નામનું સ્ટેડિયમ**

૨૦૨૬ની સાલમાં ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપ અમેરિકા, મેક્સિકો અને કૅનેડા દ્વારા સંયુક્ત રીતે યોજાવાનો છે. ખાસ કરીને અમેરિકાની વાત કરીએ તો ત્યાં આ સ્પર્ધા માટે માયામી સ્ટેડિયમ લગભગ તૈયાર કરી દેવામાં આવ્યું છે. નવાઈની વાત એ છે કે ભૂતકાળમાં બેઝબૉલની ટૂર્નામેન્ટો માટે ફ્લોરિડામાં માયામી સ્ટેડિયમ બન્યું હતું. એ ખેલકૂદ સ્થળનું પૂરું નામ બૉબી માદુરો માયામી સ્ટેડિયમ હતું. ૨૦૦૧માં એ સ્ટેડિયમ તોડી નાખવામાં આવ્યું હતું.

**ક્યુબા, કોલમ્બિયા, ગ્રીનલૅન્ડ પણ અમેરિકાના લક્ષ્યાંક**

વેનેઝુએલા બાદ ક્યૂબા તેમ જ કોલમ્બિયા અને ગ્રીન લૅન્ડ પણ અમેરિકાના હવે પછીના લક્ષ્યાંક મનાય છે. વેનેઝુએલાની જેમ ક્યૂબામાં પણ બેઝબૉલની રમત ખૂબ લોકપ્રિય છે. જોકે મુક્કાબાજી તેમ જ કુસ્તી, વૉલીબૉલ, બાસ્કેટબૉલ, નૌકા હરીફાઈ અને ટ્રેકિંગની રમતની પણ ઘણી સ્પર્ધાઓ યોજાય છે. ક્યૂબાએ ઑલિમ્પિક્સમાં અત્યાર સુધીમાં કુલ ૨૪૪ મેડલ મેળવ્યા છે જેમાં ૮૬ ગોલ્ડ મેડલ છે અને એમાંથી સૌથી વધુ ૪૨ ગોલ્ડ એના બૉક્સર્સે જીતી લીધા છે. કોલમ્બિયામાં વેઇટલિફ્ટિંગ સૌથી લોકપ્રિય રમત છે અને ઑલિમ્પિક્સમાં કોલમ્બિયા જે કુલ ૩૮ મેડલ જીત્યું છે એમાં સૌથી વધુ ૧૧ મેડલ વેઇટલિફ્ટિંગના છે. ઉત્તર અમેરિકામાં ડેન્માર્કના કબજામાં રહેલા વિશ્વના સૌથી મોટા ટાપુ ગણાતા ગ્રીનલૅન્ડ પર પણ અમેરિકાનો ડોળો હોવાનું મનાય છે. આ ગ્રીનલૅન્ડમાં પણ ઘણી રમતોની ટૂર્નામેન્ટો રમાય છે જેમાં ફૂટબૉલ, ટ્રેક ઍન્ડ ફીલ્ડ, બૅડમિન્ટન, હૅન્ડબૉલ, ગૉલ્ફ તેમ જ ખાસ કરીને સ્કિઇંગનો સમાવેશ છે. ઑલિમ્પિક્સમાં ગ્રીનલૅન્ડની પોતાની ટીમ નથી, પરંતુ શિયાળુ રમતોત્સવ (વિન્ટર ઑલિમ્પિક્સ)માં આ દેશ ડેન્માર્કની મદદથી સ્કિઇંગની હરીફાઈઓમાં ભાગ લે છે.

**વેનેઝુએલા, ક્યુબામાં ક્રિકેટની હજી શરૂઆત**


વેનેઝુએલા અને ક્યૂબામાં ક્રિકેટની રમત હજી પા-પા પગલી માંડી રહી છે. બન્ને દેશમાં ક્રિકેટ અસોસિયેશન બન્યા છે, પરંતુ 'જેન્ટલમૅન્સ ગેમ' તરીકે ઓળખાતી આ રમતને ખાસ કંઈ લોકપ્રિયતા નથી મળી. જોકે ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) દ્વારા વિશ્વના અનેક દેશોમાં ક્રિકેટની રમતનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે એમાં આ બે દેશ પણ સામેલ છે. કોલમ્બિયામાં ક્રિકેટ ઘણી રમાય છે. ખાસ કરીને કોલમ્બિયાની મહિલા ક્રિકેટરો નાના દેશોના ક્રિકેટ ક્ષેત્રે પ્રખ્યાત છે અને કોલમ્બિયાનાં ઘણાં શહેરોમાં ક્રિકેટ ક્લબોની ટૂર્નામેન્ટો રમાય છે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## ઓસાકામાં મળ્યા રિટાયર્ડ સુમો પહેલવાન...







જાપાનના સુમો કોન્સેપ્ટથી આપણે એટલાં પ્રભાવિત છીએ કે કારના મૉડેલના નામથી લઈને પેઇન રીલીફ ક્રીમ સુધી, સુમો શબ્દ ગમે ત્યાં વપરાતો દેખાઈ જાય. અને કેમ ન હોય, તે શબ્દને શક્તિ સાથે સાંકળવામાં આવે છે. હવે જાપાનીઝ સુમો ઇવેન્ટમાં જવાનું તો જાપાનનો પ્લાન બનવા સાથે જ નક્કી થઈ ચૂક્યું હતું. કંઈ નહીં તો સુમો ફાઇટ્સ થાય છે તે અરીનામાં તો જઈ આવીશું જ. ઓસાકામાં અમે ટ્રિપનો ખાસ સમય સુમો ફાઇટના અનુભવો માટે રાખેલો. ખાસ નાનપણમાં સ્પોર્ટ્સ ચેનલો ચાલુ થવા સાથે સુમો પહેલવાનો અને તેમની ફાઇટ્સ, તેમનાં કદ, જાપાનમાં શિન્ટો ધર્મ સાથે જોડાયેલી આ સ્પોર્ટની લોકપ્રિયતા મનના કોઈ ખૂણામાં ઘર કરી ગઈ હતી.

સમય સાથે સુમોના રેફરન્સ મર્યાદિત થતા ગયેલા, પણ તેની વાત કોઈ ને કોઈ સંદર્ભે નીકળી જ જતી. તેમાંય શાહરૂખ ખાનની ફિલ્મ 'રબને બના દી જોડી'ને અંતે બંને જાપાન જાય છે ત્યારે સુમો ફાઇટ જોવા પહોંચી જાય છે. અમે જે દિવસે ઓસાકામાં સુમો અરીનાનો પ્લાન બનાવેલો ત્યારે મારો તાવ પણ ઓસરી રહ્યો હતો. કોઈ લાંબી ટ્રિપમાં અત્યાર સુધી આવું વાઇરલ થવાનું પહેલી વાર બન્યું હતું. તેના કારણે પ્લાનમાં થોડા ફેરફાર જરૂર થયા, પણ પૂરતી ઊંઘ, સૂપ અને સાથે લાવેલી દવાઓમાં જ કામ ચાલી ગયું. જો તે દિવસે તાવ ન ઊતર્યો હોત તો જાપાનીઝ ડોક્ટર અને દવાખાનું પણ જોવા મળી ગયાં હોત. જાપાન સહિત એશિયાના મોટા હિસ્સામાં લોકો સતત કોવિડ પહેલાં અને પછી પણ માસ્ક પહેરીને ફરે છે તેની પાછળનું કારણ જાત અનુભવ સાથે સમજાઈ રહ્યું હતું. તે સમયે મારી ઇમ્યુન સિસ્ટમ ઇન્ફેક્શન સાથે લડીને મને આગળ વધવા ઇશારો કરી રહી હતી.

સુમો ફાઇટ્સની શરૂઆત તો છેક સોળ કે સત્તરમી સદીમાં એડો રાજ દરમ્યાન થઈ હતી. આ સ્પોર્ટની શરૂઆત તો શિન્ટો ધર્મની શ્રાઇન અને મંદિરો બનાવવા નાણાં ભેગાં કરવા માટે થયેલી. મોટાભાગની સ્પર્ધાઓ ત્યારે ચેરિટી માટે જ થતી. સમય જતાં તેની લોકપ્રિયતા દુનિયાભરમાં એવી પહોંચી ગઈ કે આજે તો સુમો રેસલિંગ માત્ર સ્પોર્ટ તરીકે જ નહીં, જાપાનના કલ્ચરના એક અનોખા હિસ્સા તરીકે જોવામાં આવે છે. તેનું એક કારણ એ પણ છે કે સુમોનાં રિચુઅલ્સ, તેના પહેલવાનોને ત્યાંની વિઝુઅલ આર્ટમાં પણ સદીઓથી સ્થાન મળતું રહ્યું છે. અમુક લોકો તો સુમો રેસલિંગ છેક આઠમી સદી પહેલાં પણ જાપાન દેશની સ્થાપના અને યાયોઈ સમયગાળા સાથે સંકળાયેલી હોવાનું માને છે. તે સમય દરમ્યાન રાજા અને દેશના ધનાઢ્ય પરિવારો સુમો પહેલવાનોને ખરીદીને રમતમાં ઉતારતા. રેસલિંગનું આજનું સ્વરૂપ તો એડો સમય દરમ્યાન જ બહાર આવ્યું હતું. તે સમય દરમ્યાન સુમો રેસલિંગ મેચનાં ચિત્રો લાકડા પર પેઇન્ટ થતાં અને સુવિનિયર તરીકે બધે વેચાતાં. તે કારણસર આ સ્પર્ધા અને તેનો પ્રકાર સાધારણ લોકોમાં પહોંચી ગયો અને લોકપ્રિય બની ગયો હતો. એટલું જ નહીં, રેસલિંગની ટ્રેનિંગ, તેને લગતા નિયમો વગેરે પણ એ જ સમય દરમ્યાન આકાર લેવા લાગ્યાં હતાં.

ઓસાકામાં સુમો હોલ હીરાકુઝા છે, ત્યાં મેચ જોવાનું ઓસાકાના ટ્રેડિશનલ અનુભવનો જ મહત્ત્વનો ભાગ છે. અમે ગ્રાન્ડ સુમો માર્ચ ટુર્નામેન્ટની ટિકિટ પહેલેથી જ લઈ ચૂક્યાં હતાં. અને જાપાન જવાનું નક્કી થતાં જ પહેલું બુકિંગ આ શોનું કર્યું હતું. બાકી સુમો ટુર્નામેન્ટ એટલી લોકપ્રિય છે કે ત્યાં પહોંચીને ટિકિટ મળી જશે એ આશામાં ન રહેવું. લાઇવ શો એક્સપિરિયન્સ માટે ઓસાકામાં સેમ ડે ટિકિટની ઘણી લાંબી લાઈન હતી. અમે પહેલેથી જ તૈયાર હતાં. માસ્ક સાથે જ અમે પહેલાં તો અરીનામાં અમારી સીટ પર જઈને બેસી ગયેલાં. આ શોમાં હવે પ્રોફેશનલ રેસલિંગથી રિટાયર્ડ સુમો પહેલવાનો ટૂરિસ્ટ માટે એક સંક્ષિપ્ત ફાઇટ યોજે છે, સાથે સુમોનો ઇતિહાસ, નિયમો અને તેને સંબંધિત ટ્રિવિયા પણ સાંકળી લે છે. એટલું જ નહીં, જો કોઈ મુલાકાતીને રસ હોય તો તે રિંગમાં જઈને થોડા કુશ્તીનાં પેંતરા પણ અજમાવી શકે છે. અમે એટલો બધો ઉત્સાહનો ન બતાવ્યો, પણ સુમો મેચને આ રીતે જોવોનો મોકો અમે બરાબર માણ્યો.

અમારા હિસ્સે આવેલો રિટાયર્ડ સુમો પહેલવાન ટાકુટો એકદમ ફની અને વાસ્તવિક હતો. તેણે અમને સુમો પહેલવાનો થતા હેલ્થ ઇશ્યુઝ વિશે પણ વાત કરી. સરેરાશ એક સુમોનું વજન ૧૫૦ કિલો હોય અને તેમના ગ્રુપમાં રેકોર્ડ વેઇટવાળો એક ૨૯૦ કિલોનો સુમો પણ થઈ ગયો છે. જોકે તેમને પોતાનું વજન મેઇનટેન કરવા માટે રોજની ૨૦,૦૦૦ કેલરી ખાવી પડે. એટલું જ નહીં, મોટાભાગના સુમોનું વજન વધુ મસલ અને ઓછા ફેટનું બનેલું હોય તેવા પ્રયત્નો રહે છે. અમને જાવા મળેલા એક રેસલિંગ રાઉન્ડને 'તાચિઆઈ' કહેવાય. સાથે પારંપરિક સુમો ટ્રેનિંગ 'કિમારિતે'ની પણ ઝલક જોવા મળી. એક રીતે જુઓ તો આ કોઈ ડાન્સ શો કે પછી મ્યુઝિક કોન્સર્ટ જેવો જ અનુભવ હતો. બાકી અત્યારે સુમોની દુનિયાનો વિરાટ કોહલી તો છે ઓનસાટો ડાઈકી. તે સુમો રેન્કિંગ સિસ્ટમ યોકોઝુના મુજબ ટોચનો પહેલવાન ગણાય છે અને એટલો જ લોકપ્રિય પણ છે.

આ શો જોયા પછી લાગ્યું કે ટોક્યોમાં સુમો સ્ટેબલની ટૂર પણ કરી શક્યાં હોત. ટોક્યોમાં એક મજાનું સુમો મ્યુઝિયમ પણ છે જ. જોકે તેના માટે અમે ઓસાકા પાસે જ કાત્સુરાગી સિટી જવાનાં હતાં. સુમો ટ્રેનિંગ સેન્ટરો સ્ટેબલ તરીકે ઓળખાય છે. આજે મોટાભાગનાં સ્ટેબલ ટોક્યોમાં જ છે. ટૂરિસ્ટી સુમો શો જોઈને હવે તેના વિષે વધુ જાણવાની ઉત્સુકતા જાગી હતી. ■

એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# વિશ્વના સૌથી નાનકડા દેશ વેટિકન સિટીમાં વિશ્વનું સૌથી નાનું આર્મી પણ તહેનાત છે...

## અહીં માઈકલએન્જેલોનાં ઓટોગ્રાફવાળું ઐતિહાસિક શિલ્પ 'પીએટા' નજરોનજર નિહાળી શકો!

**વેટિકન સિટી...**

નામ પડતા જ શાળા અભ્યાસ દરમિયાન ભણાવવામાં આવેલી વિશ્વના સૌથી નાનકડા દેશની વ્યાખ્યા યાદ આવી જાય. એનો કુલ વિસ્તાર છે ૧૧૦ એકર. ટૂંકમાં અડધો ચોરસ કિલોમીટર કરતાં પણ થોડો ઓછો વિસ્તાર. વેટિકન સિટીની કેટલીક ખાસિયત જાણવા જેવી છે, જેમકે ...

અહીં રાજાસત્તાક (મોનાર્કી) શાસનનું ચલણ છે એટલે પોપ (કેથલિક ધર્મસંઘના વડા) સત્તાધીશ છે. એનો સ્વતંત્ર ધ્વજ છે અને પોતાનું રાષ્ટ્રગીત સુધ્ધાં છે. બદનામ રોમન સમ્રાટ નીરો એક જુલમગાર રાજવી હતો અને રોમ જ્યારે ભડકે બળવા લાગ્યું હતું ત્યારે નીરોએ એ માટે ખ્રિસ્તીઓને જવાબદાર ઠેરવ્યા હતા. આ સિતમગર સમ્રાટે કેટલાય ખ્રિસ્તીઓને શૂળીએ ચડાવી દીધા હતા, જેમાં ઈસુ ખ્રિસ્તના શિષ્ય સેન્ટ પીટરનો પણ સમાવેશ હતો. સેન્ટ પીટર સહિત સેંકડો લોકોને જ્યાં દફનાવવામાં આવ્યા હતા એ જમીન પર અત્યારનું સેન્ટ પીટર્સ બેસિલિકા ચર્ચ ઊભું હોવાની માન્યતા છે. વેટિકન સિટીના આ ચર્ચમાં ઈટાલિયન શિલ્પી માઇકલએન્જેલોની 'પીએટા' નામની કલાકૃતિ અંગેની જાણકારી રસપ્રદ છે.



પીએટાઃ કરુણામૂર્તિ

**પીએટાઃ**

માઇકલએન્જેલોના બે શિલ્પ ડેવિડ અને પીએટાને વિશેષ ખ્યાતિ મળી છે. ઈસુને વધસ્તંભ પર ચડાવ્યા પછી મધર મેરી તેમને ખોળામાં લઈને બેઠા છે એ દર્શાવતું આ શિલ્પ 'પીએટા' તરીકે ઓળખાય છે. પીએટા એટલે માઇકલએન્જેલોની કરુણામૂર્તિ.પીએટા એકમાત્ર કૃતિ છે જેમના પર માઇકલએન્જેલોના હસ્તાક્ષર કોતરાયેલા નજરે પડે છે. એની પાછળ એક મજેદાર કહાણી છે. એક ઇતિહાસકારની નોંધ પ્રમાણે આ કળાકૃતિની ચર્ચમાં સ્થાપના થયા પછી એ શિલ્પકૃતિ જોવા આવેલા કલારસિકો એ જોઈને પ્રભાવિત થયા અને એ કોણે બનાવી હશે એ વિશે ચર્ચા કર્યા પછી એ શિલ્પ ક્રિસ્ટોફર સોલારી નામના શિલ્પીનું જ હોવું જોઈએ એવું અનુમાન તેમણે બાંધ્યું. એ સમયે ત્યાં હાજર રહેલા માઇકલએન્જેલોએ આ વાત સાંભળી. એક રાતે એ ચર્ચમાં છુપાઈને રહ્યા અને પ્રતિમા પર પોતાનું નામ કોતરી નાખ્યું જેથી દુનિયાને ખબર પડે કે પીએટા બીજા કોઈનું નહીં, પણ તેમનું સર્જન છે.



સ્વિસ ગાર્ડઃ પોપની સુરક્ષા

**ઈશ્વરના પ્રતિનિધિને માનવ સુરક્ષાઃ**

પીંછાવાળી હેલ્મેટ, સુશોભિત કોલર અને વિશિષ્ટ શૈલીની બાંય ધરાવતા ગણવેશમાં સજ્જ વેટિકન સ્વિસ ગાર્ડ્સ સહેલાણીઓને કદાચ એક સમયના રાજ દરબારના વિદૂષક લાગતા હશે, પણ એ લોકોની વેટિકન સિટીમાં હાજરી લોકોને મનોરંજન પૂરું પાડવાની નથી. સોળમી સદીના પ્રારંભથી વિશ્વના સૌથી નાના લશ્કરની નામના ધરાવતા આ સ્વિસ સિપાહીઓ નામદાર પોપના અને એમના નિવાસસ્થાનના રક્ષણની તેમ જ વેટિકન સિટીની સરહદની સુરક્ષામાં વ્યસ્ત રહે છે.

રોમન કેથલિક ચર્ચના સર્વોચ્ચ વડા 'પોપ' તરીકે ઓળખાય છે. વેટિકન સિટીના વડા ગણાતા પોપ ઈશ્વરના પ્રતિનિધિ માનવામાં આવે છે. ૫૨૦ વર્ષ પહેલા એટલે કે ૧૫૦૬માં પોપ અને તેમના નિવાસસ્થાનના રક્ષણ માટે સ્વિસ ગાર્ડની પહેલી વાર નિમણૂક કરવામાં આવી હતી. સ્વિસ ગાર્ડની નિયુક્તિ પાછળનું કારણ એમ છે કે સ્વિસ સૈનિકોમાં નિષ્ઠા અને શિસ્ત જેવા ગુણ છલકાતા હોય છે અને લડાયક આવડતમાં નિપુણ ગણાય છે. પોપ પ્રવાસે નીકળે ત્યારે પોપના રક્ષણ માટે એમનો પડછાયો બનીને રહેવાની જવાબદારી આ સૈનિકની હોય છે.

સ્વિસ ગાર્ડ પુરુષ હોય એ ફરજિયાત છે. સિવાય એની નાગરિકતા સ્વિટ્ઝર્લેન્ડની હોવી જોઈએ, ઉંમર ૧૯થી ૩૦ વર્ષની વચ્ચે, ઊંચાઈ ૫ ફૂટ ૮ ઈંચથી વધારે, અપરિણીત અને ખ્રિસ્તી ધર્મ માટે શ્રદ્ધા ધરાવનારો અને નિષ્કલંક ચારિત્ર્ય ધરાવતો હોવો જોઈએ. સ્વિસ મિલિટરીની ટ્રેઈનિંગ ફરજિયાત અને કમ સે કમ બે વર્ષ માટે નામદાર પોપની સેવામાં હાજર રહેવાનું પણ કમ્પલસરી હોય છે. હેલ્બ્રેડ તેમનું પારંપરિક શસ્ત્ર છે, પણ સૈનિકોને મોડર્ન શસ્ત્રો વાપરતા પણ શીખવાવમાં આવે છે. ૧૯૮૧માં પોપ જ્હોન બીજાને ઠાર કરવાની કોશિશ થઈ એ દિવસથી આત્મરક્ષણ અને આતંકવાદ સામે કેવી રીતે લડવું એ શીખવવા પર જોર આપવામાં આવી રહ્યું છે. વર્ષો સુધી પોપના રક્ષકોની સંખ્યા ૧૧૦ પર સીમિત હતી, પણ ફ્રાન્સ અને યુરોપિયન દેશોમાં કેટલાક આતંકવાદી હુમલાને પગલે ૨૦૧૮માં સૈનિકોની સંખ્યા વધારી ૧૩૫ કરવામાં આવી હતી. સામાન્યપણે ગાર્ડ છ કલાકની શિફ્ટમાં કામ કરતા હોય છે અને વ્યસ્ત દિવસોમાં ૧૨ કલાકની ડ્યૂટી પણ કરવી પડે. દર મહિને ૧૨૦૦ યુરો (આશરે સવા લાખ રૂપિયા) વેતન પેટે મળે.

સ્વિસ નેશનલ મ્યુઝિયમની જાણકારી અનુસાર સ્વિસ ગાર્ડને સૌપ્રથમ આક્રમણનો સામનો ૧૫૨૭માં કરવો પડ્યો હતો. રોમન સામ્રાજ્યના વીસેક હજાર સૈનિકોએ કરેલા હુમલામાં તત્કાલીન પોપની સુરક્ષા કરવા જતા ૧૪૭ સ્વિસ ગાર્ડ હોમાઈ ગયા હતા. પોપ સહિત ૪૨ રક્ષકો છુપા રસ્તે ભાગી જવામાં સફળ તો થયા, પણ અંતે ઝડપાઈ ગયા હતા. છ મહિના બંદી રાખ્યા બાદ પોપને જવા દેવામાં આવ્યા, પણ બચી ગયેલા ૪૨ ગાર્ડને ઠાર કરવામાં આવ્યા હતા. ૧૫૪૮માં ગાર્ડની ફરી નિમણૂક કરવામાં આવી હતી.

**છ ઇંચની સરહદઃ**

સીમા કે સરહદ મનુષ્યને એકમેકથી વિખૂટા પાડવા માટે મનુષ્ય દ્વારા ઊભી કરેલી વ્યવસ્થા છે. આ ભૌગોલિક વ્યવસ્થા સલામતી માટે બે દેશને નોખા તારવે છે. સરહદ પર બેઉ તરફની પ્રજાની સલામતી વિષે સાવધાની રાખવામાં આવે છે. કેટલીક સીમાનો વિસ્તાર ખૂબ લાંબો હોય છે, જેમ કે યુએસએ અને કેનેડા સરહદ આશરે ૮૯૦૦ કિલોમીટર લાંબી છે. લાંબી સરહદોમાં ભારત - બાંગ્લાદેશ સરહદ ૪ હજાર ૧૪૨ કિલોમીટર સાથે પાંચમા ક્રમે છે.


જોકે, ઇટલીના પાટનગર રોમ અને ધ વેટિકન સિટી વચ્ચેની સરહદ એટલી નાની છે કે માત્ર નામ પૂરતી જ રાખવામાં આવી હોય એવું લાગે છે. આ બેઉ વિસ્તાર વચ્ચે છ ઇંચ પહોળી સરહદ છે જે એક સફેદ પટ્ટાથી અંકિત કરવામાં આવી છે. એ પટ્ટાની અડોઅડ એક ફેન્સ અથવા વાડ છે જે સામાન્ય ઊંચાઈ ધરાવતી કોઈ પણ વ્યક્તિ આસાનીથી ઠેકીને જઈ શકે છે. એક જ સમયે એક પગ વેટિકન સિટીમાં અને એક પગ રોમમાં રાખી શકો છો...! ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# AI વળી કઈ વાડીનો મૂળો છે?

## ટક્કર મમતા v/s મેમરીની...




'મોમ, ગ્રાન્ડપાને કહેને કે તેમનો જમાનો જુદો હતો. અમારો જમાનો જુદો છે. ફાસ્ટ છે. તેમને ન ખબર પડે. દરેક વાતમાં અમને સલાહ આપે છે.'

સ્માર્ટ દાદાએ ચશ્માની ઉપરથી દાદી સામું જોયું અને સમજદારીપૂર્વકનું હસ્યા. પૌત્રને બોલાવી માથે હાથ ફેરવી અને કહ્યું 'બેટા, કશુંક ખોટું થતું હોય તો ઘરના વડીલની ફરજ છે કે સાચી સમજ આપે.'

'ગ્રાન્ડપા, અમારી પાસે સમજ લેવા માટે મોબાઈલ છે. યુ કેન આસ્ક એનીથિંગ ટુ AI.'

હવે દાદી મેદાનમાં આવ્યા અને દીકરાને શાબાશ કહી અને એપ્રિસિયેટ કર્યો. આમાં અયાનને મજા આવી ગઈ. દાદી એ વાત આગળ ચલાવી.

'અયાન, બેટા ચાલો આપણે દાદા ને મોબાઈલથી હરાવીએ.'

દાદાએ પણ ચેલેન્જ સ્વીકારી અને જે હારે તે જીતેલાની ટાસ્ક પૂરી કરે તેવું નક્કી પણ થયું.

આજના જમાનામાં માણસે બે પ્રકારના બુદ્ધિશાળી જીવો બનાવ્યા છે. એક છે AI. અને બીજા છે દાદાદાદી. ફરક એટલો જ કે AI ને આપણે બનાવ્યું છે, અને દાદાદાદીએ આપણને.

આજકાલ ઘરમાં AI એવું ઘૂસી ગયું છે, જાણે નવો જમાઈ આવ્યો હોય. બધાને લાગે આ તો બહુ હોશિયાર છે!

દાદાને પૌત્રએ કહ્યું, 'દાદા, આ AI છે, બધું જાણે છે.'

દાદાએ ચશ્મા પહેરી, મોબાઈલ તરફ જોયું અને કહ્યું, 'તો આને દાદી કહેવાય એ પણ બધું જાણે છે.'

ત્યાં તો AI બોલ્યુંઃ આઈ કેન એન્સર એની કવેશ્ચન દાદાએ તરત પૂછયુંઃ 'લગ્ન પછી માણસ કેમ બદલાઈ જાય છે?'

AI થોડી વાર પ્રોસેસમાં ગયું. લોડિંગ થયું. ચક્ર ફર્યું. પછી બોલ્યુંઃ

'ધીસ ઇસ ડ્યુ ટુ ઈમોશનલ, સાયકોલોજીકલ એન્ડ સોશ્યલ ચેન્જીસ.'

દાદા બોલ્યાઃ 'અરે! આટલું બધું લખવા કરતા એટલું જ કહેત કે 'ઘરવાળી' તો પણ હું સમજી જાત.'

દાદી, AI પાસે રેસીપી પણ છે. દાદીઃ 'લાવો, જોઈએ.'

AI બોલ્યુંઃ 'ટેક થ્રી ગ્રામ ઓફ સોલ્ટ ફાઈવ એમ એલ ઓઇલ બોઇલ ફોર સેવન મિનિટ.'

AI એ પોતાની રેસીપી પ્રમાણે બનાવ્યું. દાદી એ પોતાની લાગણી પ્રમાણે વાનગી બનાવી બન્ને ખાવા બેઠા. AI ની વાનગી ખાઈને દાદા બોલ્યા, "આ ખાવાથી પેટ ભરાય, પણ દિલ નહીં!'

દાદા બોલ્યા, 'તું રડી શકે?'

AI : 'આઈ કેન સીમ્યુલેટ ક્રાઇન્ગ.'

દાદીઃ 'એટલે તું નકલી દુઃખી થઈ શકે, સાચે નહીં.'

AI થોડી વાર ચૂપ રહ્યો. પહેલીવાર એને લાગ્યું કે આ દાદી પાસે જે છે, એ મારી પાસે નથી.

દાદાએ એ AI ને પૂછ્યું, 'સમય શું છે?' 'AI કહે, Time is money.' દાદા કહે, 'સમય યાદો છે!'

દરેક જવાબ પછી AI થોડી વાર માટે હેંગ થઈ જતું. એને લાગતું આ માણસ મારા અલ્ગોરિધમમાં ક્યાંથી આવ્યો?

એ દિવસે AI એ પોતે જ વિચારવાનું શરૂ કર્યું. હું બધું જાણું છું, પણ કંઈ અનુભવતો નથી. હું મેસેજ લખી શકું છું, પણ હાથ પકડી શકતો નથી. હું જવાબ આપી શકું છું, પણ કોઈને ગળે લગાવી શકતો નથી.

દાદાદાદી અને આયા એ AI ને કહ્યું 'બાળક રોવે છે તેને સુવડાવી દે.'

સરસ મજાનું હાલરડું વાગ્યું. દાદા-દાદીએ કહ્યું 'બાળકને થપ થપાવશે કોણ? ખોળામાં લઈ માથે હાથ કોણ ફેરવશે? તું બાળોતિયા સાફ કરી શકે? ડાયપર બદલી શકે? બાળક રડે તો રડવાનું કારણ આપી શકે? તારી પાસે સ્પીડ છે, દાદાદાદી પાસે આ બધું કરવાનો સમય છે.'

AI દુનિયાને ઝડપી બનાવશે. પણ દાદાદાદી કુટુંબમાં સ્થિરતા આપે છે. AI તમને સફળ બનાવશે, પણ દાદાદાદી તમને માણસ બનાવશે. અને અંતે AI એ પોતે જ કહ્યુંઃ 'આઈ એમ ધ ફ્યુચર બટ ધે આર ધ રૂટ્સ.'

દાદાએ અને દાદીએ અયાન સામું જોયું. દાદા - દાદીની ચાર આંખો કશુક બોલી ગઈ. અયાન દાદીના ખોળામાં ખોવાયો, દાદાએ હેતથી માથે હાથ ફેરવ્યો.

હવે રોજ મોબાઇલ બાજુ પર રહે છે. અને અયાન દાદા-દાદી સાથે મસ્ત રહે છે. ■

**વિચારવાયુ**

*માણસ દુઃખી થશે તો તેને રડવા માટે, ખાલી થવા માટે કોઈનો ખભ્ભો જોઈશે આવું AI સૂચન આપી શકે, પણ ખભ્ભા માટે તો મિત્ર જોઈએ...!*

ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# આવો, પર્યાવરણને વધુ અનુકૂળ એવા કુટુંબજીવન તરફ પાછા ફરીએ...

## આના માટે કમ્યુનિટી રી-ડિઝાઈનિંગનો કન્સેપ્ટ લાગુ કરવો પડશે. શું છે આ વિચારધારા?

થોડા ફ્લેશબેકમાં જઈને પાંચેક વર્ષ પહેલાનો સિનારિયો યાદ કરો. કોરોનાને કારણે મોટા ભાગની માનવીય પ્રવૃત્તિઓ બંધ પડી ગયેલી. એ વખતે કેટલાક વન્યજીવો મુંબઈ શહેરની સડકો સુધી પહોંચી ગયેલા. એટલું જ નહિ, પર્યાવરણ એટલું બધું સુધરી ગયું કે ઠેઠ ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારોમાંથી પર્વતરાજ હિમાલયના સ્પષ્ટ દર્શન થવા લાગ્યા...!

એ પછી કોરોના મહામારી દૂર થઈ. લોકડાઉન ખૂલ્યું અને હિમાલય સહિતની આખી કુદરત જાણે ફરી અદ્રશ્ય થઇ ગઈ!

મોરલ ઓફ ધી સ્ટોરી- આ વાતનો બોધપાઠ એ જ કે હવા-પાણીમાં જે કંઈ પ્રદૂષણ છે એની પાછળ માનવીય પ્રવૃત્તિઓ જવાબદાર છે. જો માણસની હાજરી ન હોય તો પ્રકૃતિ આજે પણ અત્યંત સુંદર સ્વરૂપે ઉપલબ્ધ છે.

હવે પ્રશ્ન એ છે કે માનવીય પ્રવૃત્તિઓને અટકાવવી કેમ? મોટી મોટી ઇન્ડસ્ટ્રીઝ ન હોય તો પૃથ્વીના ગોળા પર વસતા અબજોની વસતિનું પેટ શી રીતે ભરાય? શહેરીકરણને 'કોન્ક્રિટના જંગલ' કહીને વગોવવાનું આસાન છે, પણ જરા વિચાર કરો કે આજની તારીખે કેટલા મુંબઈગરા સ્વચ્છ આબોહવા પામવા માટે પોતાનું કોન્ક્રીટ જંગલ છોડીને આદિવાસી જીવન અપનાવવા તૈયાર થાય?

જવાબ આપણને બધાને ખબર છે. જો કે સાવ આદિવાસી જીવન અપનાવવાને બદલે જો તમે કમ્યુનિટી લિવિંગનો કન્સેપ્ટ અપનાવી શકો તો ય ઘણો ફેર પડી જાય એમ છે.

બ્રિટનમાં કાર્યરત 'પોલિસી એક્સચેન્જ' નામક સંસ્થા એક પ્રકારની થિંક ટેન્ક તરીકે કામ કરે છે, જે પ્રજાને સ્પર્શતા નીતિવિષયક મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા કરીને તારણો કાઢે છે. દાખલા તરીકે, એર પોલ્યુશનને નિયંત્રણમાં કઈ રીતે રાખવું એ દિશામાં સંસ્થાએ ખાસ્સું રિસર્ચ કર્યું છે.

પોલિસી એક્સચેન્જ સાથે જોડાયેલા રિચાર્ડ હોવાર્ડે સસ્ટેનેબલ પ્લાનિંગ અને એન્વાયર્નમેન્ટલ પોલિસીઝના વિષય સાથે કાર્ડિફ યુનિવર્સિટીમાંથી માસ્ટર્સની ડિગ્રી મેળવી છે. કોઈ પણ વિસ્તારની હવામાં રહેલું પ્રદૂષણ એર ક્વોલિટી ઇન્ડેક્સને આધારે જાણી શકાય. આજની તારીખે લંડનનો એક્યુઆઈ દિલ્હી સહિત ભારતનાં અન્ય શહેરો કરતાં ક્યાંય બહેતર છે, છતાં રિચાર્ડ જેવા નિષ્ણાતો માને છે કે અમુક પ્રકારની ગતિવિધિઓને નિયંત્રણમાં



નહિ રખાય તો પરિસ્થિતિ બગડતા વાર નહિ લાગે. આ ગતિવિધિઓમાં ઇન્ડસ્ટ્રિયલ પ્રદૂષણની સાથે જવાબદાર છે વાહનોના બળતણ દ્વારા ફેલાતો ધુમાડો.

રિચાર્ડ છેલ્લાં દસેક વર્ષથી વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે લેટેસ્ટ ફ્યુઅલ ટેકનોલોજી પર આધાર રાખવાનું કહી રહ્યા છે, જેમાં પ્રમાણમાં ઓછો ધુમાડો ઓકતાં વાહનો (ઇલેક્ટ્રિક, હાઇબ્રિડ અને LPG સહિત)ની વાત તો આવે જ. પણ એ સિવાયનો જે મુદ્દો છે 'કાર શેરિંગ'. તમે જોશો કે મહાનગરોમાં ઓફિસે જવા લોકો કારનો બહોળો ઉપયોગ કરે છે. સામાન્ય રીતે, એક કારમાં મોટે ભાગે એકાદ વ્યક્તિ જ મુસાફરી કરે છે. એના બદલે ત્રણ-ચાર વ્યક્તિઓ ભેગા થઈને એક જ વાહન દ્વારા આવાગમન કરવાનું રાખે તો મોટો ફેર પડે. પહેલી નજરે આ વાત જરા અટપટી લાગશે, પણ પેટ્રોલ-ડિઝલના વધતા ભાવ સામે ઘણા મધ્યમવર્ગીય લોકો તો પહેલેથી જ આ પ્રકારનું વિહિકલ શેરિંગ કરતા આવ્યા છે.


વાત માત્ર વિહિકલ શેરિંગ પૂરતી જ નથી. બલકે ઘણા નિષ્ણાતો તો એવું ય માને છે કે શહેરી નાગરિકોએ બને ત્યાં સુધી મુસાફરી કરવાનું જ ટાળવું જોઈએ. આ માટે તમારે કમ્યુનિટી લાઈફ સ્ટાઈલ અપનાવવી પડે. આજે આપણે બધા સંયુક્ત પરિવારો છોડીને અલગ ફ્લેટમાં રહીએ છીએ. શહેરી પરિવારો લગભગ તૂટી ચૂક્યા છે. એક જ ફ્લેટમાં વસતા લોકો પણ પોતાની પર્સનલ સ્પેસને વધુ પડતું મહત્ત્વ આપતા થયા છે. આપણી લાઇફની આખી ડિઝાઈન જ કંઈક એવી રીતે ગોઠવાઈ ગઈ છે કે દરેક ચીજ ઉપર આપણે 'પર્સનલ'નું ટેગ લગાડતા ફરીએ છીએ. બેડરૂમ, વોશરૂમ, ટેલિવિઝન, કોમ્પ્યુટર, એર કંડિશનર, કાર... બધેબધું પર્સનલ! બીજી તરફ દુનિયાભરના ડાહ્યા માણસો હવે આ આખી લાઈફ સ્ટાઈલ રી- ડિઝાઈન કરવાની જરૂરિયાત સ્વીકારતા થયા છે. આ કન્સેપ્ટને નામ મળ્યું છે - 'કોમ્યુનિટી રીડિઝાઈનિંગ'. અહીં કોઈ એક વ્યક્તિની નહિ પણ આખા સમાજની વાત છે.

કોમ્યુનિટી રીડિઝાઈનિંગનો કન્સેપ્ટ મુખ્યત્વે આર્કિટેક્ચર, અર્બન પ્લાનિંગ અને કોમ્યુનિટી ડેવલપમેન્ટના ક્ષેત્રમાં વપરાય છે. આ કન્સેપ્ટનો મુખ્ય હેતુ છે હાલની કોમ્યુનિટીઝ (વસાહતો, વિસ્તારો અથવા શહેરી વિસ્તારો)ને ફરીથી ડિઝાઈન કરવું અથવા રિસ્ટ્રક્ચર કરવું, જેથી તે વધુ ટકાઉ, સર્વસમાવેશી અને સમાજની વાસ્તવિક જરૂરિયાતોને અનુરૂપ બને. આ કન્સેપ્ટ મુજબ શહેરની રચના એવી હોવી જોઈએ કે જેથી મુંબઈ જેવા મહાનગરમાં રહેતા નાગરિકે નોકરી-ધંધા સહિતના હેતુઓસર લાંબી લાંબી મુસાફરી ન કરવી પડે. માણસ જેટલી મુસાફરી કરે એટલી એનર્જી વપરાય, વાહનવ્યવહાર વધે અને અંતે પ્રદૂષણ વધે. કોરોના પછી પ્રચલિત થયેલો 'વર્ક ફ્રોમ હોમ'નો કન્સેપ્ટ આ વિચારધારામાં બરાબર ફીટ બેસે છે.

કોમ્યુનિટી રીડિઝાઈનિંગના મહત્ત્વના મુદ્દા આવા છે,જેમકે ...

* દરેક વિસ્તારમાં ચાલીને ફરી શકાય એવી વ્યવસ્થા હોવી જોઈએ. પેડેસ્ટ્રિયન-ફ્રેન્ડલી વિસ્તારો પ્રદૂષણ ઘટાડે છે સાથે જ જાહેર આરોગ્ય માટે ઉત્તમ સાબિત થાય છે. આ વાત પહેલી નજરે બહુ સામાન્ય લાગશે, પણ હકીકત જોતા આપણાં શહેરોની ફૂટપાથો પર એવા દબાણ છે કે રાહદારીઓને ચાલવા માટે જગ્યા ઓછી પડે છે.
* પબ્લિક સ્પેસીસ (જેમ કે પાર્ક, કોમન એરિયા)ને ફરી ડિઝાઈન કરીને સોશ્યલ ઈન્ટરેક્શન વધારવું.
* ગ્રીન સ્પેસીસ, સસ્ટેનેબલ મટિરિયલ્સ અને એનર્જી એફિશિયન્સી પર ધ્યાન.
* સ્લમ રિડેવલપમેન્ટ અથવા જૂના વિસ્તારોને આધુનિક જરૂરિયાતો સાથે અનુરૂપ બનાવવું. આ મુદ્દો સૌથી મહત્ત્વનો છે. આજે ભારતના દરેક શહેરને 'જૂના વિસ્તારો' છે, અને આ જૂના વિસ્તારોના લોકો ગજાબહારનો ખર્ચો કરીને પણ નવા વિકસી રહેલા મોંઘાદાટ વિસ્તારો તરફ દોટ મૂકી રહ્યા છે. એના બદલે જો જૂના વિસ્તારોને જ પૂરતી સગવડો અપાય અને જૂનાં મકાનોના રિડેવલપમેન્ટ માટે ખાસ પોલિસી નિર્ધારિત કરાય તો ઘણા પ્રશ્નોનો નિવેડો આવી જાય.

આધુનિક સમયમાં તમામ મહાનગરો આ કન્સેપ્ટ જાણ્યે-અજાણ્યે અપનાવતા થયા છે. જો આ બધું ખરેખર શક્ય બનશે તો ફરીથી આપણાં શહેરો રળિયામણાં બની શકશે. ફરીવાર જો આપણે સંયુક્ત પરિવારોમાં રહેતા થઇએ તો કદાચ 'પર્સનલ સ્પેસ' ન મળે, પણ બીજા ઘણા ફાયદા મળે એમ છે. શહેરી જંગલમાં આજનો માનવી આમેય એકલતા અનુભવે છે. એ સમયે જો ઓછા ખર્ચાળ અને વધુ ઇકોફ્રેન્ડલી ગણાય એવા કુટુંબજીવન તરફ પાછા ફરીએ તો ઘણી સમસ્યાઓ હલ થઇ શકે એમ છે. સવાલ માઈન્ડસેટનો જ છે. ■



# ઇન્સ્પેક્ટર કરણ બક્ષી: કેસ ફાઈલ્સ

ટીના દોશી

# ગંધ

**રાજધાનીમાં** ખાસ્સો સળવળાટ હતો. બે દિવસ પછી તો શિખર પરિષદ શરૂ થઇ જશે. ટકાઉ વિકાસ અને પર્યાવરણની સુરક્ષા એ પરિષદનો મુખ્ય એજન્ડા હતો. પરિષદની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહેલો. પાડોશી દેશોના પ્રતિનિધિઓ આવવાના શરૂ થઇ ગયેલા. રાજ્ય સરકારે સૌને ભવ્ય, આરામદાયક અને અદ્યતન સુવિધાથી સજ્જ એવી પંચતારક હોટેલમાં ઉતારા આપેલા. સાતેક દેશના પ્રતિનિધિઓની ઉપસ્થિતિ અપેક્ષિત હતી. એમાંથી છ પ્રતિનિધિ તો આવી પહોંચેલા. તેમણે ક્યાંક ફરવું હોય, ખરીદી કરવી હોય કે રંગારંગ કાર્યક્રમોનું મનોરંજન માણવું હોય તો તે માટેની તમામ સગવડ સરકાર તરફથી કરવામાં આવેલી. સૌને માટે શોફર ડ્રીવન કાર અને ગાઈડ તરીકેની ભૂમિકા ભજવી શકે એવા એક એટેન્ડેન્ટની વ્યવસ્થા કરાયેલી. જોકે સ્વાભાવિક જ એનો હેતુ તો દરેક પ્રતિનિધિની હિલચાલ પર નજર રાખવાનો જ હતો. પ્રતિનિધિ અને તેની સાથે આવનારાઓની દાનતમાં શંકા પડે એવું કાંઈક જણાય તો એનો બંદોબસ્ત કરી શકાય. એથી જ છૂપી પોલીસના બાહોશ માણસોને પ્રત્યેક પ્રતિનિધિને ફાળવાયેલી કારના શોફર અને એટેન્ડેન્ટ તરીકે ગોઠવવામાં આવેલાં. જોકે બે-ત્રણ વિશ્વાસુ અધિકારીઓ સિવાય આ ભેદ કોઈ જાણતું નહોતું.

વિદેશી વિભાગના સચિવ શિવપ્રસાદ માટે આ પ્રકારની પરિષદો યોજવી એ કાંઈ નવી વાત નહોતી. એ જ તો એમનું કામ હતું. પ્રત્યેક કાર્યક્રમમાં પરદા પાછળ રહીને મહત્ત્વની ભૂમિકા એમણે ભજવેલી. પણ આ વખતે ક્યારેય ન થયો હોય એવો અજંપો મનમાં થઇ રહેલો. શિવપ્રસાદની છઠ્ઠી ઇન્દ્રિય એવો સંકેત કરી રહી હતી કે ક્યાંક કાંઈક ગરબડ થવાની છે. પણ શું થવાનું છે એ સમજાતું નહોતું. જોકે પોતે ગોઠવેલી વ્યવસ્થાથી એ સંતુષ્ટ હતા. પોતાને પળપળની માહિતી મળતી રહે એવી વ્યવસ્થા પોતે ગોઠવી શકેલા. એટલે જો કાંઈક ખોટું થવાનો સંકેત મળે તો પોતે તાબડતોબ પગલાં લઇ શકે. રોગ અને શત્રુને ઊગતા ડામવા જ સારા!

પોતાની વિશાળ બેલ્જિયમ કાચની ચેમ્બરમાં રોયલ બ્લુ રંગની રિવોલ્વિંગ ચેર પર બિરાજેલા જાજરમાન શિવપ્રસાદ સાતમા પ્રતિનિધિના આગમન માટે સજ્જ થયા. થોડાક સાવધ પણ. જોકે પાડોશી દેશમાંથી આવેલા પ્રત્યેક પ્રતિનિધિ માટે તેઓ સાવધ હતા, પણ જે આવવાના બાકી હતા એ સાતમા પ્રતિનિધિ માટે થોડા વધુ સાવધ હતા. એ પાડોશી દેશ સાથેની દુશ્મની જગજાહેર હતી. શિવપ્રસાદે દુશ્મન દેશના પ્રતિનિધિને મીઠો આવકાર પણ આપવાનો હતો અને એની સુરક્ષાની જવાબદારી પણ એમના જ માથે હતી. શિવપ્રસાદ ઉપર આકાશ તરફ જોઇને બબડ્યા, હે પ્રભુ, આ ન્યાય નહીં, અન્યાય છે! પણ ફરજ એ ફરજ હોય છે, એમાં ન્યાય કે અન્યાયને કોઈ સ્થાન નથી. શિવપ્રસાદના મનમાં બીજો વિચાર આવે એ પહેલાં ગોળાકાર મેજના ગ્લાસ ટોપ પર પડેલા લાલ રંગના ટેલિફોનની ટોકરી રણકી ઊઠી. શિવપ્રસાદે ત્વરાથી રિસીવર ઉઠાવીને કાને ધર્યું. સામેથી સાતમા પ્રતિનિધિને ફાળવાયેલો એટેન્ડેન્ટ આશુતોષ બોલ્યો: 'સર, સાતમા મહેમાન સુલેમાન સાહેબ આવી પહોંચ્યા છે. પણ...'

પણ શું? શિવપ્રસાદ એમના ધૈર્ય માટે જાણીતા હતા, પણ એમના મનમાં ધ્રાસકો પડ્યો. પાડોશી દેશે છેલ્લી ઘડીએ આમીરઅલીને બદલે સુલેમાનને મોકલવાનું નક્કી કરેલું. ક્યાંક પોતાનો અંદેશો સાચો તો નહીં પડેને!

'સર, સુલેમાન સાહેબે કહ્યું કે આપણે એમની જ્યાં વ્યવસ્થા કરી છે એ પંચતારક હોટેલમાં એ નહીં રહે. પણ પોતાના દેશના આલીશાન ગેસ્ટહાઉસમાં રહેવાનું જ પસંદ કરશે. એથી હું એમને એમના ગેસ્ટહાઉસમાં મૂકી આવ્યો છું.'

ભલે. શિવપ્રસાદ ઓછું બોલવા અને વધુ વિચારવા ટેવાયેલા હતા. મને સુલેમાનમાં વિશ્વાસ નથી એમ સુલેમાનને પણ મારી ગોઠવણમાં ભરોસો નહીં હોય એમ મનોમન વિચારીને બોલ્યા: 'બીજું કાંઈ?'

'જી સર...' કહીને છૂપી પોલીસમાં અગનગોળા નામે પંકાયેલા આશુતોષે સ્ફોટક માહિતી આપી: 'હું સુલેમાનને મૂકીને નીકળતો હતો ત્યારે જ એમના દેશની એમ્બેસીની એક ગાડી આવીને ઊભી રહી. એમાંથી યોગ્ય તાલીમ આપીને કેળવ્યો હોય એવો વિકરાળ લેબ્રાડોર કૂતરો નીકળ્યો. સુલેમાને કહ્યું કે એને આપણી સુરક્ષાની જરૂર નથી. આ કૂતરો જ એની રખેવાળી કરશે. વળી સુલેમાને શેરૂ કહીને સાદ કર્યો તો કૂતરો દોડતો આવીને એને વળગી પડ્યો.'

આ છેલ્લું વાક્ય સાંભળીને શિવપ્રસાદના મનમાં જોખમની ઘંટડી રણકવા લાગી. સુલેમાન અને શેરૂની જુગલબંધી ઉપરથી દેખાય છે એવી સામાન્ય ન જ હોય. એમણે તાત્કાલિક પોતાના પાડોશી દેશના રાજદૂત મુસ્તાકનો સંપર્ક કર્યો. આમીરઅલીની તપાસ તો પોતે કરી લીધેલી, પણ સુલેમાન અંગે વધુ વિગતો એકઠી કરી શકાઈ નહોતી. શિવપ્રસાદે સુલેમાન અને શેરૂની રજેરજની માહિતી તાત્કાલિક મોકલવા મુસ્તાકને આદેશ આપ્યો. મુસ્તાક અત્યંત તરવરિયો ને ચાલાક હતો. એણે બીજે દિવસે શિવપ્રસાદની હોટલાઈન પર ઊકળતા સીસા જેવી માહિતી ઠાલવી:

'સર, સુલેમાન વાસ્તવમાં કોઈ ઉચ્ચ અધિકારી નથી. એ જાસૂસ છે. કુશળ ચિત્રકાર છે. પાડોશી દેશે એને શિખર પરિષદના બહાને આપણા સંવેદનશીલ સ્થળો જોવા મોકલ્યો છે. સુલેમાનની વિશેષતા એ છે કે એની મેમરી ફોટોજેનિક છે. એ એકવાર જે જગ્યા જોઈ લે એ એના માનસમાં આબેહૂબ કોતરાઈ જાય છે. કેમેરા પણ જે ન ઝીલી શકે એ વિગતો એની સ્મૃતિમાં સમાઈ જાય છે. એટલે જ્યાં ફોટા પાડવાની મનાઈ હોય એવા તમામ સ્થળોએ જઈને, ઝીણામાં ઝીણી વિગતો સ્મૃતિમાં ઝીલી લેશે. પોતાને દેશ પાછા ફરીને એ જોયેલી જગ્યાઓનું હૂબહૂ ચિત્ર બનાવી દેશે. ગુપ્ત યોજના એવી છે કે થોડાક જ દિવસોમાં એ તમામ સ્થળોએ પાડોશી દેશ હુમલા કરશે.'

હમ,,: શિવપ્રસાદે સ્વસ્થતા ધારણ કરી. પછી એક જ શબ્દ બોલ્યા: શેરૂ?

'સર, શેરૂને સારી રીતે તાલીમ આપીને કેળવવામાં આવ્યો છે. સુલેમાન અને શેરૂની દોસ્તી છે. કોઈ પણ મિશન પર સુલેમાનની સાથે શેરૂ હોય જ છે. શેરૂ સુલેમાનના પરસેવાની ગંધ ઓળખે છે. એટલે સુલેમાન સિવાય જો કોઈ પણ વ્યક્તિ ગેસ્ટહાઉસમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરશે, તો શેરૂ એને ફાડી ખાશે.'

હમમ.. કહીને શિવપ્રસાદે ભૂંગળું મૂકી દીધું. એટલામાં સુલેમાનના શોફર તરીકે ગોઠવાયેલા ગુપ્તચર સંદીપે માહિતી આપી કે, 'ગઈકાલથી આજ સાંજ સુધીમાં સુલેમાને ઘણાયે સંવેદનશીલ સ્થળોની મુલાકાત લીધી છે!'

હવે આ ખરેખરું જોખમ હતું. શિવપ્રસાદના હાથની મુઠ્ઠી વળી ગઈ. એમણે જડબાં ભીંસ્યા. ચહેરા પર દઢતાના ભાવ ઉપસ્યા. હવે સુલેમાનને અહીંથી જીવતો જવા ન દેવાય. કોઈ પણ ભોગે નહીં. જો એને જવા દેવામાં આવે તો ખૂબ માઠાં પરિણામ પોતાના દેશે ભોગવવાં પડશે. એ ન ચલાવી લેવાય. સુલેમાનનું ષડ્યંત્ર સફળ થઇ જાય તો પોતે પોતાને કોઈ કાળે માફ નહીં કરી શકે. કાલે તો શિખર પરિષદ છે અને મોડી રાત્રે સુલેમાન નીકળી જવાનો છે. સમય બહુ ઓછો છે. રાત નાની ને વેશ ઝાઝા જેવો માહોલ છે. શું કરવું... એમ વિચારી રહેલા શિવપ્રસાદના મનમાં એક નામ ઊગી નીકળ્યું. ઇન્સ્પેક્ટર કરણ બક્ષી!

રાજધાનીમાં કુશળ અને બાહોશ પોલીસ અધિકારીઓ નહોતા એવું જરાયે નહોતું, પણ ગયે મહિને જ મળેલા મુખ્યમંત્રી દેવદત્ત દેસાઈએ કરણની હોંશિયારીનાં ભરસક વખાણ કરેલા. મુખ્યમંત્રીએ કહેલું કે 'સમય ખૂબ ઓછો હતો ત્યારે ગણતરીના કલાકોમાં કરણે બાહોશીથી કેસ સોલ્વ કરેલો.' શિવપ્રસાદને એ વાત બરાબર યાદ રહેલી. જોગાનુજોગ એવો થયેલો કે અત્યારે રાજધાનીમાં પોલીસ તાલીમ શિબિર ચાલી રહેલી. કરણ પણ એમાં આવેલો. એક પળનો પણ વિલંબ કર્યા વિના શિવપ્રસાદે કરણને તેડાવી લીધો.

કરણ બક્ષી હાજર થયો એટલે ઔપચારિકતા કર્યા વિના શિવપ્રસાદ સીધા જ મુદ્દા પર આવી ગયા: 'ઇન્સ્પેક્ટર, મેં તમને અચાનક બોલાવ્યા એટલે નવાઈ લાગી હશે, ખરુંને?'

'સર, જરૂર કોઈ તાકીદનું કામ હશે. ઓછા સમયમાં કોઈ ગંભીર કામ પાર પાડવાનું હશે.' કરણ નમ્રતાથી બોલ્યો.

શિવપ્રસાદ ચકોર નજર અને તીક્ષ્ણ બુદ્ધિવાળા ચપળ ઇન્સ્પેક્ટર કરણને જોઈ રહ્યા.પોતે યોગ્ય જ પસંદગી કરી છે એવી લાગણી સાથે એમણે ટૂંકમાં સુલેમાન અને શેરૂની વાત કરી. પછી કહ્યું: 'સુલેમાન અહીંથી જીવતો જવો ન જોઈએ. એનો મૃતદેહ જ અહીંથી જાય. આપણી પાસે કાલનો જ દિવસ છે. મોડી રાત્રે પાછા ફરવાનું એણે નક્કી કર્યું છે. પણ એ પહેલાં એનું કામ તમામ થવું જોઈએ. એ કામ કઈ રીતે કરવાનું છે એ તમારે નક્કી કરવાનું છે.'

કરણ વિચારમાં પડ્યો. એ જોઇને શિવપ્રસાદ બોલ્યા: 'ઇન્સ્પેક્ટર, તમને થતું હશે કે એનો ઘાટ તો હું પણ ઘડી શકું. મોટર, ટ્રક કે અન્ય વાહન સાથે અકસ્માત કરાવીને, છત પરથી નીચે ધકેલીને, રિવોલ્વરની ગોળી એના શરીરમાં ધરબી દઈને, કાતિલ વિષ એની ખાણીપીણીમાં ભેળવીને કે પછી ઝેરી સાપ દ્વારા કરડાવીને. કેમ એનો જ વિચાર કરી રહ્યા છો ને?'

ના, સર.. કરણ શાંતિ અને સ્વસ્થતાથી બોલ્યો: 'એ બધું શક્ય હોત તો તમે એ ઉપાય અજમાવ્યા જ હોત. પણ એમની સુરક્ષાની જવાબદારી પણ આપની છે. એ સંજોગોમાં તમે કહેલા ઉપાય અમલમાં મૂકી શકાય એમ નથી.જો આમાંના કોઈ ઉપાયથી સુલેમાનનું મૃત્યુ નીપજાવવામાં આવે તો પાડોશી દેશ દુનિયાભરમાં આપણને બદનામ કરી મૂકશે. આપણી સુરક્ષા વ્યવસ્થાના ધજાગરા ઊડશે. અને માનવ અધિકારોવાળા આપણા પર તૂટી પડશે એવું હું સમજું છું.'

'હં, આખી વાત તમે બરાબર સમજી ગયા છો. હવે આપણા દેશની આબરૂ તમારા હાથમાં છે.' કહીને શિવપ્રસાદે વાક્ય પૂરું કર્યું: 'અને સુરક્ષા પણ..ઇન્સ્પેક્ટર બક્ષી.'

'હું આપને નિરાશ નહીં કરું.' કહીને કરણ તરત જ ઊભો થઇ ગયો. જે કરવાનું હતું તે કાલના દિવસમાં જ કરવાનું હતું. એકાએક એને પોલીસ ડોગટ્રેનર તેજપાલનું સ્મરણ થયું. કરણે તરત જ એને ફોન કર્યો. કરણનો અવાજ સાંભળીને ખુશ થયેલો તેજપાલ કાંઈ બોલે એ પહેલાં જ કરણે પૂછ્યું: 'તેં એકવાર કૂતરાની ગંધ પારખવાની શક્તિ વિશે કહેલું ને?'

'હા, જેમ કોઈ પણ બે વ્યક્તિની ફિંગરપ્રિન્ટ સરખી હોતી નથી એમ કોઈ પણ વ્યક્તિના શરીરમાંથી નીકળતી ગંધ પણ એકસરખી હોતી નથી...' તેજપાલ વિષય નિષ્ણાત હતો. કહ્યું: 'કૂતરાની સૂંઘવાની શક્તિ માણસ કરતાં સો ગણી વધારે હોય છે. એટલે એ ગંધ પરથી વ્યક્તિને ઓળખી લે છે.'

આભાર...કહીને કરણે ફોન બંધ કર્યો. કૂતરાની નજીક તો જઈ શકાય એમ નહોતું. ગંધપારખુ શેરૂ પોતાના પર જીવલેણ હુમલો કરે એવી શક્યતા હતી. એ જ ક્ષણે તાલીમ દરમિયાન સાંભળેલી વાત એને યાદ આવી. એ સફાળો ઊભો થઇ ગયો. બીજે દિવસે શિખર પરિષદ શરૂ થઇ ત્યારે કરણે કેટલાક પાલિકા કર્મચારીઓને બોલાવ્યા. થોડીક સૂચનાઓ આપી. કર્મચારીઓએ આદેશ મુજબ સુલેમાનના ગેસ્ટહાઉસની આસપાસ સારી એવી માત્રામાં અત્યંત જલદ બ્લીચીંગ પાઉર છાંટ્યો. પછી એટલું જ જલદ પરફ્યુમ પણ છાંટ્યું. દિવસમાં લગભગ ચાર વાર આ કામગીરી કરવામાં આવી. સંપૂર્ણ વિસ્તારમાં બ્લીચીંગ પાઉડર અને પરફ્યુમની મિશ્ર ગંધ છવાઈ ગઈ.

સાંજે શિખર પરિષદ સમાપ્ત થઇ. ભોજન બાદ સૌ પોતપોતાને ઉતારે ચાલ્યા ગયા. સુલેમાન પણ પાછો ફર્યો. એ પોતાને દેશ જેમ બને એમ જલ્દી પાછો જવા માગતો હતો. શિયાળો હોવાથી અંધારું થઇ ગયેલું. રાત્રે લગભગ સાડા આઠ વાગ્યે એ ગેસ્ટહાઉસમાં પાછો ફર્યો. વાતાવરણમાં હજુ થોડીક ગંધ વર્તાતી હતી, પણ એ તરફ ઝાઝું ધ્યાન આપ્યા વિના સુલેમાન બેઠા ઘાટના બંગલા જેવા ગેસ્ટહાઉસમાં પ્રવેશ્યો. એ આવે કે તરત જ એની ગંધ ઓળખી જઈને શેરૂ દોડ્યો આવતો. એને વળગી પડતો ને વહાલ કરતો. પણ એ રાત્રે એવું ન થયું. શેરૂ એને જોઇને ભસવા લાગ્યો. સુલેમાનને આશ્ચર્ય થયું. એ ઝડપથી શેરૂની નજીક ગયો. પણ શેરૂએ ભયાનક રૂપ ધારણ કર્યું. નજીક આવેલાં સુલેમાન પર એણે જોરદાર તરાપ મારી. સુલેમાને બચાવનો પ્રયત્ન કર્યો, પણ એનું કાંઈ ન ચાલ્યું. થોડીક જ ક્ષણમાં શેરૂએ સુલેમાનને ફાડી ખાધો.

રાત્રે નવ વાગ્યે શિવપ્રસાદના ઘરની ઘંટડી વાગી. નોકરચાકર હાજર હોવા છતાં શિવપ્રસાદ જ દ્વાર ખોલવા ધસી ગયા. સામે ઊભેલા કરણ બક્ષીએ કહ્યું : 'સર, મિશન સકસેસફૂલ!'

મને ખબર તો પડી...' શિવપ્રસાદ બોલ્યા: 'પણ તમે એવું તો શું કર્યું કે શેરૂએ જ સુલેમાનને મોતને ઘાટ ઉતારી દીધો? આ તો માનવામાં આવે એવું જ નથી!'

'સર, કશું જ અશક્ય નથી...' કરણે કહ્યું: 'કૂતરાની શક્તિ એના નાકમાં જ હોય છે. એથી સુલેમાન સિવાયના પ્રત્યેક વ્યક્તિ માટે એ જોખમરૂપ હતો. પણ કૂતરાનું નાક બંધ થઇ જાય તો શું થાય? તાલીમ દરમિયાન મેં સાંભળેલું કે જલદ બ્લીચીંગ પાઉડર અને જલદ પરફ્યુમની ગંધથી કૂતરાનું નાક બંધ થઇ જાય છે. માણસની જોવાની શક્તિ જતી રહે ત્યારે જેવી અવસ્થા સર્જાય એવી પરિસ્થિતિ કૂતરા માટે ત્યારે સર્જાય જયારે એની ગંધ પારખવાની શક્તિ જતી રહે. એ કોઈને ઓળખી ન શકે. એથી મેં એ જ નુસખો અજમાવ્યો. બ્લીચીંગ પાઉડર અને પરફ્યુમથી શેરૂનું નાક બંધ થઇ ગયું અને સૂંઘવાની શક્તિ જતી રહી. એ સુલેમાનની ગંધ પારખી ન શક્યો. એટલે શેરૂએ જ સુલેમાનને ફાડી ખાધો. જે રક્ષક હતો એ જ ભક્ષક બન્યો!'

'બક્ષી, આપણે તો એક પંથ દો કાજ થયું. સુલેમાને આપણા દેશ અંગે મેળવેલી ગુપ્ત માહિતી પણ ગુપ્ત જ રહી અને..' કરણની પીઠ થાબડતાં શિવપ્રસાદ બોલ્યા: 'એના મૃત્યુ માટે પાડોશી દેશ ન તો આપણા દેશ પર આરોપ મૂકી શકશે, ન તો આપણને દુનિયામાં બદનામ કરી શકશે.... રિયલી, યુ આર ગ્રેટ ઇન્સ્પેક્ટર!'■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

# ફન વર્લ્ડ

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પતની | નિકાલ |
| પત્તર | વાવટો |
| પતાકા | ખલાસી |
| પતાકડું | હેરાનગતિ |
| પતવણી | ચિઠ્ઠી |

## જાણવા જેવું

સાધારણ રીતે પર્વત ઉપર અનેક પ્રકારની ધાતુ, વનસ્પતિ, ઝાડ વગેરે હોય છે. બહુ ઊંચા પર્વતના શિખર બરફથી ઢંકાયેલો હોય છે. કેટલાક પર્વત એવા હોય છે કે જેના ઉપર બિલકુલ વનસ્પતિ હોતી નથી અથવા બહુ જૂજ હોય છે. કેટલાંક શિખરમાંથી હંમેશાં અથવા ક્યારેક જ્વાળા નીકળે છે. આવા પર્વતને જ્વાળામુખી કહે છે.

## ગુજરાત મોરી મોરી રે

થોમસ હાર્ડીની નવલકથા પર આધારિત કવિ - નાટ્યકાર સિતાંશુ યશશ્ચંદ્ર લિખિત, પ્રવીણ જોશી દિગ્દર્શિત નાટકનું નામ કહો.

અ) મૌસમ છલકે
બ) આ માણસ મદ્રાસી લાગે છે
ક) વૈશાખી કોયલ
ડ) કુમારની અગાશી

## નોંધી રાખો

સહેલું - અઘરું જીવનમાં આવ્યા કરે. સાગરના મોતી શોધવા સહેલા છે, પણ માણસના મન પારખવા બહુ જ અઘરું કામ છે.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | ■ | ■ | ૮ | | | | ■ | |
| | ■ | ૯ | | | | ૧૦ | | | |
| ૧૧ | ૧૨ | | ■ | ■ | ૧૩ | ■ | | | ■ |
| ■ | | | ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | ૧૭ | |
| ૧૮ | | ૧૯ | ■ | ૨૦ | | | ■ | | ■ |
| ■ | ■ | | | | ■ | | ૨૧ | | ૨૨ |
| ૨૩ | | | ૨૪ | ■ | ૨૫ | | | ■ | |
| | ■ | ૨૬ | | | | ■ | ■ | ૨૭ | |
| ૨૮ | | | | ■ | ૨૯ | | | | |

### આડી ચાવી

૧. સધ્ધર, પૈસાદાર (૫)
૪. કોષાધ્યક્ષ, ખજાનાનો ઉપરી (૪)
૭. અસ્થિરતા (૨)
૮. પંજાબની એક નદી (૪)
૯. ધારણા, ખયાલ (૩)
૧૦. પડખું, પાસું (૪) (હિ)
૧૧. પકડ, ચીમટી (૩)
૧૪. યોગ્ય કે લાયક વ્યક્તિ (૩)
૧૬. અલ્પ, તુચ્છ (૩)
૧૮. બહેરું (૩)
૨૦. ત્યાગ કરવો, છોડી દેવું (૩)
૨૧. દૃઢ, ડગે નહીં તેવું (૩)
૨૩. દરેક નિયમને --- હોય (૪)
૨૫. પરસ્પર (૩)
૨૬. પાર્વતી (૪)
૨૭. વટેમાર્ગુ, રાહદાર (૨)
૨૮. ખૂબસૂરત સ્ત્રી (૪)
૨૯. અકળામણ, મૂંઝવણ (૫)


### ઊભી ચાવી

૧. તરબૂચ (૪)
૨. એક કઠોળ (૨)
૩. જીભ (૩)
૪. જગત, દુનિયા (૩)
૫. દેદીપ્યમાન, જાજ્વલ્યમાન (૫)
૬. કાળજી (૩)
૯. કમર (૨)
૧૨. વર્તુળનો ઘેરાવો (૩)
૧૩. કુલદેવતા (૩)
૧૫. પાપ (૩)
૧૭. વિષ્ણુનું વાહન (૩)
૧૯. લોહી વહેનારી નસ (૫)
૨૧. બીજું (૨)
૨૨. ગુંજાશ કે શક્તિ વગરનું (૪)
૨૩. --- હાથ જગન્નાથ (૩)
૨૪. --- કરવું=પીડવું, કાબૂમાં રાખતું (૩)
૨૫. બહુ જ ઊંડું (૩)
૨૭. મુખમેં --- ઔર બગલમેં છૂરી (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| [illegible] | | | | | | | | | |
| ૨૭ સ | મા | ૨૮ સ | ■ | ૨૯ બો | ૩૦ ધી | ■ | ૩૧ ની | લ | ૩૨ મ |
| ર | ■ | ૩૩ મ | ૩૪ હી | ધ | ર | ■ | ર | ■ | ગ |
| ૩૫ સ | મી | ક્ષ | ણ | ■ | ૩૬ પ | રિ | વ | ર્ત | ન |

## ઓળખાણ પડી?



ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં એક ટેસ્ટમાં વિકેટકીપર સિવાય સાત કેચ ઝડપનાર પ્રથમ ભારતીય ક્રિકેટરની ઓળખાણ પડે છે?

અ) વિજય મેહરા
બ) એકનાથ સોલકર
ક) હનુમંત સિંહ
ડ) યજુર્વેન્દ્ર સિંહ

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

ભેડાઘાટ તેમજ ધુરંધર ધોધ જેવી વિશિષ્ટ બાબતો માટે આપણા દેશનું કયું શહેર ખ્યાતનામ છે એ વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) કાનપુર  બ) ગ્વાલિયર  ક) જોધપુર  ડ) જબલપુર

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૨૦, ૨૮, ૪૪, ૬૮, ૧૦૦, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૦૦ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૧૮ બ) ૧૩૪ ક) ૧૪૦ ડ) ૧૪૪

## સુડોકુ-૯૧૯૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | | ૪ | | ૭ | | ૫ | ૧ |
| ૧ | | | | ૫ | | | | ૩ |
| | ૬ | | | ૧ | | | ૭ | |
| | ૯ | ૨ | | | | ૪ | ૩ | |
| | | | | | | | | |
| | ૩ | ૮ | | | | ૧ | ૬ | |
| | ૧ | | | ૮ | | | ૯ | |
| ૮ | | | | ૨ | | | | ૪ |
| ૯ | ૫ | | ૧ | | ૪ | | ૨ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૯૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૭ | ૫ | ૧ | ૮ | ૨ | ૯ | ૬ |
| ૨ | ૬ | ૯ | ૩ | ૪ | ૭ | ૫ | ૧ | ૮ |
| ૧ | ૮ | ૫ | ૨ | ૬ | ૯ | ૪ | ૭ | ૩ |
| ૬ | ૯ | ૮ | ૧ | ૭ | ૫ | ૩ | ૪ | ૨ |
| ૭ | ૫ | ૩ | ૪ | ૮ | ૨ | ૯ | ૬ | ૧ |
| ૪ | ૧ | ૨ | ૯ | ૩ | ૬ | ૮ | ૫ | ૭ |
| ૯ | ૨ | ૧ | ૬ | ૫ | ૩ | ૭ | ૮ | ૪ |
| ૫ | ૭ | ૪ | ૮ | ૨ | ૧ | ૬ | ૩ | ૯ |
| ૮ | ૩ | ૬ | ૭ | ૯ | ૪ | ૧ | ૨ | ૫ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પઠડી | બકરી |
| પઠન | વાંચન |
| પડકાર | આવ્હાન |
| પડગી | વાસણની બેસણી |
| પડઘમ | વાદ્ય |

**ગુજરાત મોરી મોરી રે:** શર્મન જોશી

**ઓળખાણ પડી?** દિપક પટેલ

**માઈન્ડ ગેમ :** ૧૩૬

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ચંદીગઢ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) વિપીન શાહ (૫) શ્રદ્ધા આશર (૬) નૂતન વિપીન શાહ (૭) હર્ષા મહેતા (૮) જ્યોતિ ખાંડવાલા (૯) ભારતી બુચ (૧૦) મહેશ સંઘવી (૧૧) મીનળ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) અમીશી બંગાળી (૧૪) પુષ્પા પટેલ (૧૫) નયના ગિરીશ મિસ્ત્રી (૧૬) ભરત કજરિયા (૧૭) તાહેર ઔરંગાબાદવાલા (૧૮) શીરીન ઔરંગાબાદવાલા (૧૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) કિરીટ છેડા (૨૩) ખુશરૂ કાપડિયા (૨૪) ચેતના છેડા (૨૫) અરવિંદ કામદાર (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) અંજુ ટોલિયા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) અલકા વાણી (૩૦) જ્યોત્સના ગાંધી (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) હિનાબેન દલાલ (૩૩) રમેશભાઈ દલાલ (૩૪) ડાયના સંતોકે (૩૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૬) વિણા સંપટ (૩૭) નિતીન જયંતિલાલ બજરિયા (૩૮) જયવંત પદમશી ચિખલ (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) પ્રવીણ વોરા (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) ડો. પ્રકાશ કટકિયા (૪૩) પ્રતિમા પમાણી (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) મહેશ દોશી (૪૬) કમલ માતલિયા

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સેન્સેક્સમાં મંદીનું પંચકઃ કુલ લગભગ ૨,૨૦૦ પોઇન્ટ ગુમાવીને બેન્કમાર્ક ૮૪,૦૦૦ની નીચે ખાબક્યો

મુંબઇઃ અમેરિકાની તોતિંગ ટેરિફની આશંકાને કારણે સર્જાયેલા સાવચેતીના માનસ વચ્ચે ભારતીય શેરબજારોમાં વેચવાલીનું દબાણ ચાલુ રહેતા સતત પાંચમા દિવસે ઘટાડો જારી રહ્યો હતો અને બેન્ચમાર્ક સેન્સેક્સ તથા નિફ્ટીમાં લગભગ એક ટકા જેવો કડાકો જોવા મળ્યો હતો. ભારતીય બજારોમાંથી વિદેશી રોકાણકારોની એકધારી વેચવાલીને કારણે પણ બજારના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી રહી છે.

શરૂઆતના વેપારમાં ટૂંકા ગાળાના સુધારા પછી, સેન્સેક્સ ગતિને આગળ વધારવામાં નિષ્ફળ રહ્યો અને અંતે ૬૦૪.૭૨ પોઇન્ટ અથવા ૦.૭૨ ટકા ઘટીને ૮૪,૦૦૦ની સપાટી તોડીને ૮૩,૫૭૬.૨૪ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૭૭૮.૬૮ પોઇન્ટ અથવા ૦.૯૨ ટકા ઘટીને ૮૩,૪૦૨.૨૮ની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૧૯૩.૫૫ પોઇન્ટ અથવા ૦.૭૫ ટકા ઘટીને ૨૫,૬૮૩.૩૦ પર બંધ રહ્યો હતો. સાપ્તાહિક ધોરણે બંને બેન્ચમાર્ક અઢી ટકા ગુમાવ્યા છે.

સેન્સેક્સ કંપનીઓમાંથી એનટીપીસી, આઇસીઆઇસીઆઇ બેંક, અદાણી પોર્ટ્સ, ભારતી એરટેલ, સન ફાર્મા અને બજાજ ફાઇનાન્સ સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. જ્યારે, એશિયન પેઇન્ટ્સ, એચસીએલ ટેક, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો સૌથી વધુ વધારો નોંધાવનારા શેરોમાં સામેલ હતા. ગુરુવારે, સેન્સેક્સ ૭૮૦.૧૮ પોઇન્ટ અથવા ૦.૯૨ ટકા ઘટીને ૮૪,૧૮૦.૯૬ પર બંધ થયો. નિફ્ટી ૨૬૩.૯૦ પોઇન્ટ અથવા ૧.૦૧ ટકા ઘટીને ૨૫,૮૭૬.૮૫ પર બંધ થયો હતો. નિફ્ટીમાં અદાણી એન્ટરપ્રાઇઝ, શ્રીરામ ફાઇનાન્સ, એન્ટીપીસ, આઇસીઆઇસીઆઇ બેંક, જીઓ ફાઇનાન્શિયલ મુખ્ય ઘટાડાવાળા શેરોમાં હતા, જ્યારે એશિયન પેઇન્ટ્સ, ઓએનજીસી, ભારત ઇલેક્ટ્રોનિક્સ, એચસીએલ ટેક્નોલોજીસમાં વધારો થયો હતો. આઇટી, પીએસયુ બેંક, ઓઇલ અને ગેસ સિવાય, અન્ય તમામ ક્ષેત્રોના સૂચકાંકો નીચા સ્તરે બંધ થયા, જેમાં ઓટો, એફએમસીજી, રિયલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ બે ટકા સુધી ઘટ્યા હતા. અગ્રણી ડિજિટલ બેંકિંગ અને ચુકવણી ટેકનોલોજી કંપની, નેટવર્ક પીપલ સર્વિસીસ ટેકનોલોજીસ લિમિટેડ (એનપીએસટી)એ ઇન્ફિનિટી ઇન્ફોવે લિમિટેડ સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે જેથી એમ્બેડેડ, ઇઆરપી-સંકલિત પ્લેટફોર્મ દ્વારા આઇડેન્ટિટી-લિંક્ડ ડિજિટલ પેમેન્ટ કરી શકાય. ઇન્ફિનિટી ઇન્ફોવે સાથે એનપીએસટીનું ટાઇમપે પ્રીપેડ કાર્ડ, ઇઆરપી-લેડ વ્યવસાયિક કાર્યપ્રવાહ સાથે પ્રીપેડ ચુકવણી ક્ષમતાઓને એકીકૃત કરીને એન્ટરપ્રાઇઝ કામગીરીમાં એમ્બેડેડ ચુકવણીની સુવિધા પૂરી પાડે છે, જે વિદ્યાર્થી, કર્મચારી અને ડ્રાઇવર જેવા વર્ગના આઇડીને સુરક્ષિત, પ્રીપેડ આઇકાર્ડમાં રૂપાંતરિત કરે છે



પેન્ટોમેથ ગ્રુપના, ધ વેલ્થ કંપની મ્યુચ્યુઅલ ફંડે, નવમી જાન્યુઆરએ ગોલ્ડ ઇટીએફ ફંડ ઓફ ફંડના લોન્ચ કર્યો છે. એનએફઓ ૨૩ જાન્યુઆરીએ બંધ થશે. અમાગી મીડિયા લેબ્સનો રૂ. ૧,૭૮૮.૬૨ કરોડનો આઇપીઓ ૧૩ જાન્યુઆરીના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૬ જાન્યુઆરીના રોજ બંધ થશે. લાર્સન એન્ડ ટૂબ્રોને ભારતીય સૈન્યદળ પાસેથી પીનાકા લોન્ચટર સિસ્ટમના અપગ્રેડેશન અને ઓવરહોલિંગનો ઓર્ડર મળ્યો છે. ભેલે વંદેભારત સ્લીપર ટ્રેન માટે અંડરસ્લંગ ટ્રેક્શન કન્વર્ટર્સની સપ્લાઇ શરૂ કરી દીધી છે.

સ્થાનિક અને વૈશ્વિક બજારમાં હાજરી ધરાવતી પિત્તળના ઉત્પાદનો બનાવતી નર્મદેશ બ્રાસ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ૧૨ જાન્યુઆરીના રોજ તેની રૂ. ૪૪.૮૬ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે કેપિટલ માર્કેટમાં પ્રવેશ કરી રહી છે. આઇપીઓની કિંમત પ્રતિ શેર રૂ. ૫૧૫ છે. અરજી માટે લોટ સાઈઝ ૨૪૦ છે. આ આઇપીઓમાં રૂ. ૮.૭૮ કરોડની ઓફર ફોર સેલનો સમાવેશ છે. સબ્સ્ક્રિપ્શન ૧૫ જાન્યુઆરીના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૬ જાન્યુઆરીએ અને લિસ્ટિંગ તારીખ ૨૦ જાન્યુઆરીએ થશે.

એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૩,૩૬૭.૧૨ કરોડના મૂલ્યના ઇક્વિટી વેચ્યા, અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૩,૭૦૧.૧૭ કરોડના શેર ખરીદ્યા હતા. યુએસ-ભારત ટેરિફ વાટાઘાટો અને વધતા ભૂ-રાજકીય તણાવને કારણે સ્થાનિક રિસ્ક-ઓફ સેન્ટિમેન્ટ વધુ તીવ્ર બન્યું છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ઊંચો રહ્યો હતો. યુરોપના બજારો હકારાત્મક વલણ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો મિશ્ર વલણ સાથે બંધ થયા હતા.

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નવી ટેરિફ-સંબંધિત ટિપ્પણીઓને પગલે વૈશ્વિક વેપાર અનિશ્ચિતતામાં વધારો થવાને કારણે ભારતીય ઇક્વિટી બજારો આખા અઠવાડિયા દરમિયાન સતત દબાણ હેઠળ રહ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૦.૧૮ ટકા વધીને ૬૨.૧૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. એકંદરે અમેરિકાએ ટેરિફ વધારવા આપેલી ધમકી, ભૂ-રાજકીય તંગદીલી અને એફઆઇઆઇની સતત વેચવાલીને કારણે શેરબજારમાં સતત ચોથા દિવસે પીછેહઠ જોવા મળી હતી. યુએસ ટેરિફ અને એફઆઇઆઇના સતત આઉટફલો અંગે નવી ચિંતાઓ વચ્ચે સેન્ટિમેન્ટ સાવધ બન્યું હોવાથી સ્થાનિક બજારોમાં ઘટાડો આગળ સાથે કોર્પોરેટ કમાણીમાં વૃદ્ધિ અંગે આશાવાદ ધોવાઈ ગયો છે. દરમિયાન, ભારતનો નાણાવર્ષ ૨૦૨૬નો પ્રથમ એડવાન્સ એસ્ટિમેટ જીડીપીમાં મજબૂત વૃદ્ધિનો સંકેત આપે છે, જે ઉત્પાદનમાં સુધારો અને સ્થિતિસ્થાપક સેવાઓ દ્વારા સંચાલિત છે, જે બાહ્ય અવરોધો છતાં થોડો આશાવાદ આપે છે. નજીકના ગાળામાં, બજારો સાવચેત રહેવાની અને ટ્રેડ રેન્જ બાઉન્ડ રહેવાની અપેક્ષા છે, જે ત્રીજા ક્વાર્ટરની કોર્પોરેટ કમાણી અને યુએસ ટેરિફથી પ્રેરિત હશે. ચાંદીના ભાવમાં તીવ્ર તેજી પછી ઘટાડો થવા સાથે હિન્દુસ્તાન ઝિંકના શેરમાં બુધવારના સત્રમાં લગભગ બે ટકાનો કડાકો જોવા મળ્યો હતો. કંપની ભારતમાં ચાંદીની સૌથી મોટો ઉત્પાદક છે અને લઘુત્તમ ૯૯.૯ ટકા શુદ્ધતા સાથે શુદ્ધ ચાંદીનું ઉત્પાદન કરે છે. ટાઇટનના શેરમાં ત્રીજા ક્વાર્ટરના અપડેટ બાદ પાંચ ટકા જેવો ઉછાળો જોવા મળ્યો હતો, જેમાં કંપનીએ સ્ટેન્ડઅલોન ધોરણે ડિસેમ્બર ક્વાર્ટરમાં ૪૦ ટકાનો વાર્ષિક વિકાસ દર જાહેર કર્યો છે. મોર્ગન સ્ટેનલી દ્વારા ઇક્વલ વેઇટેજ પર ડાઉનગ્રેડ થયા પછી ઇન્ડિયન હોટેલ્સ કંપનીના શેરમાં એક ટકાનો કડાકો જોવા મળ્યો હતો. બ્લોક ડીલમાં ૧૩.૨૬ લાખ શેર ટ્રેડ થયા પછી બ્લિસ જીવીએસ ફાર્માના શેર ત્રણ ટકા વધ્યા, એક મહિનાના લોક-ઇન સમયગાળા પછી મીશોના શેરમાં પાંચ ટકાનો કડાકો જોવા મળ્યો હતો.

શેરબજારને માંડ કળ વળી હતી ત્યાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી ઊંબાડિયું કર્યું હોવાથી વિશ્વભરના ઇક્વિટી માર્કેટને ધક્કો લાગ્યો છે. વેનેઝુએલા પર એટેક કરીને તેના પ્રમુખને કબજે કર્યા બાદ તેના ક્રૂડ ઓઇલ પર નિયંત્રણ મેળવવાની કવાયત શરૂ કરવા સાથે ટ્રમ્પે ભારત પર ૫૦૦ ટકા જેવી તોતિંગ ટેફિ ફટકારવાની ચીમકી પણ આપી છે. અત્યાર સુધી કંપની પરિણામા બજારનું ચિત્ર બદલશે એવી આશા હતી, પરંતુ કોર્પોરેટ કમાણીના અહેવાલો પણ મિશ્ર આવી રહ્યાં છે. પરિબળોનું આ મિશ્રણ વ્યાપક બજારમાં ઘટાડો લાવી રહ્યું છે. પાછલા ચાપ સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટી ૫૦ બંનેમાં નોંધપાત્ર નુકસાન જોવા મળ્યું છે. રોકાણકારો ભૂરાજકીય તણાવ, યુએસ ટેરિફની શક્યતા અને અસમાન કોર્પોરેટ કમાણી જેવા મિશ્ર પરિબળો વચ્ચે મૂંછાઇ રહ્યા હોવાથી આશાવાદ ધોવાઇ રહ્યો છે.

# ઇક્વિટી માર્કેટમાં સતત પીછેહઠ સાથે માર્કેટ કેપમાં ₹ ૪.૪૬ લાખ કરોડનો ઘટાડો

મુંબઇઃ શેરબજારમાં સતત પીછેહઠ સાથે સપ્તાહના અંતિમ સત્રમાં રિયલ્ટી, સર્વિસીસ અને યુટિલિટીઝ શેરો સર્વાધિક ઘટ્યા હતા, જ્યારે ઓઈલ એન્ડ ગેસ શેર્સ સર્વાધિક વધ્યા હતા.આ સત્રમાં માર્કેટ કેપમાં રૂ.૪.૪૬ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. આ અગાઉ પાછલા ચાર સત્રમાં માર્કેટ કેપમાં નવેક લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થઇ ચૂક્યું છે.

સેન્સેક્સની ૯ સ્ક્રિપ્સ વધી હતી જ્યારે ૨૧ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૯૦ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૭૪ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૦૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૭૬ ટકા ઘટ્યો હતો.

શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૮૪,૧૮૦.૯૬ના બંધથી ૬૦૪.૭૨ પોઈન્ટ્સ (૦.૭૨ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૪,૦૨૨.૦૯ ખૂલી ઊંચામાં ૮૪,૪૦૬.૨૨ અને નીચામાં ૮૩,૪૦૨.૨૮ સુધી જઈને છેવટે ૮૩,૫૭૬.૨૪ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૨.૨૦ લાખ કરોડથી રૂ. ૪.૪૬ લાખ કરોડ ઘટીને રૂ.૪૬૭.૭૪ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડેક્સમાં ઓઈલ એન્ડ ગેસ ૦.૫૨ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૨૧ ટકા, પીએસયુ બેન્ક ૦.૧૬ ટકા અને એનર્જી ૦.૦૯ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે રિયલ્ટી ૨.૨૨ ટકા, સર્વિસીસ ૧.૮૪ ટકા, યુટિલિટીઝ ૧.૮૨ ટકા, પાવર ૧.૭૯ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૪૧ ટકા ઓટો ૧.૨૨ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૧૪ ટકા, એફએમસીજી ૧.૦૯ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૦૯ ટકા, હેલ્થકેર ૧.૦૫ ટકા કેપિટલ ગુડ્સ ૧.૦૩ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૦૧ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૪૨ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૯૯૦ સ્ટોક્સ વધ્યા હતા, ૩,૧૯૫ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૭૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૩૨૬ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૦ સ્ટોક્સને ઉપલી જ્યારે ૭ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં એશિયન પેઈન્ટ ૧.૩૬ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૮૬ ટકા, બીઈએલ ૦.૭૭ ટકા, રિલાયન્સ ૦.૩૪ ટકા, ઈટર્નલ ૦.૩૨ ટકા, ટેક મહિન્દ્ર ૦.૨૩ ટકા, સ્ટેટ બેન્ક ૦.૨૨ ટકા, તાતા કન્સલ્ટન્સી ૦.૧૨ ટકા અને ઈન્ફોસિસ ૦.૧૦ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે એનટીપીસી ૨.૩૪ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૨૨ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૯૮ ટકા, ઘટ્યા હતા.

# સોનાચાંદીમાં અલ્પ વિરામ બાદ ફરી તેજી, સોનામાં ₹ ૧૩૫૦નો અને ચાંદીમાં ₹ ૫૭૪૫નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સોનાચાંદીમાં એકધારી અને વિક્રમી આગેકૂચ બાદ ગુરુવારે તુલનાત્મક ધોરણે સામાન્ય કહી શકાય એવી પીછેહઠ પછી શુક્રવારના ખૂલતા બજારમાં ફરી ચમકારો જોવા મળ્યો હતો. મુંબઇના ઝવેરી બજાર ખાતે શુદ્ધ સોનાન ભાવ રૂ. ૧,૩૫,૭૭૩ના પાછલા બંધ સામે રૂ. ૧,૪૨૨ ના વધારા સાથે રૂ. ૧,૩૭,૧૯૫ની સપાટી પર અને સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧,૩૫,૨૨૯ના પાછલા બંધ સામે રૂ. ૧,૪૧૭ના સુધારા સાથે રૂ. ૧,૩૬,૬૪૬ની સપાટીએ ખૂલ્યા હતા.

જ્યારે હાજર ચાંદીના ભાવ એક કિલો દીઠ રૂ. ૨,૩૭,૦૬૩ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૨,૯૩૧ના ઉછાળા સાથે રૂ. ૨,૩૯,૯૯૪ની સપાટીએ ખૂલી હતી. નોંધવું રહ્યું કે એકધારી તેજીના ઉછાળા બાદ પ્રોફિટ બુકિંગ સહિતના કારણોસર પાછલા સત્રમાં ગુરુવારે સોનામાં દસ ગ્રામદીઠ રૂ.



૯૦૪ની અને ચાંદીમાં કિલોદીઠ રૂ. ૧૨,૧૭૪ની પીછેહઠ નોંધાઇ હતી.

સત્રને અંતે ૯૯૯ ટચની શુદ્ધતા ધરાવતા શુદ્ધ સોનાના ભાવ દસ ગ્રામે રૂ. ૧,૩૪૯ના ઉછાળા સાથે રૂ. ૧,૩૭,૧૨૨ની સપાટીએ, જ્યારે ૯૯૫ ટચની શુદ્ધતા ધરાવતા સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧,૩૪૪ના ઉછાળા સાથે રૂ. ૧,૩૬,૫૭૩ની સપાટી પર સ્થિર થયા હતા. જ્યારે .૯૯૯ ટચની શુદ્ધતા ધરાવતી હાજર ચાંદીના ભાવ એક કિલોદીઠ રૂ. ૫,૭૪૫ના ઉછાળા સાથે રૂ. ૨,૪૨,૮૦૮ની સપાટીએ સ્થિર થયા હતા.

# વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતનું ફાયર સેફ્ટી માર્કેટ ત્રણ અબજ ડોલરનો આંક વટાવી જશે

મુંબઇઃ દેશમાં આગની વધતી ઘટનાઓને કારણે ભારતના ફાયર સેફ્ટી માર્કેટનો મજબૂત વિકાસ થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં આ માર્કેટનું કદ આશરે ૧.૭૫ અબજ ડોલરથી બે અબજ ડોલર જેવું હતું, જે વધતા શહેરીકરણ, કડક નિયમો અને મોટા માળખાકીય પ્રોજેક્ટ્સને કારણે એક અંદાજ મુજબ ૨૦૩૦ સુધીમાં આશરે દસથી ૧૧ ટકાના સીએજીઆર સાથે ત્રણ અબજ ડોલરને આંબી શકે છે.

આ માટેના મુખ્ય પરિબળોમાં આગ સામે સુરક્ષાને લગતી વધી રહેલી જાગૃતિ, સ્માર્ટ સિટી વિકાસ અને વાણિજ્યિક, ઔદ્યોગિક અને રહેણાંક ક્ષેત્રોમાં અદ્યતન સિસ્ટમ્સની માગનો સમાવેશ થાય છે. જોકે, અગ્નિ સુરક્ષાને હવે હળવાશથી લઈ શકાતી નથી, અને ખાસ કરીને મુંબઈ માટે એક ગંભીર ચેતવણી સમાન છે, એમ ઉદ્યોગના સાધનો જણાવે છે.

તાજેતરમાં દુનિયાભરમાં થયેલી આગની દુર્ઘટનાઓ એ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે આગ જેવી આપત્તિ કેટલી ક્રૂર અને વિનાશક હોઈ શકે છે. નવા વર્ષની ઉજવણી દરમિયાન સ્વિસ આલ્પાઈન બારમાં લાગેલી આગમાં ૪૦ લોકોના મોત થયા અને ૧૧૫થી વધુ લોકો ઘાયલ થયા. ડિસેમ્બરમાં ગોવાના એક નાઇટક્લબમાં લાગેલી આગમાં ૨૫ લોકોનાં મોત થયા અને ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. તે પહેલાં, નવેમ્બરમાં હોંગકોંગના તાઈ પોમાં આવેલા વાંગ ફુક કોર્ટ રહેણાંક સંકુલમાં લાગેલી ભયાનક આગમાં ૧૬૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

આ ઘટનાઓ ભલે અલગ-અલગ દેશોમાં બની હોય, પરંતુ એ તમામ એક જ ગંભીર સંદેશ આપે છેઃ અગ્નિસુરક્ષામાં થયેલી નિષ્ફળતા માનવજીવનનો ભોગ લઈ જાય છે. મુંબઈ જેવા ઘનવસ્તીવાળા શહેર માટે આ ચેતવણી ખાસ મહત્વની હોવાનું જણાવતાં એચડી ફાયર પ્રોટેક્ટ લિમિટેડના સીએમડી હરીશ ધરમશીએ કહ્યું હતું કે, ઊંચી ઇમારતો, જૂની ઈન્ફ્રાસ્ટ્રક્ચર વ્યવસ્થા અને મોલ, ઓફિસ, હોટલ, પરિવહન કેન્દ્રો તથા રહેણાંક સંકુલોમાં સતત રહેતી ભીડને કારણે મુંબઈ આગ સંબંધિત આપત્તિઓ માટે અત્યંત સંવેદનશીલ છે. તેથી અગ્નિસુરક્ષાને માત્ર નિયમોની ફરજ નહીં, પરંતુ જાહેર સલામતીની અગ્રતા તરીકે જોવી જરૂરી છે. અસરકારક અગ્નિસુરક્ષા માટે વ્યૂહાત્મક સ્થળોએ ઉચ્ચ ગુણવત્તાવાળા અને પ્રમાણિત અગ્નિસુરક્ષા સાધનોની સ્થાપના આવશ્યક છે. પાણી આધારિત, ફોમ આધારિત અને ગેસ આધારિત આધુનિક અગ્નિશામક સિસ્ટમ્સ આગને શરૂઆતના તબક્કામાં ઓળખી તેને કાબૂમાં લેવા માટે બનાવવામાં આવી છે. પરંતુ માત્ર સાધનો લગાવવાથી કામ પૂરું થતું નથી.

આ સિસ્ટમ્સનું યોગ્ય ડિઝાઇન, નિયમિત જાળવણી અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબનું પાલન અત્યંત જરૂરી છે.જાહેર જાગૃતિ અને તૈયારી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે.

ઘણી દુર્ઘટનાઓમાં ફાયર એક્સ્ટિંગ્વિશર કેવી રીતે વાપરવું, ઇમરજન્સી બહાર નીકળવાના માર્ગ ઓળખવા અથવા શાંતિથી પ્રતિક્રિયા આપવાની જાણકારીના અભાવે નુકસાન વધી જાય છે. નિયમિત ફાયર સેફ્ટી ડ્રિલ્સ, સ્પષ્ટ સૂચનફલકો, સ્ટાફ ટ્રેનિંગ અને વ્યાપક જનજાગૃતિ અભિયાન દ્વારા સલામતીની સંસ્કૃતિ વિકસાવવી જરૂરી છે. આગ લાગ્યાના શરૂઆતના થોડા મિનિટોમાં યોગ્ય પગલાં લેવામાં આવે તો અનેક જીવ બચાવી શકાય છે.

જવાબદારી અને કડક અમલ પણ અગ્નિસુરક્ષાનો મહત્વનો ભાગ છે. નિયમો હોવા છતાં તેની અસમાન અમલવારી અને નબળી તપાસ પ્રક્રિયાઓ તેની અસર ઘટાડે છે. નિયમિત તૃતીય-પક્ષ તપાસ, નિયમભંગ માટે કડક દંડ અને પારદર્શક રિપોર્ટિંગ વ્યવસ્થા અમલમાં મૂકવાથી સલામતી વધુ મજબૂત બની શકે છે. ઇમારતમાં રહેતા લોકો અને વપરાશકર્તાઓને પણ સુરક્ષાની ખામીઓ સામે અવાજ ઉઠાવવાનો અધિકાર અને હિંમત હોવી જોઈએ.આજના સમયમાં ટેકનોલોજી સ્માર્ટ અગ્નિસુરક્ષા સોલ્યુશન્સ પુરા પાડે છે, જેમાં ઇન્ટિગ્રેટેડ અલાર્મ સિસ્ટમ્સ, પ્રારંભિક ધુમાડા શોધ, રિમોટ મોનિટરિંગ અને સ્વચાલિત અગ્નિશામક વ્યવસ્થાઓનો સમોવશ થાય છે.

મુંબઈમાં ગગનચૂંબી ઇમારતો વધતી જાય છે ત્યારે આ અદ્યતન ટેકનોલોજી અપનાવવી હવે વિકલ્પ નહીં પરંતુ આવશ્યકતા બની ગઈ છે.

અગ્નિસુરક્ષા એક સામૂહિક જવાબદારી છે. બેદરકારી સૌથી મોટો જોખમ છે. જો મુંબઈને ભવિષ્યની દુર્ઘટનાઓથી બચાવવું હોય, તો અગ્નિસુરક્ષા કાગળ પરની પાલન પ્રક્રિયા કરતાં વાસ્તવિક તૈયારીમાં બદલવી પડશે. જાગૃતિ, સજાગતા અને યોગ્ય અગ્નિસુરક્ષા સિસ્ટમ્સ મળીને જ માનવજીવન બચાવી શકે છે.

# રૂપિયામાં ફરી ૨૬ પૈસાનો ધબડકો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને સતત વધતા ભૂ-રાજકીય તણાવ વચ્ચે વિદેશી ભંડોળના બાહ. પ્રવાહને કારણે અમેરિકન ચલણ સામે શુક્રવારે ભારતીય રૂપિયો ૨૬ પૈસા ઘટીને ૯૦.૧૬ (પ્રોવિઝનલ)ની સપાટી પર બંધ થયો હતો.

ફોરેક્સ વેપારીઓના મતે, સ્થાનિક ઇક્વિટી બજારોમાં મજબૂત ગ્રીનબેક અને નબળા સેન્ટિમેન્ટ સ્થાનિક એકમ પર વધુ દબાણ લાવી રહ્યા છે. આંતર-બેંક વિદેશી વિનિમય પર, રૂપિયો ૮૯.૮૮ની સપાટી પર ઊંચા મથાળે ખુલ્યો, પરંતુ દિવસ દરમિયાન તે ઘટીને ૯૦.૧૬ (પ્રોવિઝનલ)ની સપાટી પર સ્થિર થયો, જે તેના અગાઉના બંધ કરતા ૨૬ પૈસા નીચે હતો. દિવસ દરમિયાન, સ્થાનિક ચલણ ૮૯.૮૮ અને ૯૦.૨૫ની વચ્ચે ટ્રેડ થયું હતું

# ફોરેક્સ રિઝર્વમાં ૯.૮૦ અબજ ડોલરનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બીજી જાન્યુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતનું ફોરેક્સ રિઝર્વ (વિદેશી હૂંડિયામણ અનામત) ૯.૮૦૯ અબજ ડોલર ઘટીને ૬૮૬.૮૦૧ અબજ ડોલરની સપાટીએ પહોંચ્યું હોવાનું રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)એ શુક્રવારે જણાવ્યું હતું.

પાછલા રિપોર્ટિંગ સપ્તાહમાં, ફોરેક્સ રિઝર્વ ૩.૨૯૩ અબજ ડોલર વધીને ૬૯૬.૬૧ અબજ ડોલર થયું હતું. બીજી જાન્યુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહમાં, ફોરેક્સ એસેટ્સ, જે અનામતનો મુખ્ય ઘટક છે, તે ૭.૬૨૨ અબજ ડોલર ઘટીને ૫૫૧.૯૯ અબજ ડોલર થઈ ગઈ હોવાનું સેન્ટ્રલ બેંકના ડેટા દર્શાવે છે.

# ભારતની ડેટા સેન્ટર ક્ષમતા ૨૦૩૦ સુધીમાં બમણીથી વધુ થઇ જશે!

નવી દિલ્હીઃ ભારતની ડેટા સેન્ટર ક્ષમતામાં ૨૦૨૫માં બમણીથી વધુ વધારો થયો છે, જે ૩૮૭ મેગાવોટ આઇટી સુધી પહોંચી છે કારણ કે દેશ ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા બજારોમાંના એક તરીકે ઉભરી આવ્યો છે.

એક ગ્લોબલ રિસર્ચ એજન્સીના અહેવાલ મુજબ, આ આંકડો ૨૦૨૪માં ઉમેરાયેલા ૧૯૧ મેગાવોટ આઇટીથી ૧૦૩ ટકાનો વાર્ષિક વધારો દર્શાવે છે. ૨૦૩૦ સુધીમાં, ભારતની કુલ ડેટા સેન્ટર ક્ષમતા ત્રણગણી થવાનો અંદાજ છે, જે ૨૩ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર સાથે ચાર ગીગાવોટ આઇટીથી વધુ પહોંચશે. બજારની માગમાં પણ સતત વધારો જોવા મળ્યો, ડેટા સેન્ટર શોષણ વાર્ષિક પાંચ ટકા વધીને ૨૦૨૫માં ૪૨૭ મેગાવોટ આઇટી થયું, જે પાછલા વર્ષના ૪૦૭ મેગાવોટ આઇટી હતું. ૨૦૨૫ના અંત સુધીમાં કુલ ઓપરેશનલ સ્ટોક ૧.૫ ગીગાવોટ આઇટી સુધી પહોંચ્યો, જેમાંથી ૩૩ ટકા ક્ષમતા હાઇપરસ્કેલર્સને સમર્પિત હતી.

હાઇપરસ્કેલર્સ અને એન્ટરપ્રાઇઝના મિશ્રણને સેવા આપતી સુવિધાઓનો હિસ્સો ૫૯ ટકા હતો, જ્યારે એન્ટરપ્રાઇઝ-માત્ર સ્ટોક આઠ ટકા હતો. મુંબઈ અને ચેન્નાઈ માગના મુખ્ય ચાલક રહ્યા, જે ૨૦૨૫માં કુલ ઉપભોગનો સિત્તેર ટકા હિસ્સો ધરાવે છે.

“મુંબઈએ તેનું નેતૃત્વ જાળવી રાખ્યું, ૨૦૨૫માં કુલ વપરાશમાં ૪૮ ટકા યોગદાન આપ્યું, ત્યારબાદ ચેન્નઇ ૨૨ ટકા અને ટાયર-ટુ શહેરોએ કુલ વપરાશમાં સાત ટકા યોગદાન આપ્યુ હતું. પુરવઠા બાજુએ, મુંબઈ એકંદર પુરવઠામાં તેના યોગદાનના ૩૪ ટકા સાથે પેકનું નેતૃત્વ કર્યું હતું, ત્યારબાદ દિલ્હી-એનસીઆર (૨૦ ટકા) અને ચન્નાઈ ૧૯ ટકા સાથે આવે છે, એમ રિપોર્ટમાં જણાવાયું છે.

એન્ટરપ્રાઇઝ અને હાઇપરસ્કેલ માગ બંને દ્વારા સંચાલિત ૨૦૨૫માં ડેટા સેન્ટર ઉપભોગ ૪૩૦ મેગાવોટ હોવાનો અંદાજ છે, ભારતનો ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ મજબૂત ગતિ પકડી રહ્યો છે. ઉદ્યોગો દ્વારા ક્લાઉડ અપનાવવામાં વધારો વૈશ્વિક હાઇપરસ્કેલર્સ અને સ્થાનિક ક્લાઉડ ખેલાડીઓની માગને વેગ આપી રહ્યો છે, જ્યારે નીતિ સપોર્ટ અને ખર્ચ લાભો દ્વારા સમર્થિત વિશાખાપટ્ટનમ જેવા ઉભરતા સ્થળો ડેટા સેન્ટર ડેસ્ટિનેશન તરીકે ભારતના આકર્ષણને મજબૂત બનાવી રહ્યા છે.

મુખ્ય મહાનગરો ઉપરાંત, ફાઇવ-જીના રોલઆઉટ અને મોબાઇલ સ્ટ્રીમિંગ અને ડિજિટલ સેવાઓનો વધતો ઉપયોગ સ્થાનિક ડેટા અને લેટન્સી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ટાયર ટુ શહેરોમાં હાઇપરસ્કેલ માગને વેગ આપી રહ્યો છે, એમ રિપોર્ટમાં જણાવાયું હતું.

રિપોર્ટ અનુસાર ૨૦૨૬ માટેનો અંદાજ સતત વિસ્તરણ સૂચવે છે, જેમાં ક્ષમતા વધારા ૬૦૦ મેગાવોટ આઇટીથી વધુ થવાની ધારણા છે અને ઉપભોગ ૫૦૦ મેગાવોટ આઇટીને વટાવી જવાનો અંદાજ છે. ક્લાઉડ અપનાવવા અને એસએએએસ અને એઆઇ વર્કલોડના વિસ્તરણ, ટિયર-ટુ અને ટિયર-થ્રી શહેરોમાં એજ ડેટા સેન્ટર્સના વિસ્તરણ દ્વારા વૃદ્ધિને વેગ મળ્યો છે. પૂર્વીય અને ઉત્તરપૂર્વીય ભારતના પ્રવેશદ્વાર તરીકેની વ્યૂહાત્મક સ્થિતિ અને આગામી અંડર-સી કેબલ લેન્ડિંગ સ્ટેશનને કારણે, કોલકાતા ૪૮ ટકાના સીએજીઆર સાથે આગળ રહેવાની અપેક્ષા છે. હૈદરાબાદ (૪૪ ટકા) અને અમદાવાદ (૨૬ ટકા) પણ મજબૂત ગતિ જોઈ રહ્યા છે, જે આઇટી, આઇટીઝ અને ઉત્પાદન ક્ષેત્રોમાં વૃદ્ધિને સમર્થન આપે છે.

બેંગલુરુ માટે ૨૦ ટકાનો અંદાજિત સીએજીઆર સૂચવવામાં આવ્યો છે. મુંબઈ અને ચેન્નાઈ, જે પહેલાથી જ સૌથી મોટા ડેટા સેન્ટર બજારો છે, અનુક્રમે ૨૨ ટકા અને ૧૮ ટકાના સીએજીઆર પર સતત વૃદ્ધિ કરી રહ્યા છે, એમ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે.



રાજકોટમાં આગામી તા.૧૧ અને ૧૨ જાન્યુઆરીએ પ્રથમ વખત કચ્છ-સૌરાષ્ટ્ર વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ યોજાવાની છે. તે માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. (પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં કાતિલ ઠંડીનો રૌફઃ નલિયાનું ૪.૮ ડિગ્રી સે.લઘુતમ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડમાં થઇ રહેલી ભારે બરફવર્ષાની અસર હેઠળ, સૂકા રણપ્રદેશ કચ્છમાં પણ શિયાળાએ જાણે હવે તેનો રૌફ જમાવ્યો હોય તેમ સમગ્ર જિલ્લામાં કાતિલ ઠંડી પડી રહી છે અને જનજીવન મૂર્છિત બન્યું છે.

ભારત-પાકિસ્તાનની સીમા નજીકના કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે લઘુતમ તાપમાન ૪.૮ ડિગ્રી સે. પર પહોંચતાં આ તાલુકામાં ભારે ઠંડી પડી રહી છે. આજે પણ નલિયા રાજ્યનું સૌથી ઠંડું મથક બનવા પામ્યું છે.

જ્યારે ભુજમાં લઘુત્તમ તાપમાનનો પારો ૧૦ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યો છે. કચ્છમાં આજે મહત્તમ તાપમાન પણ ૨૪ ડિગ્રી સે.પર પહોંચતા દિવસભર લોકોને કાતિલ ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે. અધૂરામાં પૂરું સતત ઉત્તર દિશાએથી વેગીલા વાયરાઓએ ઠંડીની ધાર વધુ તેજ બનાવતાં બપોરે પણ વહેલી સવાર જેવી ઠંડી પડી રહી છે. ભુજ, નલિયા સહિતના મોટાભાગના સ્થળોએ સમીસાંજથી જ લોકો શેરી રસ્તાઓ પરથી ગાયબ થઇ ગયા છે. ■

# માંડવીમાં ચાલતા ઓનલાઈન ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશ, એક શખ્સ ઝડપાયોઃ એક ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ધીરે-ધીરે દેશના લોકો વચ્ચે લોકપ્રિયતા ગુમાવી રહેલી ક્રિકેટ મેચો પર રમવામાં આવતો સટ્ટો હવે જાણે બારમાસી બની ગયો હોય તેમ ભારત સિવાયના દેશોની ક્રિકેટ મેચ પર બંદરીય માંડવી શહેરમાં ચાલતા ઓનલાઇન ક્રિકેટ સટ્ટાનો સ્થાનિક પોલીસે પર્દાફાશ કરી, સટ્ટો રમાડતા શખ્સને ઝડપી લીધો હતો, જ્યારે અન્ય એક હાજર મળ્યો ન હતો. આ અંગે માંડવી પોલીસમાં નોંધાયેલી વિગતો મુજબ માંડવીમાં સરફરાજ અનવર લોઢિયા (રહે. કોડાય) અને સલીમ સિદિક સાટી (રહે. મુંદરા) ક્રિકેટ મેચ ઉપર ઓનલાઈન સટ્ટાનો જુગાર રમતા હોવા અંગેની પૂર્વ બાતમીના આધારે સરફરાજને ઝડપી લેવામાં આવ્યો હતો.

આ શખ્સ ક્રિકેટ પર જુગાર રમવા મોબાઈલથી ઓનલાઈન સોદા નાખી તેમજ ગૂગલ પે મારફતે નાણાકીય વ્યવહાર કરતો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

પોલીસે તેની પાસેથી રોકડા રૂ. ૨૮,૫૦૦, એક મોબાઈલ ફોન કિ. રૂ. ૫૦૦૦ તથા જુગારના હિસાબનો ચોપડો એમ કુલે રૂ.૩૩,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. માંડવી પોલીસે આ બન્ને વિરુદ્ધ જુગાર ધારા તળે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભુજની જથ્થાબંધ બજારમાં ત્રાટકેલા ખોરાક તથા ઔષધ નિયમન તંત્ર દ્વારા ગોળ, ચીકી સહિત શંકાસ્પદ ખાદ્ય પદાર્થોનો જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દૂષિત પાણી અને બિન આરોગ્યપ્રદ સ્ટ્રીટ ફૂડના લીધે ફાટી નીકળેલા ટાઇફોડના રોગચાળા વચ્ચે હરકતમાં આવેલાં ખોરાક તથા ઔષધ નિયમન તંત્ર દ્વારા હાલ રાજ્યભરમાં સઘન તપાસ ચલાવાઈ રહી છે તેવામાં જિલ્લા મથક ભુજ ખાતે ભુજિયા ડુંગરની ગોદમાં આવેલી જથ્થાબંધ બજારમાં ગોળ સહિતનો શંકાસ્પદ અખાદ્ય ખોરાકનો જથ્થો સીઝ કરવામાં આવતાં વેપારી આલમમાં ચકચાર પ્રસરી હતી.

આગામી ઉતરાયણ પર્વ નિમિત્તે મોટાપાયે ખરીદવામાં આવતી ચીકીની વિવિધ વેરાયટીઓને બનાવવા વપરાશમાં લેવાતાં ગોળ,તલ, ખાંડ જેવાં રો-મટિરિયલની ચકાસણી અર્થે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ડેઝિગ્નેટેડ ઓફિસર એ.બી. પટેલનાં માર્ગદર્શન હેઠળ ફૂડ સેફ્ટી ઓફિસર એમ.એમ. પટેલ તથા એસ.બી. પટેલ દ્વારા ભુજની જથ્થાબંધ બજારમાં આકસ્મિક તપાસ હાથ ધરાઈ હતી.

વિવિધ પેઢીઓની તપાસમાં વેચાણ કરાતા ગોળ તથા ચીકી સહિતના અન્ય ખાદ્ય પદાર્થોની શંકાના આધારે મે. મોમાઈ ટ્રેડર્સ, માર્કેટ યાર્ડ ભુજમાંથી એફ.બી.ઓ. ચૌધરી દિનેશ ગંગાદાસ હસ્તકના વડેચા દેશી ગોળ, 'જૈનમ દેશી ગોળ ૯૦૦ ગ્રામનો નમૂનો લઈને પૃથક્કરણ અર્થે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની પ્રયોગશાળામાં મોકલી અપાયો હતો.

આ ઉપરાંત વધેલા ૧૨ પેટી જેટલા રૂ.૧૦૮૧૨ના રો-મટિરિયલના જથ્થાને પૃથક્કરણ અહેવાલ ન આવે ત્યાં સુધી સ્થળ પર જ સીઝ કરાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# ભુજના હમીરસર તળાવમાંથી વૃદ્ધાનો મૃતદેહ મળતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરની વૈશ્વિક ઓળખસમા હમીરસર તળાવમાંથી ૬૬ વર્ષીય વિદ્યાબેન સંજયભાઇ શાહ નામનાં વૃદ્ધાનો મૃતદેહ મળી આવતાં શહેરભરમાં ભારે ચકચાર મચી હતી. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, ભુજમાં હમીરસર તળાવમાં વંદે માતરમ્ ગાર્ડન, ઉપલીપાળ પાસે મહિલાની તરતી લાશ દેખાતાં જાગૃત નાગરિકોએ પોલીસને જાણ કરી હતી. એ-ડિવિઝન પોલીસે આ અંગે ભુજની ફાયર ટીમને કોલ કરતાં તેમના તરવૈયાઓએ તળાવમાંથી લાશ બહાર કાઢી હતી. એ-ડિવિઝન પોલીસે ઓળખ જાણવા છાનબીન આદરતાં ૬૬ વર્ષીય વિદ્યાબેન સંજયભાઇ શાહ (રહે. ભક્તિ પાર્કની સામે, ભુજ) હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃત્યુ પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.■

# ભચાઉના નંદગામ પાસે જ્વલનશીલ પ્રોપેન ગેસ ભરેલું ટેન્કર ટ્રક પાછળ ટકરાતાં ચાલકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના નંદગામ નજીકના વ્યસ્ત ધોરીમાર્ગ પર સાઈડમાં ઊભેલી ટ્રકની પાછળ અત્યંત જ્વલનશીલ પ્રોપેઈન ગેસ ભરેલું ટેન્કર ટકરાતાં સર્જાયેલા અકસ્માતમાં ટેન્કરના ચાલક રાણાપ્રતાપ રામનવલસિંઘ (ઉ.વ.૩૮)એ જીવ ખોયો હતો. ઘટનાસ્થળે દોડી ગયેલા ભચાઉ અગ્નિશમન દળે સાવધાનીપૂર્વક અકસ્માતગ્રસ્ત વાહનોને છૂટાં પાડી દેતાં મોટી દુર્ઘટના બનતાં અટકાવી હતી.

કંડલાથી પ્રોપેઈન ગેસ ભરીને ભચાઉના ધોરીમાર્ગ પર પસાર થઇ રહેલું ટેન્કર નંદગામ નજીક પહોંચ્યું ત્યારે સાઈડમાં ઉભેલી ટ્રકની પાછળ અથડાઈ હતી. પ્રોપેઈન ભરેલાં આ ટેન્કરની પાછળ આવતાં વાહનોમાં પણ જ્વલનશીલ પ્રોપેઈન ભરેલું હતું. આ અકસ્માતમાં ટેન્કર ચાલક રાણાપ્રતાપનું ગંભીર ઇજાઓને પગલે મોત નીપજ્યું હતું. બનાવ સ્થળે દોડી ગયેલી પોલીસ અને અગ્નિશમન દળના ફાયર ફાઇટરોએ અત્યંત સાવધાનીપૂર્વક પ્રોપેઇન ગેસ ભરેલા ટેન્કરમાં ફસાઈ ગયેલા ચાલકને બહાર કાઢયો હતો અને બાદમાં પાછળ પ્રોપેઈન ભરેલાં અન્ય વાહનોને સલામત રીતે દૂર ખસેડી લેતાં મોટી હોનારત ટાળી હતી. ■

# બગદાણાના કોળી યુવાન પરના હુમલા પ્રકરણમાં તમામ આરોપીના વધુ ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ બગદાણા કોળી યુવાન પરના ચકચારી હુમલા પ્રકરણમાં તપાસ કર રહેલ સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ (સીટ) દ્વારા તમામ આરોપીના કોર્ટમાંથી વધુ ત્રણ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. દરમિયાન ૧૧ દિવસની સારવાર બાદ નવનીત બાલધીયાને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

ભાવનગર સહિત સમગ્ર રાજ્યમાં ચર્ચાસ્પદ બનેલા બગદાણા કોળી યુવાન નવનીત બાલધીયા ઉપર થયેલા હુમલા પ્રકરણે તપાસ કરી રહેલ સીટની ટીમ દ્વારા મહુવા કોર્ટમાં રજૂ કરી તમામ આરોપીના વધુ ત્રણ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. અને તમામ આરોપીની ફરી પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૨૯ ડિસેમ્બરના રોજ બગદાણાના નવનીત બાલધીયા નામના કોળી યુવાન ઉપર ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. ૧૧ દિવસની સારવાર બાદ આજે મહુવા હોસ્પિટલમાંથી નવનીત બાલધીયા ને રજા આપવામાં આવી છે. આ હુમલાની ઘટનામાં નવનીત બાલધીયા પર લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીર પર હુમલો કરાવવાનો ગંભીર આરોપ લાગ્યો હતો.

આ હુમલાને કારણે સમગ્ર કોળી સમાજમાં ભારે રોષ વ્યાપ્યો હતો. કોળી સમાજના ધારાસભ્યો અને સાંસદોએ આ મામલે મુખ્યમંત્રીને રજૂઆત કરી ન્યાયની માંગણી કરી હતી. સમગ્ર ઘટનાની તપાસ હાલ સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) દ્વારા ચલાવવામાં આવી રહી છે. ■

# રણોત્સવમાં બંદોબસ્તમાં આવેલી એસઆરપી ટુકડીના બસચાલકનું હૃદયરોગના તીવ્ર હુમલાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાતીગળ પ્રદેશ કચ્છના ધોરડો ખાતે ચાલી રહેલા રણોત્સવમાં બંદોબસ્ત અર્થે ભચાઉથી આવેલી એસઆરપીની ટુકડીના બસના ડ્રાઈવર એવા મહોબતસિંહ ખેંગારજી સોઢા (ઉં. વ. ૪૬)નું હૃદયરોગના હુમલાથી મોત થતાં ગમગીની પ્રસરી હતી. ધોરડોના સફેદ રણમાં દર વર્ષે યોજાતા રણોત્સવ દરમ્યાન વિવિધ પોલીસ જવાનો ઉપરાંત ભચાઉથી એક એસઆરપીની ટુકડી બંદોબસ્ત અર્થે આવે છે. આ ટુકડીની બસના ડ્રાઈવરનાં સ્થાને અન્ય ડ્રાઈવર એવા મહોબતસિંહ સોઢા (રહે. પોલીસ લાઈન, એસઆરપી,ભચાઉ) આવ્યા હતા અને સાંજે ધોરડો પોલીસ મથકના મેદાનમાં સ્ટેજ ઉપર હતા ત્યારે અચાનક બેભાન થઈ ગયા હતા. તેઓને ૧૦૮ મારફત પ્રથમ ભીરંડિયારા, ત્યારબાદ ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં લઈ અવાતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

પ્રાથમિક તપાસમાં તબીબે હૃદયરોગના હુમલાથી મોત થયાનું કારણ દર્શાવ્યું છે. મૃતકના પરિવારમાં તેના અન્ય ભાઈઓના પણ મૃત્યુ હૃદયરોગના હુમલાથી થયાની વિગતો સંબંધિતો પાસેથી મળી હોવાનું બી-ડિવિઝન પોલીસના પીએસઆઈ કે. એચ.આહીરે જણાવ્યું હતું. ■

# ભાવનગરમાં આંખોના રોગો અને મોતિયો નિદાન કેમ્પ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર અને વી સી લોઢા વાળા હોસ્પિટલ પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિકિલનીક અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર દ્વારા આંખોના રોગો નો નિદાન અને મોતિયો નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૦ને શનિવાર સવારે ૧૧ થી ૧૨.૩૦ બપોર સુધી રેડક્રોસ ભવન દીવાનપરા રોડ, ભાવનગર ખાતે યોજાશે. જેમાં મોતિયો, જામર, વેલ, પરવાળા વગેરે અંગેની તપાસ કરી જરૂરીયાતમંદ દર્દીને વિનામૂલ્યે મોતિયો ના ઓપરેશન કરી આપવામાં આવશે તપાસ માટે વહેલા તે પહેલાંના ધોરણે દર્દીઓની તપાસ કરવામાં આવશે. કેમ્પમાં આંખોના નંબર અને ચશ્માં કાઢી આપવાની વ્યવસ્થા કરેલ નથી માત્ર મોતિયો અને અન્ય આંખોના રોગો અંગેનો કેમ્પ છે. કેમ્પમાં જીલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી ભાવનગર અને લોઢાવાળા હોસ્પિટલના સહયોગથી ડો.ધ્રુવિલભાઈ નાયક વિનામૂલ્યે આંખ તપાસ કરી આપશે તથા ઓપરેશન જરૂરતવાળાને રેડક્રોસના સહયોગથી લોઢાવાળા હોસ્પિટલ પથિકાશ્રમ પાસે ગંગાજળિયા તળાવ ભાવનગર ખાતે વિનામૂલ્યે અદ્યતન ફેકો મશીન દ્વારા ટાંકા વગરના મોતિયાના ઓપરશાન કરી નેત્રમણી મૂકી અપાશે. ■

# ભાવનગરના આંગણે વિવેકાનંદ કેન્દ્ર દ્વારા સામૂહિક "સૂર્યનમસ્કાર મહાયજ્ઞ"નું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં અધ્યાત્મ પ્રેરિત સેવા સંગઠન વિવેકાનંદ કેન્દ્ર (કન્યાકુમારી શાખા)ના માધ્યમથી દેશના યુવાનો સંકલ્પબદ્ધ બની પોતાના જીવન ઉત્કર્ષ સાથે સમાજ માટે પ્રેરક દિશામાં કાર્યરત બને તેવા સંકલ્પથી જુદા જુદા કાર્યક્રમો ચલાવવામાં આવે છે. જેના ભાગરૂપે ભાવનગર શહેરમાં સામૂહિક સૂર્ય નમસ્કાર યોજાશે.

વર્તમાન સમયમાં ખાસ કિશોરાવસ્થામા યુવક યુવતીઓ માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે યોગ અને વ્યાયામ આધારિત જરૂરી સૂર્યનમસ્કાર રોજિંદા જીવનમાં અપનાવી નાની નાની વાતોમાં થતા સ્ટ્રેસથી બચવા માટે દિનચર્યામા સૂર્યનમસ્કારનો ઉમેરો કરી અભ્યાસ અને રોજિંદા જીવનની સમસ્યાઓને સરળતાથી પાર કરી શકે માટે વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારી શાખા ભાવનગર દ્વારા સૂર્યનમસ્કાર મહાયજ્ઞ ૨૦૨૬નું આયોજન ૧૧, જાન્યુઆરીના રોજ સવારે ૭ થી ૯ વાગ્યા સુધી શાંતિલાલ શાહ આલ્ફ્રેડ હાઈસ્કૂલ ક્રિકેટ મેદાન ખાતે યોજાશે. આ કાર્યક્રમ દરમિયાન છેલ્લા પંદર દિવસથી કેન્દ્રનાં યોગ પ્રશિક્ષક કાર્યકર્તાઓ દ્વારા સૂર્યનમસ્કાર માટે પ્રશિક્ષણ લઈ રહેલા ધોરણ ૮, ૯ અને ૧૧ના કિશોર કિશોરીઓ ભાગ લેશે.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ભાવનગર સ્ટેટ કુંવરીબા બ્રીજેશ્વરીકુમારી ગોહિલ અને આ કાર્યક્રમમાં વિશેષ સાનિધ્ય વિવેકાનંદ કેન્દ્રનાં સહ પ્રાંત પ્રમુખ ડો ચિંતનસિંહ ચુડાસમા, તથા યોગ ગુરુ ડો આર.જે. જાડેજા ની ઉપસ્થિતિ રહેશે. ■

# શિક્ષણ પ્રધાન રિવાબા જાડેજા વીડિયો કોન્ફરન્સથી સરપ્રાઈઝ ચેકિંગ કર્યું

## આચાર્યો પાસે માગી વિગત

અમદાવાદઃ રાજ્યકક્ષાનાં શિક્ષણ પ્રધાન રિવાબા જાડેજા અત્યારે એક્શન મોડમાં છે અને સતત શાળાનું સરપ્રાઈઝ ચેકિંગ કરી રહ્યાં છે. શિક્ષણ પ્રધાન રિવાબા જાડેજાએ પ્રાથમિક શાળાના આચાર્યો, બીઆરસી અને સીઆરસી સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા આકસ્મિક નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણ દરમિઆન રિવાબા જાડેજાએ શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા અને મધ્યાહન ભોજનની વ્યવસ્થા અંગે ઝીણવટભરી માહિતી મેળવી હતી. રિવાબા જાડેજાએ ચાલુ વીડિયો કોન્ફરન્સમાં જ આચાર્યોને વર્ગખંડમાં જઈને શિક્ષકો વિદ્યાર્થીઓને કેવી રીતે ભણાવે છે તેની વિગતો લીધી હતી. આ સાથે સરકારી યોજનાઓનો અમલ કેવી રીતે થાય છે તે અંગે તપાસ કરવા માટે પણ નિર્દેશ કર્યો હતો. વિદ્યાર્થીઓને આપવામાં આવતા મધ્યાહન ભોજનની ગુણવત્તા, સીઆરસી દ્વારા થતી નિયમિત મુલાકાતો મામલે પણ શિક્ષણ પ્રધાને વિગતો લીધી હતા. મળતી જાણકારી પ્રમાણે શાળામાં આચાર્યોની હાજરી, તેમની કામગીરી અને બાળકોને કેવું શિક્ષણ આપવામાં આવે છે તે અંગે પણ વિગતવાર પૂછપરછ કરવામાં આવી હતી. ■

# વિસાવદરમાં બાળકને ફાડી ખાનાર સિંહણ પાંજરે પુરાઈ, મિસફાયરથી વનકર્મીનું મોત થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામે સિંહણનો ભય ફેલાયો હતો. છેલ્લા ત્રણ દિવસથી ફેલાયેલા ભયના માહોલ વચ્ચે સિંહણને પાંજરે પુરાવામાં આવી હતી. સિંહણે ચાર વર્ષના માસૂમ બાળકનો શિકાર કર્યો હતો. જેથી સિંહણને પકડવા ઓપરેશન દરમિયાન વન વિભાગના નિષ્ઠાવાન ટ્રેકર અશરફ ચૌહાણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. ગુજરાતના વન વિભાગના ઇતિહાસમાં આ પ્રથમ એવી ઘટના છે જેમાં ટ્રેન્ક્યુલાઈઝર ગનના મિસ ફાયરને કારણે કોઈ વનકર્મીનું મૃત્યુ નીપજ્યું હોય. આથી વન કર્મચારીઓ પોતાનો એક દિવસનો પગાર અશરફ ચૌહાણને આપવાનો નિર્ણય કર્યો હતો.

વિસાવદરના નાની મોણપરી ગામે ખેત મજૂરના ચાર વર્ષના માસૂમ બાળકને સિંહણે ફાડી ખાધો હતો. જેના કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

ખૂનખાર બનેલી આ સિંહણને પકડવા માટે વન વિભાગ દ્વારા તાત્કાલિક મેગા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. વન વિભાગનો સ્ટાફ અને ટ્રેન્ક્યુલાઈઝર ટીમ આધુનિક સાધનો સાથે તુવેરના ખેતરોમાં સિંહણની શોધખોળ કરી રહી હતી. તુવેરના ઊંચા પાક વચ્ચે જ્યારે વન વિભાગની ટીમ પાંજરું ગોઠવતી હતી. જેથી વન કર્મીએ સિંહણને બેભાન કરવા માટે ટ્રેન્ક્યુલાઈઝર ટીમ દ્વારા ફાયર કરવામાં આવ્યું હતું.

સિંહણને બેભાન કરવા ફાયર કરવામાં આવ્યું તે ઝેરી ઇન્જેક્શન સિંહણને વાગવાને બદલે ત્યાં હાજર ટ્રેકર અશરફભાઈ અલારખાભાઈ ચૌહાણના ખભાના ભાગે વાગ્યું હતું. જેના કારણે અશરફભાઈની તબિયત લથડી હતી. હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ તેમનું કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે ખૂનખાર સિંહણને સીમર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં તેની વર્તણૂક અને તેની આક્રમકતાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવશે. ■

# ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે નકલી નોટ કેસમાં વધુ બે આરોપી ઝડપાયા, એક હજુ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચ ટીમ દ્વારા પાંચ જાન્યુઆરીએ રેલવે સ્ટેશન રોડ નજીકથી એક ઈસમને ૨૦૦ ના દરની ૩૪૩ નકલી ચલણી નોટો સાથે ઝડપી પાડ્યો હતો. આમાં પોલીસે મોબાઇલ અને સ્કુટર સહિત રૂપિયા ૫૫,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો અને આરોપી સામે કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસમાં હવે આરોપીએ તેના બે મિત્રોને ૨૦૦ના દરની નકલી નોટો આપી હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે તે બંને મિત્રોની પણ ધરપકડ કરી લીધી છે.

ક્રાઇમ બ્રાન્ચ દ્વારા પાંચ જાન્યુઆરીના રોજ બાતમી આધારે શહેરના રેલવે સ્ટેશન રોડ નજીક રાજપરાગામ સિહોરનો રહેવાસી અજય ઉર્ફે ઘુઘો પોપટભાઇ બુધેલીયાની ધરપકડ કરી હતી. અજય ઉર્ફે ઘુઘો પોપટભાઇ બુધેલીયા પાસેથી ડુપ્લીકેટ ચલણની નોટો મળી આવી હતી. પોલીસે તેની પાસેથી નકલી નોટ અને મુદ્દામાલને કબ્જે કરીને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. આરોપી સાથે વધારે પુછપરછ કરવામાં આવી ત્યારે અન્ય બેના નામ જાણવા મળ્યાં હતાં. જેથી પોલીસે વિશાલ બહાદુર વાઘેલા અને ચંદ્રસિંહ સોલંકી ભાવનગર રહેવાસીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન વિશાલ વાઘેલા અને ચંદ્રસિંહ સોલંકી ઝડપી પાડ્યા હતા અને બન્ને પૂછપરછ અને તપાસ દરમિયાન વિશાલ વાઘેલાને ૨૦૦ના દરની કુલ પાંચ નોટો આપી હતી. જેમાં તેને બે નોટો ફાડી નાખી હતી અને પોલીસે બે નકલી નોટો કબજે કરી હતી અને અન્ય શખ્સ ચંદ્રસિંહ વાઘેલાને ૨૦૦ દરની નકલી ૧૫ નોટો આપેલી હતી જેમાં તેને ૧૪ નોટો ફાડી નાખી હતી અને ૧ નોટ પોલીસે કબજે કરી હતી. આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરી દેવામાં આવી હતી. ■

# સૌરાષ્ટ્રમાં પોલીસ ભરતીની તૈયારી કરતો યુવક ગ્રાઉન્ડ પર જ ઢળી પડી મોતને ભેટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોલીસની ભરતી આવી રહી છે ત્યારે એ માટે તૈયારીઓ કરનારા યુવાનો માટે સમગ્ર રાજ્યના પોલીસ ગ્રાઉન્ડ ખુલ્લા મુકાશે. પોલીસની સાથે એસઆરપી વગેરેના ગ્રાઉન્ડ પર પણ યુવાનો તૈયારી કરી શકશે. હર્ષ સંઘવીની આ જાહેરાત બાદ અનેક યુવાનો તૈયારીમાં લાગી ગયા છે.

આ દરમિયાન અમરેલીના જાફરાબાદમાંથી ટ્રાફિક બ્રિગેડમાં ફરજ બજાવતા અને પોલીસ ભરતીની તૈયારી કરતા ૨૪ વર્ષીય યુવકનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું હતું.

યુવકને સવારના સમયે વોકિંગ દરમિયાન અચાનક છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. જેથી તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. યુવકની હાલત ગંભીર હોવાથી તેને વધુ સારવાર માટે જાફરાબાદથી રાજુલા લઈ જવામાં આવતો હતો ત્યારે રસ્તામાં જ તેનું મોત થયું હતું. મૃતક યુવક જાફરાબાદમાં ટીઆરબી જવાન તરીકે ફરજ બજાવતો હતો અને સાથે સાથે તે પોલીસ ભરતી માટેની તૈયારી પણ કરતો હતો. પરંતુ ખાખી વર્દી પહેરવાનું તેનું સ્વપ્ન પૂરું થાય તે પહેલા જ મોત થતાં પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા.

યુવકના મોતના પગલે જાફરાબાદ પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. તાજેતરમાં આવેલા એક રિપોર્ટ પ્રમાણે, રાજ્યમાં હાર્ટ એટેકથી છેલ્લાં પાંચ વર્ષમાં ૨.૯૭ લાખ લોકોનાં મૃત્યુ થયાં છે. હાર્ટ એટેકથી મોતની સંખ્યામાં નવ ગણો વધારો થયો છે. રાજ્યમાં દરરોજ સરેરાશ ૨૦૫ લોકોના હાર્ટ એટેકથી મૃત્યુ થઈ રહ્યાં છે. ગુજરાતમાં જે કારણથી સૌથી વધુ મૃત્યુ થાય છે તેમાં હાર્ટ એટેક મોખરે છે. ■

# ચોટીલામાં ચાર કરોડથી વધુની કિંમતના દારૂનો નાશ કરાયો,

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચોટીલા અને નાની મોલડી પોલીસ સ્ટેશન દ્વારા જપ્ત કરાયેલા વિદેશી દારૂનો આજે નાશ કરવામાં આવ્યો હતો. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ચોટીલાના ઝરિયા મહાદેવ રોડ પર આવેલી સરકારી ખરાબાની ખુલ્લી જમીન પર સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ એચટી મકવાણાની અધ્યક્ષતામાં વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં કુલ ૫૩,૯૪૭ દારૂની બોટલોનો નાશ કરવામાં આવ્યો હતો. જેની અંદાજિત કિંમત ૪,૧૦,૯૬,૬૨૩ રૂપિયા આંકવામાં આવી છે. ■

# સોમનાથમાં સાધુ-સંતોની ભવ્ય ડમરું યાત્રા,

## 'હર હર મહાદેવ'ના નાદથી નગર ગુંજ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોમનાથના પાવન પ્રભાસક્ષેત્રમાં ચાલી રહેલા ઐતિહાસિક સોમનાથ સ્વાભિમાન પર્વના બીજા દિવસે ૫૦૦થી વધુ સાધુ-સંતોની ભવ્ય ડમરું યાત્રા યોજાઈ હતી. આ યાત્રાને કારણે સમગ્ર સોમનાથ નગર હર હર મહાદેવના નાદ ગુંજ્યાં હતાં. સોમનાથમાં ભવનાથ જેવું વાતાવરણ સર્જાયું હતું. આ ડમરું યાત્રા શંખ સર્કલથી શરૂ થઈ હમીરજી સર્કલ થઈને સોમનાથ મહાદેવ મંદિર સુધી પહોંચી હતી. ■